नमो नमो निम्मलदंसणस्स

बाल ब्रह्मचारी श्री नेमिनाथाय नमः

पूज्य आनन्द-क्षमा-ललित-सुशील-सुधर्मसागर-गुरूभ्यो नमः

આગમ- ૪૧/૨

# ઓઘનિર્યુક્તિ

આગમસૂત્ર ગુજરાતી ભાવાનુવાદ


અનુવાદક અને સંપાદક

આગમ દિવાકર મુનિદીપરત્નસાગરજી

[ M.Com. M.Ed. Ph.D. श्रुत महर्षि ]



'આગમ ગુજરાતી અનુવાદ શ્રેણી પુષ્પ–૪૧/૨

नमो नमो निम्मलदंसणस्स

बाल ब्रह्मचारी श्री नेमिनाथाय नम:

पूज्य आनन्द-क्षमा-ललित-सुशील-सुधर्मसागर-गुरूभ्यो नम:

# (૪૧/૨) ઓઘનિર્યુક્તિ

## આગમસૂત્ર ગુજરાતી ભાવાનુવાદ

પ્રકાશન તારીખ 30/03/2020 સોમવાર તિથી- ૨૦૭૬, ચૈત્ર સુદ-૬

અનુવાદક અને સંપાદક

આગમ દિવાકર મુનિ દીપરત્નસાગરજી

[M.Com. M.Ed. Ph.D. श्रुत महर्षि]

∞∞: સંપર્ક :∞∞

જૈનમુનિ ડૉ૦ દીપરત્નસાગર [M.Com., M.Ed., Ph.D., श्रुतमहर्षि]

Email: - jainmunideepratnasagar@gmail.com Mob Mobile: - 09825967397

Web address:- 1) www.jainelibrary.org, 2) Deepratnasagar.in

-: ટાઈપ સેટિંગ :-

આસુતોષ પ્રિન્ટર્સ, 09925146223

-: પ્રિન્ટર્સ :-

નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ 09825598855

## ૪૫ આગમ વર્ગીકરણ

| ક્રમ | આગમનું નામ | સૂત્ર | | ક્રમ | આગમનું નામ | સૂત્ર |
|---|---|---|---|---|---|---|
| ०१ | आचार | अंगसूत्र-१ | | २५ | आतुरप्रत्याख्यान | पयन्नासूत्र-२ |
| ०२ | सूत्रकृत् | अंगसूत्र-२ | | २६ | महाप्रत्याख्यान | पयन्नासूत्र-३ |
| ०३ | स्थान | अंगसूत्र-३ | | २७ | भक्तपरिज्ञा | पयन्नासूत्र-४ |
| ०४ | समवाय | अंगसूत्र-४ | | २८ | तंदुलवैचारिक | पयन्नासूत्र-५ |
| ०५ | भगवती | अंगसूत्र-५ | | २९ | संस्तारक | पयन्नासूत्र-६ |
| ०६ | ज्ञाताधर्मकथा | अंगसूत्र-६ | | ३०.१ | गच्छाचार | पयन्नासूत्र-७ |
| ०७ | उपासकदशा | अंगसूत्र-७ | | ३०.२ | चन्द्रवेध्यक | पयन्नासूत्र-७ |
| ०८ | अंतकृत् दशा | अंगसूत्र-८ | | ३१ | गणिविद्या | पयन्नासूत्र-८ |
| ०९ | अनुत्तरोपपातिकदशा | अंगसूत्र-९ | | ३२ | देवेन्द्रस्तव | पयन्नासूत्र-९ |
| १० | प्रश्नव्याकरणदशा | अंगसूत्र-१० | | ३३ | वीरस्तव | पयन्नासूत्र-१० |
| ११ | विपाकश्रुत | अंगसूत्र-११ | | ३४ | निशीथ | छेदसूत्र-१ |
| १२ | औपपातिक | उपांगसूत्र-१ | | ३५ | बृहत्कल्प | छेदसूत्र-२ |
| १३ | राजप्रश्निय | उपांगसूत्र-२ | | ३६ | व्यवहार | छेदसूत्र-३ |
| १४ | जीवाजीवाभिगम | उपांगसूत्र-३ | | ३७ | दशाश्रुतस्कन्ध | छेदसूत्र-४ |
| १५ | प्रज्ञापना | उपांगसूत्र-४ | | ३८ | जीतकल्प | छेदसूत्र-५ |
| १६ | सूर्यप्रज्ञप्ति | उपांगसूत्र-५ | | ३९ | महानिशीथ | छेदसूत्र-६ |
| १७ | चन्द्रप्रज्ञप्ति | उपांगसूत्र-६ | | ४० | आवश्यक | मूलसूत्र-१ |
| १८ | जंबूद्वीपप्रज्ञप्ति | उपांगसूत्र-७ | | ४१.१ | ओघनिर्युक्ति | मूलसूत्र-२ |
| १९ | निरयावलिका | उपांगसूत्र-८ | | ४१.२ | पिंडनिर्युक्ति | मूलसूत्र-२ |
| २० | कल्पवतंसिका | उपांगसूत्र-९ | | ४२ | दशवैकालिक | मूलसूत्र-३ |
| २१ | पुष्पिका | उपांगसूत्र-१० | | ४३ | उत्तराध्ययन | मूलसूत्र-४ |
| २२ | पुष्पचूलिका | उपांगसूत्र-११ | | ४४ | नन्दी | चूलिकासूत्र-१ |
| २३ | वृष्णिदशा | उपांगसूत्र-१२ | | ४५ | अनुयोगद्वार | चूलिकासूत्र-२ |
| २४ | चतु:शरण | पयन्नासूत्र-१ | | --- | --------------- | ----- |
| | | | | | | |
| | | | | | | |

# આગમસૂત્ર- ૪૧/૨ 'ઓઘનિર્યુક્તિ'

## મૂલ સૂત્ર– ૨ ગુજરાતી ભાવાનુવાદ

ક્યાં શું જોશો ?



| ક્રમ | વિષય | પૃષ્ઠ | ક્રમ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|---|---|---|
| ૧ | મંગલ-પ્રસ્તાવના | ૦૭ | ૬ | પ્રતિસેવના દ્વાર | ૫૭ |
| ૨ | પ્રતિલેખના દ્વાર | ૧૨ | ૭ | આલોચના દ્વાર | ૬૦ |
| ૩ | પિંડ દ્વાર | ૩૬ | ૮ | વિશુદ્ધિ દ્વાર | ૬૫ |
| ૪ | ઉપધિપ્રમાણ દ્વાર | ૫૧ | ૯ | ઉપસંહાર | ૬૭ |
| ૫ | અનાયતન વર્જન દ્વાર | ૫૬ | --- | ------------------ | |

## મુનિ દીપરત્નસાગરજીનું આ પૂર્વેનું સાહિત્ય-સર્જન

| આગમસાહિત્ય | | | આગમસાહિત્ય | | |
|---|---|---|---|---|---|
| ક્રમ | સાહિત્ય નામ | બુક્સ | ક્રમ | સાહિત્ય નામ | બુક્સ |
| 1 | **मूल आगम साहित्य:-** | 147 | 5 | **आगम अनुक्रम साहित्य:-** | 09 |
| | **-1- आगमसुत्ताणि-मूलं** print | [49] | | -1- આગમ વિષયાનુક્રમ- મૂળ) | 02 |
| | **-2- आगमसुत्ताणि-मूलं** Net | [45] | | -2- **आगम विषयानुक्रम सटीकं)** | 04 |
| | **-3- आगममञ्जूषा मूल प्रत)** | [53] | | -3- **आगम सूत्र-गाथा अनुक्रम** | 03 |
| 2 | **आगम अनुवाद साहित्य:-** | 165 | 6 | **आगम अन्य साहित्य:-** | 10 |
| | **-1-** આગમસૂત્ર ગુજરાતી અનુવાદ | [47] | | -1- આગમ કથાનુયોગ | 06 |
| | -2- **आगमसूत्र हिन्दी अनुवाद** Net | [47] | | -2- **आगम संबंधी साहित्य** | 02 |
| | -3- AagamSootra English Trans. | [11] | | **-3- ऋषिभाषित सूत्राणि** | 01 |
| | -4- આગમસૂત્ર સટીક ગુજરાતી અનુવાદ | [48] | | **-4- आगमिय सूक्तावली** | 01 |
| | **-5- आगमसूत्र हिन्दी अनुवाद** print | [12] | | **आगम साहित्य- कुल पुस्तक** | 518 |
| 3 | **आगम विवेचन साहित्य:-** | 171 | | આગમ સિવાયનું અન્ય સાહિત્ય | |
| | -1- **आगमसूत्र सटीकं** | [46] | 1 | તત્ત્વાભ્યાસ સાહિત્ય- | 13 |
| | -2- **आगम मूलं एवं वृत्ति -1** | [51] | 2 | સૂત્રાભ્યાસ સાહિત્ય- | 06 |
| | -3- **आगम मूलं एवं वृत्ति -2** | [09] | 3 | વ્યાકરણ સાહિત્ય- | 05 |
| | -4- **आगम चूर्णि साहित्य** | [09] | 4 | વ્યાખ્યાન સાહિત્ય- | 04 |
| | -5- **सवृत्तिक आगमसूत्राणि**-1 | [40] | 5 | જિનભક્તિ સાહિત્ય- | 09 |
| | -6- **सवृत्तिक आगमसूत्राणि**-2 | [08] | 6 | વિધિ સાહિત્ય- | 04 |
| | -7- **सचूर्णिक आगमसुत्ताणि** | [08] | 7 | આરાધના સાહિત્ય | 03 |
| 4 | **आगम कोष साहित्य:-** | 16 | 8 | પરિચય સાહિત્ય- | 04 |
| | -1- **आगम सद्दकोसो** | [04] | 9 | પૂજન સાહિત્ય- | 02 |
| | -2- **आगम कहाकोसो** | [01] | 10 | તીર્થંકર સંક્ષિપ્ત દર્શન | 25 |
| | -3- **आगम-सागर-कोष:** | [05] | 11 | પ્રકીર્ણ સાહિત્ય- | 05 |
| | -4- **आगमशब्दादिसंग्रह प्रा-सं-गु)** | [04] | 12 | દીપરત્નસાગરના લઘુશોધનિબંધ | 05 |
| | **-5- आगम बृहत् नाम कोष:** | [02] | | આગમ સિવાયનું સાહિત્ય કૂલ પુસ્તક | 85 |

**1-આગમ સાહિત્ય કુલ પુસ્તક) 518**

**2-આગમેતર સાહિત્ય કુલ પુસ્તક) 085**

**દીપરત્નસાગરજીનું કુલ સાહિત્ય 603**

# [૪૧/૨] ઓઘનિર્યુક્તિ

## મૂલસૂત્ર-૨- ગુજરાતી ભાવાનુવાદ

આગમ સટીક અનુવાદ શ્રેણીમાં આ ૪૧-મું આગમ છે. તે ચાર મૂળ સૂત્રોમાં બીજું સૂત્ર છે. ઓઘનિર્યુક્તિ નામથી પ્રસિદ્ધ છે. તેને પ્રાકૃતમાં 'ઓહનિજ્જુત્તિ' કહેવામાં આવે છે. આ આગમ પિંડનિર્યુક્તિના વિકલ્પમાં છે. આ આગમમાં મૂળ નિર્યુક્તિ-૮૧૨ છે, તેમાં ભાષ્ય ગાથા-૩૨૨ છે અને પ્રક્ષેપગાથા-૩૧ છે. એ રીતે બધું મળીને ૧૧૬૫ ગાથા છે, જેને અમે 'મૂલ' શબ્દથી મૂકેલ છે.

આ આગમમાં 'ઓઘ' - સામાન્યથી સાધુની દિનચર્યાનું વર્ણન છે, તેથી પણ ઓઘનિર્યુક્તિ કહેવાય છે. શ્રી ભદ્રબાહુસ્વામી રચિત આ નિર્યુક્તિમાં સાત દ્વાર – પ્રતિલેખના, પિંડ, ઉપધિ, અનાયતન વર્જન, પ્રતિસેવા, આલોચના અને વિશુદ્ધિનું વર્ણન કરી ચરણકરણાનુયોગની મુખ્યતા મૂકી છે, જો કે તેમાં ધર્મ કથાનુયોગ સમાવિષ્ટ તો છે જ. નવમાં પૂર્વમાં રહેલ ત્રીજી આચાર વસ્તુના વીસમાં ઓઘપ્રાભૃતમાં રહેલ ઓઘ સામાચારીએ આ આગમનો આધાર ગણાય છે. આ આગમની ચૂર્ણિ પણ હોવાનું જાણવા મળેલ છે, પણ અમે તો દ્રોણાચાર્યકૃત્ વૃત્તિનો જ આધાર લીધેલો છે.

પિંડ નિર્યુક્તિનો ટીકા સહિત અનુવાદ કરતી વેળાએ પણ અમે અનુભવેલું કે આટલો વિસ્તાર અને તેનું ઊંડાણ સમજાવતા પહેલાં નૂતન સાધુ-સાધ્વીને તેમાં પ્રવેશ કરાવવા સારરૂપ સમજણ વધુ ઉપયોગી થાય. આ જ કથન ઓઘનિર્યુક્તિ માટે પણ સત્ય જ છે.

પિંડનિર્યુક્તિ કરતા પણ દોઢું કદ ધરાવતો અને જેમાં પિંડનિર્યુક્તિ કરતા ૪૫૦ જેટલી વધારે ગાથા છે તેવું આ આગમ ટીકા સહિત અક્ષરશઃ અનુવાદ પામે તેવી ભાવના છતાં અમે અહીં માત્ર તેમાં પ્રવેશ કરાવવારૂપ 'ઓઘનિર્યુક્તિ-વિશિષ્ટ સૂત્રસાર' મૂકીને અમારી પ્રતિજ્ઞાથી પાછા જ ખસેલા છીએ. અમારો હેતુ "સરળથી જટિલ" તરફ લઈ જવાનો છે. તેથી શ્રમણ ઉપયોગી આ આગમને માત્ર પ્રવેશદ્વાર રૂપે જ રજૂ કરેલ છે. આમાં નથી બધી ગાથાઓનો અર્થ કે નથી પૂરો ટીકાનો અર્થ. આ માત્ર ઓઘનિર્યુક્તિની પરિચય પુસ્તિકા જ છે, તે વાત અમે **સખેદ** કબૂલીએ છીએ. આપ તેને અમારો પ્રમાદ ગણશો તો પણ અમારે તે કબૂલવું જ રહ્યું.

– મુનિ દીપરત્નસાગર

# ઓઘનિર્યુક્તિ-પ્રભા

## મૂળ-૧ થી ૬

પ્રસ્તાવના – ઓઘનિર્યુક્તિકર્તા ચૌદપૂર્વધર ભદ્રબાહુસ્વામી છે. તેમણે શ્રમણ-શ્રમણી વર્ગના અનુગ્રહાર્થે નવમાં પૂર્વમાં રહેલ, ત્રીજી આચારવસ્તુના વીસમાં ઓઘપ્રાભૃતમાં રહેલ ઓઘસામાચારી કે જેમાં સાધુઆચાર સ્વરૂપ છે, તેનું ઉદ્ધરણ કરેલ છે. અહીં ઓઘ, પિંડ, સમાસ, સંક્ષેપ એ એક અર્થ જણાવનારા શબ્દો કે એકાર્થિક નામો છે.

ઓઘનિર્યુક્તિની રચના કરતા આવી પ્રતિજ્ઞા જણાવે છે કે –

"હું બધા જ અરિહંત ભગવંતોને, બધા જ ચૌદપૂર્વધરોને, બધા દશપૂર્વધરોને, બધા અગિયાર અંગ ધારણ કરનારાઓને તથા બધા સાધુઓને નમસ્કાર કરીને ચરણ-કરણાનુયોગમાંથી અલ્પ અક્ષરવાળી અને મહાન અર્થવાળી એવી ઓઘનિર્યુક્તિ સાધુઓના અનુગ્રહને માટે કહું છું."

આથી આ ઓઘનિર્યુક્તિમાં શબ્દો થોડા હોવા છતાં અર્થથી મહાન છે અને સાધુસાધ્વી માટે ખૂબ ઉપકારક છે

આ ચરણ સિત્તરી અને કરણ સિત્તરી શું છે ? તે કહે છે –

## મૂળ-૭

**ચરણ સિત્તરી** – ચરણ સિત્તરીના ૭૦ ભેદો આ પ્રમાણે છે – ૧. વ્રત, ૨.શ્રમણધર્મ, ૩.સંયમ, ૪. વૈયાવચ્ચ, ૫. બ્રહ્મચર્ય, ૬. જ્ઞાનાદિ ત્રિક, ૭. તપ અને ૮. ક્રોધાદિ નિગ્રહ. તેમાં

૧. વ્રત પાંચ છે – ૧. સર્વથા પ્રાણાતિપાત વિરમણ, ૨. સર્વથા મૃષાવાદ વિરમણ, ૩. સર્વથા અદત્તાદાન વિરમણ, ૪. સર્વથા મૈથુન વિરમણ, ૫. સર્વથા પરિગ્રહ વિરમણ.

૨. શ્રમણધર્મ દશ છે – ક્ષમા, માર્દવતા, સરળતા, મુક્તિ સંતોષ., તપ, સંયમ, સત્ય, પવિત્રતા, નિષ્પરિગ્રહતા અને બ્રહ્મચર્ય.

૩. સંયમ ૧૭ ભેદે છે – પૃથ્વી, અપ્, તેઉ, વાયુ, વનસ્પતિ એ પાંચ એકેન્દ્રિય તથા બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય, પંચેન્દ્રિય મળીને નવ પ્રકારના જીવોની વિરાધના, પરિતાપના, કિલામણા ન થાય તેમ વર્તવું.

૧૦. અજીવ-તેમાં રાગ કે દ્વેષ ન કરવો.

૧૧. પ્રેક્ષા સંયમ – ચક્ષુ આદિથી પડિલેહવા માટેનો ઉપયોગ રાખવો તે.

૧૨. ઉપેક્ષા સંયમ – શક્તિ હોવા છતાં સંયમમાં વીર્ય ન ફોરવતા એવા આત્માઓ તથા સાવદ્ય વ્યાપારમાં પ્રવર્તતા ગૃહસ્થો પ્રતિ ઉપેક્ષા ભાવ રાખવો.

૧૩. પ્રમાર્જના – વસ્તુ લેતા કે મૂકતા પુંજવાનો ઉપયોગ રાખવો.

૧૪. પારિષ્ઠાપના – શરીરના મળમૂત્રાદિ વિધિપૂર્વક પરઠવવામાં ઉપયોગ રાખવો.

૧૫ થી ૧૭. મન, વચન, કાયાની અશુભ પ્રવૃત્તિઓ રોકીને શુભ પ્રવૃત્તિમાં ઉપયુક્ત રહેવું.

૪. વૈયાવચ્ચ દશ પ્રકારે છે – આચાર્ય, ઉપાધ્યાય, તપસ્વી, શૈક્ષ, ગ્લાન, કુલ, ગણ, સંઘ, સાધુ, સમનોજ્ઞ એ દશેની ભક્તિ-સેવા કરવા.

૫. બ્રહ્મચર્ય નવ પ્રકારે છે – ૧. સ્ત્રી, પશુ અને નપુંસક રહેતા હોય તે વસતીમાં ન રહેવું.

૨. સ્ત્રીની સાથે રાગથી વાતચીત ન કરવી કે સ્ત્રી પશુ નપુંસક સંબંધી કામકથા ન કરવી.

૩. સ્ત્રી બેઠી હોય ત્યાં પુરુષે બે ઘડી અને પુરુષ બેઠો હોય તે સ્થાને સ્ત્રીએ ત્રણ પ્રહર સુધી બેસવું નહીં.

૪. સ્ત્રીના અંગોપાંગ, મુખ, સ્તન, ચક્ષુ, પગ, હાથ વગેરે રાગ-દૃષ્ટિથી જોવા નહીં. દૃષ્ટિ પડી જાય તો પણ તુરંત ખસેડી લેવી.

૫. સ્ત્રી સંબંધી કામકથા ભીંત કે બીજા સ્થાનના આંતરેથી ન સાંભળવી કે ભીંતના આંતરેથી જોવી નહીં.

૬. ગૃહસ્થપણામાં સ્ત્રી સાથે કરેલ કામક્રીડાનું સ્મરણ ન કરવું.

૭. પૌષ્ટિક, ઉત્તેજક, કામવર્ધક સ્નિગ્ધ આહાર ન વાપરવો.

૮. વિગઈરહિત આહાર પણ ક્ષુધા શાંત થાય તેથી વધારે ન વાપરવો.

૯. સારા દેખાવા શરીરની ટાપટીપ ન કરવી.

૬. જ્ઞાનાદિ ત્રિક – જ્ઞાન, દર્શન, ચારિત્રની સુંદર આરાધના કરવી.

૭. તપ – છ બાહ્ય અને છ અભ્યંતર ભેદે તપ કરવો તે.

તેમાં છ બાહ્યતપ આ પ્રમાણે – ૧. અનશન – આહારના ત્યાગરૂપ.

૨. ઉણોદરી – ભૂખ કરતા બે-ચાર કોળિયા ન્યૂન રાખી આહાર કરવો.

૩. વૃત્તિસંક્ષેપ – દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી આહારાદિનો સંક્ષેપ કરવો.

૪. રસત્યાગ – છએ વિગઈઓનો કે બે, ત્રણ વિગઈઓનો ત્યાગ.

૫. કાયકલેશ – લોચ આદિ કષ્ટ કે શીત-ઉષ્ણાદિને સહેવા તે.

૬. સંલીનતા – અંગોપાંગને સંકોચીને રાખવારૂપ.

છ અભ્યંતર તપ આ પ્રમાણે છે –

૧. પ્રાયશ્ચિત્ત – મૂલગુણ કે ઉત્તરગુણના વિષયમાં થયેલ જે કોઈપણ ભૂલ હોય તે સર્વે ભૂલોની આલોચના કરી આત્મશુદ્ધિ કરવી.

૨. વિનય – આચાર્યાદિ રત્નાધિકનો વિનય કરવો. આવે ત્યારે ઊભા થવું, હાથ જોડવા, આસન આપવું.

૩. વૈયાવચ્ચ – બાલ, ગ્લાન, આચાર્યાદિ, વૃદ્ધ વગેરેની સેવા કરવી. આહાર પાણી ઔષધાદિ લાવી આપવા, શરીરની વિશ્રામણાદિ કરવા.

૪. સ્વાધ્યાય – વાચના, પૃચ્છના આદિ પંચવિધ જે સ્વાધ્યાય તેને નિરંતર કરવો.

૫. ધ્યાન – એકાગ્ર મનથી શુભધ્યાન. તત્ત્વ આદિની વિચારણા વગેરે કરવા.

૬. કાયોત્સર્ગ – કર્મક્ષયાર્થે મૌન-ધ્યાન-સ્થાન વડે સ્થિર થઈને આત્માના બહિર્ભાવને વોસિરાવવા પૂર્વક રહેવું તે કાયોત્સર્ગ અથવા દેહ-ઉપધિ આદિ બાહ્ય અને ક્રોધાદિ કષાયરૂપ અભ્યંતરનો ઉત્સર્ગ અર્થાત્ ત્યાગ.

૮. ક્રોધાદિ કષાયનો નિગ્રહ કરવો – તેમાં ક્રોધનો નિગ્રહ ક્ષમાથી કરવો, માનનો નિગ્રહ નમ્રતાથી કરવો, માયાનો નિગ્રહ સરળતાથી કરવો અને લોભનો નિગ્રહ સંતોષથી કરવો.

આ પ્રમાણે મુખ્ય આઠ ભેદોમાં પેટાભેદ આ પ્રમાણે થયા – ૫ + ૧૦ + ૧૭ + ૧૦ + ૯ + ૩ + ૧૨ + ૪ = ૭૦. એ સિત્તેર ભેદો ચરણ સિત્તરીના કહ્યા છે, તેમ જાણવું.

## મૂળ-૮

આ ગાથામાં કરણસિત્તરીના સિત્તેર ભેદો જણાવે છે, તે આ – ૧. પિંડ વિશુદ્ધિ, ૨. સમિતિ, ૩. ભાવના, ૪. પ્રતિમા, ૫. ઈન્દ્રિય નિરોધ, ૬. પ્રતિલેખના, ૭. ગુપ્તિ, ૮. અભિગ્રહ.

૧. પિંડ વિશુદ્ધિ ચાર ભેદે છે – ૧. વસ્ત્ર, ૨. પાત્ર, ૩. વસતી, ૪. આહાર અથવા સામાન્યથી એક 'આહાર' જ, તે નિર્દોષ મેળવવા માટે ગવેષણા આદિ કરવી તે.

૨. સમિતિ પાંચ પ્રકારે છે, તે આ પ્રમાણે –

૧. ઈર્યાસમિતિ – સાડા ત્રણ હાથ પ્રમાણ ભૂમિ ઉપર દૃષ્ટિ રાખી ચાલવું.

૨. ભાષા સમિતિ – નિરવદ્ય, હિતકર, મિત અને ખપ પૂરતી ભાષા બોલવી અથવા બોલવામાં સમ્યક્ ઉપયોગ રાખવો.

૩. એષણા સમિતિ – ફક્ત સંયમ યાત્રાના નિર્વાહ માટે બેંતાલીશ દોષરહિત અને યતનાપૂર્વક આહારાદિની ગવેષણા કરવી.

૪. આદાનભાંડમાત્ર નિક્ષેપણા સમિતિ – વસ્ત્ર, પાત્ર આદિ કોઈપણ વસ્તુ લેતા કે મૂકતા દૃષ્ટિથી જોઈ, પૂંજી, પ્રમાર્જી લેવું કે મૂકવું.

૫. પારિષ્ઠાપનિકા સમિતિ – મળ, મૂત્ર, કફ, મેલ, સંયમને અનુપયોગી થયેલા વસ્ત્ર, પાત્ર આદિને નિર્જીવ સ્થાનમાં અને વિધિપૂર્વક પરઠવવા તેમજ પ્રવચનનો ઉડ્ડાહ ન થાય તેમ પરઠવવામાં ઉપયુક્ત હોવું.

૩. ભાવના બાર પ્રકારે છે, તે આ પ્રમાણે –

૧. અનિત્ય ભાવના – જગતના પદાર્થો અનિત્ય–નાશવંત છે.

૨. અશરણ ભાવના – મરણ અથવા બહુ કષ્ટ કાળે કોઈ શરણભૂત થતું નથી.

૩. સંસાર ભાવના – ચાર ગતિરૂપ કે પંચવિધ ભવસાગર રૂપ આ સંસાર ભયંકર છે. તેમાં શત્રુ–મિત્ર કે મિત્ર–શત્રુ બની જાય છે.

૪. એકત્વ ભાવના – જીવ એકલો જ જન્મે છે, મરીને પરલોકમાં એકલો જ જાય છે, પોતાના કર્મોનું વેદન એકલો જ કરે છે. કોઈ સાથે આવતું નથી.

૫. અન્યત્વ ભાવના – સ્વજન, કુટુંબ, ધન યાવત્ શરીર પણ પોતાનું નથી, મારું કોઈ નથી, સૌ પોત–પોતાના સ્વાર્થમાં ડૂબેલા છે.

૬. અશુચિત્વ ભાવના – શરીરની ઉત્પત્તિ, સ્વરૂપ, પરિણામ અપવિત્ર છે. તેમાંથી નિરંતર અશુચિ ઝર્યા કરે છે. તેમાં રહેલ માંસ, લોહી, મળ, મૂત્રાદિ બધું અશુચિ છે.

૭. આશ્રય ભાવના – ઈન્દ્રયાદિ આશ્રવો આત્માને કર્મથી મલીન કરનારા છે. તેમાં અવ્રત, યોગ, કષાય, મિથ્યાત્વ, પ્રમાદની પરિણતિ માત્ર જ આશ્રવ છે.

૮. સંવર ભાવના – સમ્યક્દૃષ્ટિત્વ, વિરતિ, જ્ઞાનાદિથી કર્મનો બંધ અટકવો તે.

૯. નિર્જરા ભાવના – કર્મનું આત્માથી છૂટા પડવું તે. જો દેશથી કર્મ છૂટા પડે તો તે નિર્જરા છે, સર્વથા કર્મો ખરી જાય તો તેને મોક્ષ કહે છે. કર્મો સ્વકાળથી કે તપ અને વ્રતથી છૂટાં પડે છે.

૧૦. લોકસ્વરૂપ ભાવના – છ દ્રવ્યનો સમવાય કે ઉધો અધઃ અને મધ્ય એ ત્રણ ભેદથી આ લોક છે. જેમાં અશુભ ભાવાદિથી નરક કે તિર્યંચ ગતિ અને શુભ ભાવથી મનુષ્ય અને દેવલોકરૂપ ગતિ પ્રાપ્ત થાય છે. નિજશુદ્ધ ભાવથી સિદ્ધિ ગતિ પમાય છે.

૧૧. બોધિ દુર્લભ ભાવના – મોહ વ્યાધિવાળાને સદ્જ્ઞાન દૃષ્ટિ અને બોધિ દુષ્પ્રાપ્ય છે. વિરતિરૂપ નિજભાવનું ચારિત્ર પણ દુષ્કર છે, ત્રણ રત્નોની પ્રાપ્તિ થવી તે બોધિ કહેવાય છે.

૧૨. ધર્મસ્વરૂપ ભાવના – અહો! જિનેશ્વરોએ કેવો આ સુંદર ધર્મ ઉપદેશેલ છે. ઈત્યાદિ ચિંતવના. આ ધર્મ અસંગ અને સ્વભાવરામી છે.

૪. પ્રતિમા – વિશિષ્ટ પ્રતિજ્ઞા, તે બાર પ્રકારે છે. આ બારે પ્રતિમાનું સ્વરૂપ દશાશ્રુત સ્કંધમાં સારી રીતે વર્ણવેલ છે, આવશ્યક નિર્યુક્તિ–વૃત્તિમાં પણ તેની સુંદર વિવેચના છે. જેમાં એક માસ, બે માસ યાવત્ સાત માસની પ્રતિમા એ સાત, ત્રણ સપ્ત અહોરાત્રની, એક–એક અહોરાત્રની એમ બાર પ્રતિમા થાય છે. જો કે આ પ્રતિમાનું આરાધન, પ્રથમ સંઘયણવાળા, ધીરજ અને સત્ત્વયુક્ત સાધુ ગુરુ મહારાજની આજ્ઞાથી કરાય છે.

૫. ઇન્દ્રિય નિરોધ – ઇન્દ્રિયો પાંચ ભેદે છે, તે આ – ૧. સ્પર્શનેન્દ્રિય, ૨. રસનેન્દ્રિય, ૩. ઘ્રાણેન્દ્રિય, ૪. ચક્ષુરિન્દ્રિય, ૫. શ્રોત્રેન્દ્રિય. આ પાંચે ઇન્દ્રિયોના વિષયભૂત સ્પર્શ, રસ, ગંધ, રૂપ અને શબ્દ પરત્વે રાગ કે દ્વેષનો ત્યાગ કરી, સમભાવ કેળવવામાં ઉદ્યમશીલ રહેવું.

૬. પડિલેહણા – પચ્ચીશ પ્રકારે કહેલ છે, તે આ પ્રમાણે –

વિધિપૂર્વક, બોલ બોલવાપૂર્વક અને સોળ દોષોથી રહિત એવી પડિલેહણા કરવી જોઈએ. તે ૧૬ દોષો આ પ્રમાણે છે – ૧. નર્તન–વસ્ત્ર કે શરીરને નચાવવું, ૨. વલન–વસ્ત્ર કે શરીરને સીધું ન રાખવું,

૩. અનુબંધ–અખોડા, પખોડા વધારે કરાવવા, ૪. મોસલી–કપડા જેમ તેમ લેવા કે મૂકવા,

૫. આરભટ–ઉપાવળે પડિલેહણા કરવી, ૬. સંમર્દ–વસ્ત્ર પૂરું ખોલ્યા વિના પડિલેહણા કરવી,

૭. પ્રસ્ફોટન–વસ્ત્રને ઝાપટવા,

૮. નિક્ષેપ–વસ્ત્ર એક બાજુ ફેંકતા જવું અથવા કપડાંના છેડા અદ્ધર કરવા.

૯. વેદિકા–બંને હાથ ઢીંચણથી ઉપર રાખવા કે નીચે રાખવા,

૧૦. પ્રશિથિલ–કપડું ઢીલું પકડવું, ૧૧. પ્રલંબ–કપડું લટકતુ રાખવું,

૧૨. લોલ–કપડું જમીનને અડાડવું,

૧૩. એકામર્શ–એક બાજુથી પકડી હલાવીને કપડું નીચે મૂકી દેવું.

૧૪. અનેકરૂપ ધૂનન–અનેક કપડાં ભેગા કરી ખંખેરવા,

૧૫. શક્તિગણના–અખોડા પખોડા ભૂલી જવા.

૧૬. વિતથકરણ–પડિલેહણ કરતા વાતો કરવી, પચ્ચક્ખાણાદિ આપવા.

૭. ગુપ્તિ ત્રણ પ્રકારે જાણવી. તે આ – મનની, વચનની, કાયાની અશુભ પ્રવૃત્તિઓને રોકવી.

૮. અભિગ્રહ ચાર પ્રકારે, તે આ – દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી વિશિષ્ટ નિયમને ધારણ કરવા તે.

આ પ્રમાણે મુખ્ય આઠ ભેદોના પેટા ભેદો વડે ૭૦ પ્રકારોને કહ્યા. તેમાં ૪ + ૫ + ૧૨ + ૧૨ + ૫ + ૨૫ + ૩ + ૪ = ૭૦ ભેદો કરણ સિત્તરીના થયા. આ કરણસિત્તરી સાધુના ઉત્તરગુણરૂપ છે.

૦ ચરણ – હંમેશા જે કરવા કે પાળવાના હોય, તે મહાવ્રતાદિ.

૦ કરણ – પ્રયોજન વડે કરવાના ગૌચરી આદિ.

એ રીતે ઉક્ત ૭૦ + ૭૦ = ૧૪૦ માં વિતથ આચરવાથી અતિચાર લાગે છે, માટે આ ૧૪૦માં કોઈ દોષ ન લાગે તે માટે સાવધ રહેવું.

## મૂળ–૯ થી ૧૯

અહીં કહેવાયેલ છે કે ચરણકરણાનુયોગમાંથી હું ઓઘનિર્યુક્તિ કહીશ. આથી ચરણકરણાનુયોગ સિવાય બીજા અનુયોગો પણ હોય જ. તે બીજા ત્રણ અનુયોગો આ પ્રમાણે છે અને તે ચારિત્રની રક્ષા માટે છે.

૧. ચરણકરણાનુયોગ – સાધુના આચારરૂપ 'આચાર' સૂત્રાદિ.

૨. ધર્મકથાનુયોગ – કથા સ્વરૂપ, જ્ઞાતાધર્મ–કથાદિ.

૩. ગણિતાનુયોગ – ગણિતરૂપ સૂર્ય પ્રજ્ઞપ્તિ આદિ.

૪. દ્રવ્યાનુયોગ – જીવાજીવાદિ પદાર્થત્વચારણા.

આ ચારે અનુયોગ એક–એકથી ચડિયાતા છે, તેનું દષ્ટાંત આપે છે – એક રાજાના દેશમાં ચાર ખાણો હતી. રત્નની, સોનાની, ચાંદીની, લોઢાની. ચારે ખાણો એક–એક પુત્રને એક–એક વહેંચી આપી. જેના ભાગે લોઢાની ખાણ આવી તેને ચિંતા થઈ કે મારા ભાઈઓને કિંમતી ખાણો મળી, મને નકામી ખાણ મળી. તે દુઃખી થવા લાગ્યો. સુબુદ્ધિ

પ્રધાને તેને સમજાવ્યો કે તને ચારેમાં કિંમતી ખાણ મળી છે, કેમ કે બીજી ત્રણે ખાણો લોઢા ઉપર આધાર રાખે છે. લોઢા સિવાય તે રત્નો, સોનું, ચાંદી કાઢી શકાતા નથી. જ્યારે તારી પાસે બધા લોઢુ માંગવા આવે ત્યારે તું રત્નો આદિના બદલામાં લોઢુ આપજે, જેથી સૌથી ધનવાન બની શકીશ.

આ રીતે ચરણકરણાનુયોગ હોય તો જ બીજા ત્રણ અનુયોગો છે. ચરણકરણાનુયોગમાં અક્ષરો અલ્પ હોવા છતાં અર્થથી મહાન છે. તે પહેલા ભંગમાં છે, તેનું દૃષ્ટાંત ઓઘનિર્યુક્તિ છે.

ધર્મકથાનુયોગમાં અક્ષરો ઘણા અને અર્થ થોડો, તે બીજા ભંગમાં છે.

દ્રવ્યાનુયોગમાં અક્ષરો ઘણા અને અર્થ પણ ઘણો છે, તે ત્રીજા ભંગમાં છે.

ગણિતાનુયોગમાં અક્ષરો થોડા અને અર્થ પણ થોડો છે, તે ચોથા ભંગમાં છે.

સાધુ–સાધ્વીના અનુગ્રહને માટે ચૌદપૂર્વીશ્રી ભદ્રબાહુ સ્વામીએ ઓઘનિર્યુક્તિની રચના કરેલી છે. તેના મુખ્ય સાત દ્વારો છે –

**મૂળ–૨૦**

૧. પ્રતિલેખનાદ્વાર – પડિલેહણા કેમ કરવી તેનું નિરૂપણ.

૨. પિંડદ્વાર – ગોચરીની શુદ્ધિ કેમ રાખવી તેનું નિરૂપણ.

૩. ઉપધિ પ્રમાણદ્વાર – સંખ્યા અને માપથી કેટલી અને કેટલા પ્રમાણવાળી વસ્તુ રાખવી તેની નિરૂપણા.

૪. અનાયતન વર્જનદ્વાર – કેવી વસતીમાં ન રહેવું તેનું નિરૂપણ.

૫. પ્રતિસેવનાદ્વાર – સંયમની સાધનામાં પ્રમાદાદિ દોષો થાય તે નિરૂપણ.

૬. આલોચનાદ્વાર – થયેલા દોષોનું પ્રાયશ્ચિત્ત નિરૂપણ.

૭. વિશુદ્ધિદ્વાર – પ્રાયશ્ચિત્ત કરી દોષોની શુદ્ધિ કરવી, તેનું નિરૂપણ.

બધી જ ક્રિયા પ્રતિલેખનાપૂર્વક કરવી જોઈએ. તેથી સૂત્રોક્ત વિધિ અનુસાર ક્ષેત્ર આદિને જોવા તે માટે સર્વ પ્રથમ પ્રતિલેખના દ્વાર કહ્યું. પ્રતિલેખના કરવા માટે શરીર સામર્થ્ય જોઈશે, તે સાચવવા માટે પિંડ–આહાર દ્વાર કહ્યું. આહાર ગ્રહણ કરવા પાત્ર આદિ જોઈએ માટે ત્રીજું ઉપધિદ્વાર. આહાર લાવ્યા પછી વાપરવા માટે સ્થાનની જરૂર પડે, તેથી વ્યાઘાત રહિત પશુપંડકાદિ રહિત વસતી જોઈએ માટે ચોથું અનાયતન વર્જન દ્વાર.

આ બધું ગ્રહણ કરતાં અવિધિ આદિ થઈ હોય તો તપાસવા માટે પાંચમું પ્રતિસેવના દ્વાર. તેમાં લાગેલા દોષોની આલોચના કરવી, તે માટે ગુરુદત્ત પ્રાયશ્ચિત્ત કરવું તે છઠ્ઠું આલોચના દ્વાર અને આલોચના અનુસાર તપશ્ચર્યાદિ કરી પાપ–દોષની શુદ્ધિરૂપ સાતમું વિશુદ્ધિદ્વાર.

## મુનિ દીપરત્નસાગરે કરેલ ઓઘનિર્યુક્તિ–સટીક–સંક્ષેપ–પરિચય ભૂમિકા પૂર્ણ

## દ્વાર-૧ 'પ્રતિલેખના'

### મૂળ-૨૧ થી ૨૩

પ્રતિલેખનના એકાર્થિક નામો આ પ્રમાણે છે – આભોગ, માર્ગણા, ગવેષણા, ઇહા, અપોહ, પ્રતિલેખના, પ્રેક્ષણા, નિરીક્ષણા, આલોકના, પ્રલોકના.

પ્રતિલેખના શબ્દથી પ્રતિલેખક – પડિલેહણ કરનાર, પ્રતિલેખના – જેનું સ્વરૂપ આગળ કહેવાશે તે બે ભેદ, પ્રતિ-લેખિતવ્ય – પડિલેહણ કરવાની વસ્તુ. આ ત્રણે બાબતો કહેવાની છે. જેમ ઘડો-શબ્દ કહેવાથી તેનો કર્તા, કુંભાર અને માટી વગેરે બધું જ આવી જાય છે.

o પ્રતિલેખક – એક કે અનેક હોય. તે પડિલેહણા કરનાર કારણિક હોય અથવા નિષ્કારણિક હોય, તે સાધર્મિક હોય કે વૈધર્મિક હોય.

o કારણિક – અશિવાદિ કારણે એકલા થાય તે.

o નિષ્કારણિક – ધર્મચક્ર, સ્તૂપ, યાત્રા આદિ જોવાના નિમિત્તે એકલા.

o એક-એકલો હોય તે.

o અનેક – એકથી વધુ હોય તે.

o સાધર્મિક – સમાન આચારવાળા હોય તે.

o વૈધર્મિક – અસમાન આચાર કે વ્યવહારવાળા હોય તે.

### મૂળ-૨૪ થી ૪૫

આ કારણોથી એકલા થાય તે કારણિક કહેવાય. એવા અશિવાદિ દશ કારણો કહેલ છે. તે આ પ્રમાણે –

**૧. અશિવ –** દેવતા આદિના ઉપદ્રવ થવાથી, બાર વર્ષ પૂર્વે એવી ખબર પડે કે આ પ્રદેશમાં દુષ્કાળ આદિ થવાનો છે, તો સાધુઓ તે વખતે ત્યાંથી વિહાર કરી સૂત્રપોરિસિ આદિ કરતા સુકાળ પ્રદેશમાં જાય.

દુકાળ પડવાની ખબર આ રીતે પડી શકે છે – ૧. અવધિજ્ઞાન હોવાથી ૨. તપસ્વીના પ્રભાવથી કોઈ દેવતા આવીને કહી જાય. ૩. આચાર્ય નિમિત્તતા જ્ઞાન વડે કહે અથવા કોઈ નૈમિત્તિક કહી દે.

બાર વર્ષ પૂર્વે દુકાળની ખબર પડે તો બાર વર્ષ પૂર્વે વિહાર કરી જાય, તે ક્ષેત્ર છોડી દે. કદાચ બાર વર્ષ પૂર્વે ખબર ન પડે પણ અગિયાર વર્ષ પૂર્વે ખબર પડે તો ત્યારે વિહાર કરી જાય. એ રીતે યાવત્ દશ-નવ-આઠ-સાત-છ-પાંચ-ચાર-ત્રણ-બે-એક વર્ષ અગાઉ જાણ થાય તો તે વખતે પણ વિહાર કરી જાય,

છેવટે અશિવાદિ ઉત્પન્ન થયા પછી ખબર પડે તો ત્યારે વિહાર કરી સારા ક્ષેત્રમાં જાય. પણ રસ્તામાં જતા સૂત્ર પોરિસિ અને અર્થ પોરિસિ ન ચૂકે.

ઉપદ્રવ કરનાર દેવતાદિની ચતુર્ભંગી આ પ્રમાણે છે – ૧. સાધુને ઉપદ્રવ ન કરે, પણ ગૃહસ્થને કરે. ૨. ગૃહસ્થ ને ઉપદ્રવ ન કરે, પણ સાધુને કરે. ૩. બંનેને ઉપદ્રવ ન કરે. ૪. બંનેને ઉપદ્રવ કરે. ઉક્ત ચારમાંથી ત્રીજા ભાંગામાં રહેવું. પણ બાકીના ત્રણે ભંગોમાં અવશ્ય વિહાર કરી જવો. પહેલા ભાંગામાં સાધુને ઉપદ્રવ કરનાર નથી. પરંતુ ગૃહસ્થને ઉપદ્રવ કરતા દેવતા કદાચ સાધુને પણ ઉપદ્રવ કરનાર થઈ જાય. માટે તેમાં ત્યાં ન રહેવું.

ગામમાં ઉપદ્રવ થયા પછી નીકળવાનું થાય તો ઉપદ્રવ કરનાર દેવતા આખા ગચ્છને ઉપદ્રવ કરે તેવું લાગે તો સાધુ અડધા-અડધા થઈને વિહાર કરે. અડધા થયા પછી પણ ઉપદ્રવ કરે તો તેથી ઓછા થઈને વિહાર કરે યાવત્ છેવટે એક-એક થઈને વિહાર કરે.

જેવા પ્રકારના દેવતા હોય તેવા પ્રકારે સંકેત કરીને બધા વિહાર કરે અને જ્યાં એકઠા થાય ત્યાં જે ગીતાર્થ

હોય તેની પાસે આલોચના કરે.

જો સૌમ્યમુખી દેવતા હોય તો તે તે જ ક્ષેત્રમાં ઉપદ્રવ કરે. તેથી બીજા ક્ષેત્રમાં જવું. કાળમુખી દેવતા હોય તો ચારે દિશામાં બીજા ક્ષેત્રમાં પણ ઉપદ્રવ કરે. માટે ત્રીજા ક્ષેત્રમાં જવું. રક્તાક્ષી દેવ હોય તો ચારે દિશાના ત્રીજા ક્ષેત્રમાં પણ ઉપદ્રવ કરે, માટે ત્રણ ક્ષેત્રને મૂકીને ચોથા ક્ષેત્રમાં જવું.

જો નીકળતા પહેલાં કોઈ સાધુને મિથ્યાદષ્ટિ દેવતાએ ઉપદ્રવ કરેલ હોય તો તે સાધુને પૂછીને શક્ય હોય તો બીજા કોઈ કારણોસર રોકાયેલા સાધુને ભલામણ કરીને બીજા સાધુઓ ઉપદ્રવથી ન ઘેરાય તે માટે વિહાર કરી જાય.

હવે ઉપદ્રવવાળાની સારવાર કેમ કરવી ? તે બતાવે છે – કોઈ કારણથી કોઈ ગ્લાનાદિની વૈયાવચ્ચના કારણે નીકળી શકાય તેમ ન હોય અને સેવા માટે રોકાવું પડે તો વૈયાવચ્ચાર્થે રોકાયેલા સાધુએ –

૧. વિગઈ ન વાપરવી, ૨. મીઠું ન વાપરવું, ૩. દશીવાળું વસ્ત્ર ન વાપરવું, ૪. લોઢાનો સ્પર્શ ન કરવો. ૫. જે ઘરમાં દેવતાનો ઉપદ્રવ હોય તે ઘરોમાં ગોચરી ન જવું. ૬. બધા જ ઘરોમાં દેવતાનો ઉપદ્રવ હોય તો, આહાર ગ્રહણ કરતા ગૃહસ્થ સામી એક નજર ન કરવી, કેમ કે દૃષ્ટિ એક થવાથી તેનો ઉપદ્રવ સાધુમાં સંક્રમવાની સંભાવના છે.

જે સાધુને દેવતાદિનો ઉપદ્રવ હોય, તેને બીજા ઓરડામાં રાખવો, બીજો ઓરડો ન હોય તો વચ્ચે પડદો રાખવો. અંદર જવા-આવવાનો રસ્તો જુદો રાખવો, એટલે જે બાજુથી જાય તેની બીજી બાજુથી બહાર આવે.

આહારાદિ ત્રણ પરંપરાએ આપે, એક આપે, બીજો ગ્રહણ કરે અને ત્રીજો ઉપદ્રવવાળા સાધુને અનાદરથી આપે. આપ્યા પછી તેના દેખતા માટીથી હાથ ધોઈ નાંખે કેમ કે અનાદરથી ઉપદ્રવ કરનાર દેવતાદિ જલદી ચાલ્યા જાય. સાધુને ઊંચા-નીચા કરવા પડે કે ફેરવવા પડે તો વચમાં કપડું રાખીને સારવાર કરે.

સેવા કરનાર સાધુ ૧. બીકણ ન હોવા જોઈએ. ૨. તપશ્ચર્યામાં વધારો કરે. નવકારશીવાળો પોરિસિ કરે, પોરિસિવાળો સાર્દ્ધ પોરિસિ કરે એ પ્રમાણે જે તપ કરતો હોય તેમાં વૃદ્ધિ કરે.

ઉપદ્રવવાળો સાધુ કદાચ કાળ કરી જાય તો, તેની ઉપધિ, પાતરા વગેરે પરઠવી દેવા. તેની કોઈ પણ વસ્તુ બીજા કોઈએ ન વાપરવી. કેમ કે જો તે સાધુની ઉપધિ, પાતરા આદિ કોઈપણ વસ્તુ બીજા સાધુ વાપરે, તો કદાચ દેવતાદિ તેને પણ ઉપદ્રવ કરે.

કોઈ કારણે તે ક્ષેત્ર છોડી જવાનો અવસર આવે તો, તે ઉપદ્રવવાળા સાધુને કોઈ બીજા સાધુને સોંપે, સાધુ ન હોય તો પાસત્થાદિ પાસે મૂકે, તે ન હોય તો ચૈત્યવાસી પાસે મૂકે, તે ન હોય તો શય્યાતરને સોંપે, તે પણ ન હોય તો છેવટે કોઈ યોગ્ય ઉપાયપૂર્વક પોતે નીકળી જાય.

**૨. દુકાળ** – બાર વર્ષ પૂર્વે ખબર પડે તો ત્યારે નીકળી જાય યાવત્ દુકાળ પડે ત્યારે નીકળી જાય. જતાં આખા ગચ્છનો નિભાવ થાય તેમ હોય તો બધા સાથે નીકળે, બધાનું પૂરું થાય તેમ ન હોય તો અડધા-અડધા જાય. અથવા ત્રણ ભાગમાં કે ચાર ભાગમાં કે યાવત્ એકલા વિહાર કરી જાય.

જેમ ગાયોનો ચારો એક સ્થાને પૂરો થાય તેમ ન હોય તો ગોવાળ ગાયોને થોડી થોડી જુદે જુદે સ્થાને ચરાવે છે, તેમ આચાર્ય પણ સાધુનો નિર્વાહ થાય તેમ ન હોય તો યાવત્ એક-એક સાધુને વિહાર કરાવે. તેમાં ગ્લાન સાધુને એકલા ન મૂકે પણ સાથે લઈ લે.

**૩. રાજભય** – રાજા તરફથી ચાર પ્રકારે ભય થાય – ૧. વસતી ન આપે, ૨. આહાર-પાણી ન આપે, ૩. વસ્ત્ર-પાત્રાદિ લઈ લે, ૪. મારી નાંખે, તો આવા સંયોગોમાં રાજમાંથી નીકળી કોઈ નિરૂપદ્રવી-સારા ક્ષેત્રમાં જાય.

શંકા. સાધુઓને તો હાથ, પગ, જીભ કાબૂમાં હોય છે, ઇન્દ્રિયો પણ સ્વાધીન હોય છે, તો પછી રાજા તેમને શું કરે ?

સમાધાન. ૧. કોઈ વખતે કોઈએ સાધુનો વેશ લઈ રાજકુળમાં પ્રવેશી કોઈનું ખૂન કર્યું હોય. તેથી કોપાયમાન થયેલો રાજા બધા સાધુને બોલાવીને મારી નાંખે કે બીજા પાસે મરાવી નાંખે.

૨. કોઈ રાજા સાધુનું દર્શન અમંગલ માનતો હોય.

૩. કોઈ રાજાને ચડાવે કે આ સાધુ તમારું બગાડવા માંગે છે.

૪. રાજાના નિષેધ છતાં કોઈએ દીક્ષા આપી હોય, તેથી કોપાયમાન રાજા સાધુને હેરાન કરે.

૫. કોઈ સાધુવેશ ધારીએ અંતઃપુરમાં જઈ અકૃત્ય કરેલ હોય.

૬. કોઈ વાદી સાધુએ અભિમાની રાજાનો પરાભવ કરેલ હોય, રાજા તેનાથી કોપાયમાન થઈ કંઈ ઉપદ્રવ કરતો હોય તો એકાકી થઈ વિહાર કરી જાય.

**૪. ક્ષુભિત** – ક્ષુભિત એટલે ભય પામવો કે ત્રાસ પામવો. જેમ કે ઉજ્જૈની નગરીમાં ઘણા ચોર લોકો ગામમાં આવીને ઘણા મનુષ્યોનું હરણ કરી જતા હતા. કોઈ વખતે કેટલાક માણસો કોઈ ઝાડ નીચે બેઠા હતા, ત્યારે કોઈ માણસે 'માલા પતિતા' એમ કહ્યું. માળા પડી ગઈ તેમ અર્થ કરવાના બદલે 'માળવાના ચોરો આવ્યા' એમ સમજી, ગભરાઈને ત્યાં બેઠેલા માણસોએ નાસભાગ કરી મૂકી. એવી રીતે અકસ્માતે કોઈ સાધુ ક્ષોભ થવાથી એકલો થાય.

**૫. અનશન** – કોઈ સાધુને અનશન કરવું છે, આચાર્ય પાસે કોઈ નિર્યામક સાધુ નથી, પણ બીજા સ્થાને છે, તેથી અનશન કરવા ઇચ્છુક સાધુએ બીજે સ્થાને જાય, ત્યારે રસ્તામાં એકલા થવું પડે અથવા કોઈ અનશન સ્વીકારેલ સાધુ, તે સાધુ પાસે અપૂર્વ શ્રુતજ્ઞાન છે, તેવું બીજા કોઈ પાસે નથી તો સૂત્ર–અર્થ કે ઉભય સ્વીકારવા સંઘાટકના અભાવે એકલો પડી જાય. અથવા અનશની સાધુની સેવા માટે સંઘાટકના અભાવે એકલો જાય.

**૬. સ્ફટિત** –

૧. માર્ગે જઈ રહ્યા છે, રસ્તામાં બે ફાંટા આવે, ત્યાં ભૂલથી બીજા રસ્તે ચડી જાય, તેથી એકલા થઈ જાય.

૨. ધીમે ધીમે ચાલવાના કારણે પાછળ રહી જાય.

૩. ડુંગર આદિ ચઢાવ આવે ત્યાં બીજા સામર્થ્યવાન સાધુ ચડીને આગળ જાય પણ ગ્લાન, બાળ, વૃદ્ધ આદિ સાધુ તેના ઉપર ચડી શકે તેમ ન હોય તેથી ફરીને જાય તેથી એકલા પડે.

**૭. ગ્લાન** – બીમાર સાધુ માટે ઔષધાદિ લાવવા માટે કોઈ ન હોય તેથી એકલા જવું પડે. અથવા બીજા કોઈ સ્થાને સાધુ બીમાર હોય, તેની સેવા કરનાર કોઈ નથી, તો તેની સેવાર્થે એકાકી જવું પડે.

**૮. અતિશય** – કોઈ અતિશય સંપન્ન આત્મા જ્ઞાનથી જાણે અથવા તેને ખબર પડે કે 'નવદીક્ષિત સાધુને પાછો લઈ જવા તેના સ્વજનો આવે છે' આવા કારણે સંઘાટકના અભાવે સાધુને એકલા વિહાર કરાવે. અહીં સાધુના રક્ષણ માટે એકાકી કરાય છે.

**૯. દેવતા** – તેમના નિમિત્તે એકલા થવું પડે. તેનું દૃષ્ટાંત કહે છે –

કલીંગ દેશમાં કંચનપુર નામે નગર હતું. ત્યાં ઘણા જ્ઞાની આચાર્યો રહેતા હતા. કોઈ વખતે આચાર્યશ્રી શિષ્યોને પાઠ આપીને ગામ બહાર સ્થંડિલ ભૂમિ જતા હતા. રસ્તામાં ઝાડ નીચે કોઈ સ્ત્રી રૂદન કરી રહી હતી. આચાર્યએ તેણીને જોઈ, બીજા દિવસે પણ જોઈ. આચાર્ય ભગવંતે વિચાર્યું – આ સ્ત્રી કેમ રૂદન કરતી હશે ? પાછા વળતા તેણીને પૂછ્યું – કેમ રડે છે ?

તે સ્ત્રી બોલી – મારે થોડું રડવાથી શું થશે ? હું આ નગરની દેવતા છું. આ નગરી જળપ્રલયથી ડૂબી જવાની છે. વળી તમે ભૂમિમાં અહીં સ્વાધ્યાય કરો છો, તેનો વ્યાઘાત થશે, એટલે તમે પણ ચાલ્યા જશો.

આચાર્યએ પૂછ્યું – નગરીમાં જળપ્રલય થશે એમ કઈ રીતે જાણવુ ? દેવતાએ કહ્યું – કાલે નાના સાધુને ભિક્ષામાં દૂધ મળશે. તે દૂધ પાત્રમાં પડતા જ લોહી થઈ જશે. તેનાથી તમે જાણજો કે જળપ્રલય થશે. તે દૂધ બીજા

સાધુઓને પાત્રમાં થોડું–થોડું આપજો અને તે પાત્ર સાથે વિહાર કરાવજો જે ક્ષેત્રમાં દૂધ સ્વાભાવિક થઈ જાય, ત્યાં જળ પ્રલય નહીં થાય.

**૧૦. આચાર્ય** – કોઈ કારણે આચાર્ય, સાધુને એકલા મોકલે તેથી એકલા જવું પડે. જેમ કે, અમુક કાર્ય માટે કોઈ સમર્થ સાધુને આજ્ઞા આપે ત્યારે તે સાધુ કહે કે – "આપે મારા ઉપર મહાન ઉપકાર કર્યો." હવે તે સાધુને સવારમાં વહેલું જવાનું હોય તો સૂત્ર પોરિસિ કરીને કે કર્યા વિના સૂઈ જાય. સૂતા પહેલાં પણ આચાર્યશ્રીને કહેતો જાય કે, "આપે કહેલા કામ માટે હું સવારે જઈશ." તેમ ન કહેવામાં દોષ અને પૂછતા લાભ છે.

જેમ કે – ૧. કદાચ આચાર્યને યાદ આવે કે, મારે અમુક કાર્ય કહેવાનું હતું પણ બીજું કહ્યું.

૨. જે કામ માટે સાધુને મોકલવાના છે, તે પ્રયોજન સાર્થક થાય તેમ નથી કેમ કે તે આચાર્ય ત્યાં નથી.

૩. સંઘાટક આચાર્યને કહે કે – આપે અમુક સાધુને જવા માટે આજ્ઞા કરી, પણ તે સાધુ ગચ્છમાંથી નીકળી જવાની ઈચ્છાવાળો છે.

સાધુ પૂછવા આવે ત્યારે આચાર્યશ્રી કહે કે – "જવાની જરૂર નથી" અથવા જે કાર્યની ભલામણ કરવાની હોય તે કરીને, "જવાની આજ્ઞા આપો."

સવારમાં જનારો સાધુ આચાર્ય પાસે આવે. જો આચાર્યશ્રી નિદ્રામાં હોય તો ગીતાર્થ સાધુ આચાર્યશ્રી જગાડે કે પગે સંઘટ્ટના કરે એટલે જાગે. સાધુ તેમને વંદના કરીને કહે – "આપે જે કામ બતાવ્યુ તે માટે હું જઉં છું."

જો આચાર્યશ્રી ધ્યાનાદિમાં હોય તો જનાર સાધુ ત્યાં ઊભો રહે. કેમ કે ધ્યાનાદિમાં કોઈ કાર્ય સિદ્ધ થવાનું હોય તો અટકી જાય. ધ્યાન પૂર્ણ કરે, ત્યારે વંદના કરીને કહે કે – "હું કાર્ય કરવા માટે જઉં છું." જનાર સાધુ, રત્નાધિકાદિ બધાને વંદના કરે.

આવા એકાકી સાધુ વિહારમાં શો વિધિ સાચવે ?

## મૂળ–૪૬ થી ૫૭

**૧. વિહાર વિધિ** – ઘણે લાંબે જવાનું હોય તો વહેલો વિહાર કરે. નીકળતી વખતે ઘણુ અંધારુ હોય કે કૂતરા કે શિકારી જનાવરનો ભય હોય તો, બીજો સાધુ તેની સાથે અજવાળુ હોય ત્યાં સુધી જાય. જનાર સાધુને લઘુનીતિ, વડી નીતિની શંકા હોય તો ગામની નજીક શંકા ટાળીને આગળ વિહાર કરે, બીજો સાધુ વસતીમાં પાછો જાય. વહેલા જવામાં ચોર આદિનો ભય હોય તો અજવાળુ થયા પછી વિહાર કરે.

જનાર સાધુને આહાર કરીને જવાની ઈચ્છા હોય તો, ગીતાર્થ સાધુ સંખડી કે સ્થાપના કુળમાંથી યોગ્ય વસ્તુ લાવી આપે. તે સાધુને વસતીમાં વાપરવું હોય તો વાપરી લે, ન વાપરવું હોય તો સાથે લઈને વિહાર કરે અને બે કોસમાં વાપરી લે, કેમ કે તેનાથી વધુ આહાર–પાણી લઈ જવાથી ક્ષેત્રાતિક્રમ દોષ લાગે.

ગામની હદ પૂરી થતા રજોહરણથી પગ પૂંજી લે. જેથી મિશ્ર કે સચિત્ત પૃથ્વીની વિરાધના ન થાય. જ્યાં જ્યાં જુદી ભૂમિ આવે ત્યાં ત્યાં અવશ્ય પગ પૂંજે. જો કોઈ ગૃહસ્થ જોતા હોય તો પગ પૂંજવામાં ભજના. પગ નિષદ્યાથી પૂંજે, રજોહરણથી નહીં. તે નિષદ્યા શરીરને ન અડે તેમ હાથમાં લટકતી રાખીને થોડે સુધી જાય, ગૃહસ્થ ન દેખાય ત્યારે ફરી તેને બગલમાં મૂકી દે. પગ પૂંજતી વખતે ત્યાં રહેલ ગૃહસ્થ કોઈ ચાલતો હોય, કોઈ કાર્યમાં ચિત્તવાળો હોય તો રજોહરણ થી પગ પૂંજે. તેમાં આઠ ભાંગા થાય. તેમાં કયા ભંગમાં પગ પૂંજે અને કયા ભંગમાં ન પૂંજે તે કહે છે –

જો ગૃહસ્થ ૧. ચલ, વ્યાક્ષિપ્ત કે અનુપયુક્ત હોય, ૨. ચલ, અવ્યાક્ષિપ્ત કે અનુપયુક્ત હોય, ૩. સ્થિર, વ્યાક્ષિપ્ત કે અનુપયુક્ત હોય, ૪. સ્થિર, અવ્યાક્ષિપ્ત કે અનુપયુક્ત હોય તો પ્રમાર્જના કરે. પણ જો ગૃહસ્થ ઉપયુક્ત હોય તો ચલ, સ્થિર, વ્યાક્ષિપ્ત કે અવ્યાક્ષિપ્ત એ ચારમાંથી એકે ભંગમાં પ્રમાર્જના ન કરે. અહીં સ્થિર – ઊભો હોય. અવ્યાક્ષિપ્ત – કંઈ કામ કરતો ન હોય. ઉપયુક્ત – સાધુ શું કરે છે ? તે તરફ ધ્યાન હોય.

ઉપરોક્ત આઠ ભાંગામાં પહેલાં ભંગમાં તો અવશ્ય પ્રમાર્જના કરે, બાકીના ભંગોમાં સાધુ તરફ ગૃહસ્થનો ઉપયોગ જ્યાં હોય ત્યાં ન પૂંજે, પણ ઉપયોગ ન હોય ત્યાં પૂંજે. તેથી સૂત્રકારે ભજના શબ્દ કહેલ છે.

**વિહાર કરતા રસ્તો કઈ રીતે પૂછવો** ? રસ્તો પૂછવામાં ત્રણ ત્રિક થાય છે. બે વ્યક્તિને રસ્તો પૂછવો, જેથી ભૂલા ન પડાય. મુખ્યતાએ બે તરુણ શ્રાવકને રસ્તો પૂછવો, તે ન હોય તો બે તરુણ, અન્યધર્મીને પ્રીતિપૂર્વક રસ્તો પૂછવો, બાકીના આઠ ભાંગામાં પૂછવાથી દોષ સંભવે છે. તે આઠ આ પ્રમાણે –

૧. વૃદ્ધ – વિસ્મૃતિથી રસ્તો બરાબર બતાવી ન શકે.

૨. બાળક – ક્રીડાપ્રિય હોવાથી ખોટો રસ્તો બતાવી દે.

૩ અને ૪. સ્ત્રી અને નપુંસક – જો મધ્યમ વયના હોય તો કોઈ શંકા કરે કે સાધુ આની સાથે શું વાત કરે છે ? અથવા બંનેમાં અકાર્ય છે.

૫ થી ૮. વૃદ્ધ નપુંસક, બાળ નપુંસક, વૃદ્ધ સ્ત્રી, બાલિકા – આ ચારે માર્ગથી અજાણ હોય અથવા બરાબર જાણતા ન હોય.

નજીકમાં રહેલાની પાસે જઈને રસ્તો પૂછે. જો તે માણસ મૂંગો રહે તો ન પૂછે, જો તે માણસ મૌન રહે તો ન પૂછે. જો દૂરથી બૂમ પાડીને પૂછે, તો કદાચ શંકા થાય કે – 'આની પાસે દ્રવ્ય હશે કે બળદ આદિને લઈ જનાર હશે ?' અથવા તે દોડતો આવે તો રસ્તામાં વનસ્પતિ આદિની વિરાધના થાય. સાધુ જો દૂર સુધી તેની પાસે જાય તો પૃથ્વીકાયાદિ વિરાધના થાય, પગમાં કાંટો વાગવાનો સંભવ રહે. આથી સંયમ વિરાધના અને આત્મ વિરાધના થાય. તેથી નજીકમાં રહેલાને પૂછે.

મધ્યમ વયના પુરુષ ન હોય તો દૃઢ સ્મૃતિવાળા વૃદ્ધને પૂછે. દૃઢ સ્મૃતિવાળા વૃદ્ધ ન હોય તો ભદ્રિક તરુણને પૂછે, સ્ત્રી હોય તો પહેલાં મધ્યમ વયવાળી સ્ત્રીને પૂછે. તે ન હોય તો દૃઢ સ્મૃતિવાળી વૃદ્ધાને પૂછે. તે ન હોય તો તરુણીને પૂછે, તે ન હોય તો સરળ બાળાને પૂછે.

નપુંસકમાં પહેલાં મધ્યમ વયના નપુંસકને પૂછે, ન હોય તો દૃઢ સ્મૃતિવાળા વૃદ્ધ નપુંસકને પૂછે, તે ન હોય તો સરળ નપુંસકને પૂછે.

આ દરેકમાં પરસ્પર સંયોગી ભાંગા ૧૭૧ થાય છે. સાધર્મિકમાં–૪૫ અને અન્યધર્મીમાં ૪૫ ભંગો, ઉભયમાં–૮૧ ભાંગા એમ કુલ–૧૭૧ થાય.

## મૂળ–૫૮ થી ૯૮

માર્ગે ચાલતા છકાયની જયણા પાળવી. તે આ પ્રમાણે –

**૧. પૃથ્વીકાયની જયણા** – પૃથ્વીકાય સચિત્ત, અચિત્ત અને મિશ્ર એ ત્રણ ભેદે હોય છે.

તેથી અચિત્ત પૃથ્વીમાં જાય. અચિત્તમાં પણ આર્દ્ર અને શુષ્ક બંને હોય તો શુષ્કમાં ચાલે.

શુષ્કમાં પણ રેતીવાળો અને રેતી વિનાનો માર્ગ હોય તો રેતી વિનાના માર્ગે જાય.

રેતી વિનાના માર્ગમાં પણ આક્રાંત અને અનાક્રાંત બે પ્રકારે માર્ગ હોય, તેમાં આક્રાંત માર્ગે જાય.

આર્દ્ર માર્ગ પણ ત્રણ પ્રકારે હોય. મધુસિક્થ–પગથી પાની સુધીનો કાદવ, પિંડક–પગે મોજા પહેર્યા હોય તેમ લાગે તેટલો કાદવ. ચિક્ખિલ્લ–ગરકી જવાય તેટલો કાદવ. શુષ્ક માર્ગ ન હોય તો જ આર્દ્ર માર્ગે જાય.

માર્ગમાં જતા સંયમ વિરાધના અને આત્મવિરાધના ન થાય તેવી પૃથ્વી ઉપર ચાલે. સંયમવિરાધના એટલે સજીવ પૃથ્વીકાયની વિરાધના થાય તે. આત્મવિરાધના–કાંટા આદિ વાગતા શરીરને પીડા થાય તે.

શિયાળા અને ઉનાળામાં રજોહરણ (નિષદ્યા)થી પગ પૂંજે અને ચોમાસામાં પાદલેખનિકાથી પૂંજે. પાદલેખનિકા–૧૨ આંગળ લાંબી, એક આંગળ જાડી, બંને બાજુ નખની જેવી અણિયાળી કોમળ દરેક રાખવાની

હોય. જેમાં એક તરફથી સચિત્ત પૃથ્વી દૂર કરે, બીજી બાજુથી અચિત્ત પૃથ્વી દૂર કરે.

**૨. અપ્કાયની જયણા** – પાણી બે પ્રકારે હોય, ૧. આકાશથી પડતું, ૨. જમીનથી નીકળતું.

આકાશમાંથી પડતું પાણી પણ બે પ્રકારે – ૧. ધુમ્મસનું, ૨. વરસાદનું.

ધુમ્મસ પડતું હોય ત્યારે મકાનના બારી–બારણા બંધ કરી, કામળી ઓઢીને મકાનમાં એક બાજુ બેસી રહે. પડિલેહણાદિ ક્રિયા ન કરે, ઊંચે અવાજે ન બોલે, જરૂર પડે પરસ્પર ઈશારાથી જ વાત કરે.

વરસાદ પડતો હોય ત્યારે મકાનમાંથી બહાર ન જાય, નીકળ્યા પછી જો વરસાદ પડે તો રસ્તામાં વૃક્ષ નીચે ઊભો રહે. ઘણો વરસાદ પડતો હોય તો સૂકા ઝાડ ઉપર ચડી જાય અથવા કોઈ એવા સ્થાને રહે કે જ્યાંથી શરીર ઉપર પાણી ન પડે. ભય હોય તો કામળી ઓઢીને જાય.

માર્ગમાં નદી આવે તો બીજો રસ્તો હોય તો ફરીને જાય. પુલ હોય તો પુલ ઉપરથી જાય. ભયવાળો કે રેતી ખરતો પુલ હોય તો ન જાય.

જે નદીમાં પાણી અડધી જંઘા જેટલું હોય તેને સંઘટ્ટ કહે છે. નાભિ પ્રમાણ પાણીને લેપ કહે છે. નાભિથી વધારે પાણી હોય તેને લેપોપરી કહે છે.

સંઘટ્ટ નદી ઊતરતા એક પગ પાણીમાં અને બીજો પગ પાણીથી અદ્ધર રાખવો. તેમાંથી પાણી નીતરી જાય એટલે તે પગ આગળ પાણીમાં મૂકે અને પાણીમાં રહેલ પગ બહાર કાઢે, પછી તે પગ નીતરી જાય એટલે આગળ મૂકે. સામે કિનારે પહોંચી ઊભો રહે, પાણી નીતર્યા પછી ઈરિયાવહી કરે.

નાભિ પ્રમાણ પાણીવાળી નદી નિર્ભય હોય તો, ગૃહસ્થાદિ ઉતરતા હોય ત્યારે તેમની પાછળ–પાછળ ઊતરે. જો ભય હોય તો ચોલપટ્ટાને ગાંઠ વાળી માણસોની વચમાં ઊતરે કેમ કે કદાચ પાણીમાં ખેંચાય તો લોકો બચાવી લે. સામે કિનારે પહોંચી ચોલપટ્ટાનું પાણી નીતરી જાય ત્યાં સુધી ઊભો રહે. પછી ઈરિયાવહી કરી આગળ જાય. જો કાંઠે શિકારી પશુ કે ચોર આદિનો ભય ન હોય તો ચોલપટ્ટો શરીરને ન અડે તેમ લટકતો રાખે.

નદી ઉતરતી વેળા ગૃહસ્થ ન હોય તો નાલિકાથી પાણી માપે. જો ઘણુ પાણી હોય તો ઉપકરણો ભેગા કરી બાંધી લે અને મોટું પાત્ર ઉંધુ શરીર સાથે બાંધીને તરીને સામે કાંઠે જાય.

નાવમાં બેસીને ઊતરવું પડે તેમ હોય તો નાવમાં થોડા માણસો બેસે પછી ચડે. નાવમાં મધ્ય ભાગે બેસે, ઉતરતા થોડા માણસો ઉતર્યા પછી ઉતરે.

નાવમાં બેસતા સાગારિક અનશન કરે અને કાંઠે ઉતરી ઈરિયાવહી કરી આગળ જાય.

**૩. તેઉકાયની જયણા** – રસ્તામાં જતા વનદવ આગળ હોય તો પાછળ જવું, સામે આવતો હોય તો સૂકી જમીનમાં ઊભા રહેવું. સૂકી જમીન ન હોય તો કામળી ભીની કરીને ઓઢી લે. જો ઘણો અગ્નિ હોય તો ચામડું ઓઢી લે અથવા ઉપાનહથી ચાલે.

**૪. વાયુકાયની જયણા** – પવન ઘણો હોય તો પર્વતની ખીણમાં કે વૃક્ષના ઓથે ઊભા રહે ત્યાં ભય હોય તો નિશ્છિદ્ર કામળી ઓઢી લે.

**૫. વનસ્પતિકાયની જયણા** – પ્રત્યેક અને સાધારણ વનસ્પતિકાય. દરેકમાં અચિત્ત, મિશ્ર, સચિત્ત.

તેમાં પ્રત્યેકમાં સ્થિર અને અસ્થિર.

તે દરેકમાં પણ આક્રાંત નિષ્પ્રત્યપાય, આક્રાંત સપ્રત્યપાય, અનાક્રાંત નિષ્પ્રત્યપાય અને અનાક્રાંત સપ્રત્યપાય એ ચાર ભેદો જાણવા.

તેમાં – આક્રાંત એટલે કચડાયેલી નિષ્પ્રત્યપાય – ભય રહિત, અનાક્રાંત – ન કચડાયેલ, સપ્રત્યપાય – ભયવાળી. સ્થિર – દૃઢ સંઘયણી આમાં જયણા કઈ રીતે ?

મુખ્ય રીતે તો – ૧. અચિત્ત, પ્રત્યેક, સ્થિર, આક્રાંત, ભય વિનાની વનસ્પતિમાં જવું. તે ન હોય તો

૨. અચિત્ત, પ્રત્યેક, સ્થિર, અનાક્રાંત, ભય વિનાની વનસ્પતિમાં જવું. તે ન હોય તો

૩. અચિત્ત, પ્રત્યેક, અસ્થિર, આક્રાંત અને ભય વિનાની વનસ્પતિમાં જવું. તે ન હોય તો

૪. અચિત્ત, પ્રત્યેક, અસ્થિર, અનાક્રાંત, ભય વિનાની વનસ્પતિમાં જવું.

આ જ રીતે ચાર ભંગ અનંતકાય વનસ્પતિના કહેવા. તે પણ ન હોય તો મિશ્ર, પ્રત્યેક, સ્થિર, આક્રાંત અને ભય રહિત વનસ્પતિમાં જવું. તે પણ ન હોય તો બાકીના સાત અચિત્ત મુજબ સમજી લેવા. તે પણ ન હોય તો સચિત્ત, પ્રત્યેક, સ્થિર, આક્રાંત, ભયરહિત માર્ગે જવું. બાકીના સાત અચિત્ત પ્રમાણે સમજી લેવા. આ રીતે કુલ-૨૪ ભંગ થાય.

છેવટે ભય વિનાની વનસ્પતિમાં જયણાપૂર્વક જવું.

**૬. ત્રસકાયની જયણા** – બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય, પંચેન્દ્રિય. તે દરેકમાં સચિત્ત, મિશ્ર અને અચિત્ત. દરેકમાં સ્થિર સંઘયણ અને અસ્થિર સંઘયણવાળા.

તે દરેકમાં આક્રાંત, અનાક્રાંત, સપ્રત્યપાય, નિષ્પ્રત્યપાય.

સચિત્ત – જીવતા બેઇન્દ્રિયાદિ જીવોથી વ્યાપ્ત ભૂમિ.

અચિત્ત – મૃત બેઇન્દ્રિય આદિ જીવોથી વ્યાપ્ત ભૂમિ.

મિશ્ર – કેટલાક જીવતા અને કેટલાક મરેલા હોય તેવી. આ બધામાં મુખ્યતાએ અચિત્ત વ્યાપ્ત ભૂમિમાં જવું.

સજાતીયમાં યતના કહીને પછી **વિજાતીયમાં યતના** કહે છે. તે આ – પૃથ્વીકાય અને અપ્કાય હોય તો પૃથ્વીકાયમાં જવું યાવત્ ત્રસકાય હોય તો ત્રસ રહિત ભૂમિમાં જવું.

આ બધા ભંગોમાં ઓછી વિરાધના થાય તેવા માર્ગે જવું. આ રીતે જતા જો આત્મવિરાધના થતી હોય તો સંયમ વિરાધનાને ગૌણ કરીને પણ આત્મરક્ષા કરવી. કેમ કે બધે સંયમ રક્ષા કરવી. સંયમથી પણ આત્માની રક્ષા કરવી. કેમ કે જીવતો હશે તો જીવ વિરાધનાદિથી આત્માની શુદ્ધિ, તપ વગેરે દ્વારા કરી શકાશે.

શંકા. જીવની હિંસા થવાથી પહેલા મહાવ્રતનું ખંડન થયું. વળી કહ્યું કે – **એક વ્રતના ખંડનમાં બધા વ્રતનું ખંડન થાય છે** તેનું શું ? સમાધાન. આશય શુદ્ધિ હોવાથી તથા ચિત્તના વિશુદ્ધ પરિણામ હોવાથી તેને અવિરતી થતી નથી. વિશુદ્ધ પરિણામ મોક્ષનો હેતુ છે.

શંકા. 'સાધુ શરીરને સાચવે એમ કહ્યું તો પછી ગૃહસ્થ અને સાધુમાં ફેર શો ? કેમ કે ગૃહસ્થ પણ કાદવ, શિકારી પશુ આદિ હોય તેવા રસ્તે જતા નથી.

સમાધાન. સાધુ અને ગૃહસ્થમાં ઘણો ફેર છે. કેમ કે ગૃહસ્થો જયણા, અજયણા, સચિત્ત, મિશ્ર આદિ જાણી શકતા નથી. તેને જીવવધના પચ્ચક્ખાણ નથી, તેથી ગમે તેમ ચાલતો જીવ વિરાધના કરે છે. સાધુ ઉપયોગપૂર્વક, દયાના પરિણામથી જયણા પાળતા ચાલે છે. કદાચ જીવ વિરાધના થઈ જાય તો પણ શુદ્ધ સાધુને હિંસાજન્ય કર્મબંધ થતો નથી. કેમ કે જે અને જેટલા હેતુ સંસારના છે, તે અને તેટલા હેતુ મોક્ષના છે.

રસ્તામાં જયણાપૂર્વક ચાલતા ક્રિયા મોક્ષ માટેની થાય છે. જેમ તેમ ચાલે તો ક્રિયા કર્મબંધ માટે થાય છે. કર્મબંધ અને કર્મ નિર્જરામાં પણ સાધુ અને ગૃહસ્થને ઘણો ફરક પડે છે.

જિનેશ્વર ભગવંતે એકાંત નિષેધ કે એકાંત વિધિ કહેલ નથી. નિષેધ અને વિધિ વ્યક્તિ-વિશેષ છે. સાધુને આશ્રીને શાસ્ત્રમાં ઉત્સર્ગ અને અપવાદ બંને કહેલા છે, ગીતાર્થો જ તેનો નિર્ણય કરવા સમર્થ છે.

શંકા. બાહ્ય વસ્તુને આશ્રીને કર્મબંધ થતો નથી. પણ જેવો આત્માનો પરિણામ તે પ્રમાણે કર્મબંધ થાય છે. તો પછી પૃથ્વીકાય આદિની જયણા શું કામ કરવી ? માત્ર મન શુદ્ધ રાખવું.

સમાધાન. માત્ર બાહ્ય વસ્તુ જ કર્મબંધનું કારણ નથી, તો પણ મુનિઓ પરિણામની વિશુદ્ધિ માટે પૃથ્વીકાયાદિની યતના કરે છે. જો પૃથ્વીકાય આદિની યતના ન કરે તો પરિણામની શુદ્ધિ રહી શકે નહીં. તેથી મુનિઓએ અવશ્ય પૃથ્વીકાયાદિની યતના કરવી જોઈએ.

જો મુનિ જયણા રહિત વર્તે તો જીવહિંસા ન થાય તો પણ હિંસા પ્રત્યયિક કર્મબંધ થાય છે. પણ જો જયણા સહિત વર્તે તો કદાચ જીવહિંસા થાય તો પણ હેતુ કર્મબંધ થતો નથી. કેમ કે તેને પરિણામની શુદ્ધિ રહેલી છે.

### મૂળ-૯૯ થી ૧૦૭

૦ રસ્તામાં કોઈ ગામ વગેરે આવે તો તેમાં **પ્રવેશવાની વિધિ સંબંધે સાત દ્વારો** છે. ગ્લાન, ગ્લાનયતના વગેરે. તે આ પ્રમાણે –

**૧. ગ્લાનવિષયક પ્રથમ દ્વાર** – શાસ્ત્રકાર પહેલાં શંકા દ્વાર રજૂ કરી તેનો ઉત્તર આપે છે. શંકા. આચાર્યાદિના કાર્યાર્થે જલદી જવાનું છે, તો પછી ગામમાં પ્રવેશનું શું પ્રયોજન ?

સમાધાન. પ્રવેશમાં ઘણા ગુણો છે. જેમ કે –

૧. ઇહલૌકિક ગુણો – જેમને માટે ગયેલ હોય તે આચાર્ય આદિ અમુક સ્થાને છે કે માસકલ્પાદિ કરી તે જ ગામમાં આવેલા છે, તો ત્યાં જ કાર્ય થઈ જાય, આગળ વિચરવું ન પડે. અથવા ગામમાં આહારપાણી લઈને જઈ શકે.

૨. પારલૌકિક ગુણો – કદાચ ગામમાં કોઈ સાધુ-સાધ્વી બીમાર હોય તો તેની સેવાનો લાભ મળે. જિનમંદિર હોય તો દર્શનાદિ કરે. ઇત્યાદિ –

પૃચ્છા – ગામમાં પ્રવેશતા પૃચ્છા બે પ્રકારે થાય. અવિધિ અને વિધિ.

૧. અવિધિ પૃચ્છા – ગામમાં સાધુ છે કે નહીં ? પ્રશ્ન સાધુ વિશે હોવાથી, ગામમાં સાધ્વી હશે તો પણ પૂછનાર કહેશે કે – સાધુ નથી. 'સાધ્વી છે કે નહીં ?' તેમ પૂછે તો સાધુ હોવા છતાં પ્રશ્ન સાધ્વીનો હોવાથી – "નથી" તેમ કહેશે. શ્રાવક છે કે નહીં – એમ પૂછે તો થશે કે આને આહાર કરવો હશે. જો શ્રાવિકા વિશે પૂછે તો તેને થશે કે આ ખરાબ આચારવાળો છે. ઇત્યાદિ કારણે વિધિપૂર્વક પૃચ્છા કરવી જોઈએ.

૨. વિધિ પૃચ્છા – ગામમાં જવા આવવાને રસ્તે ઊભો રહીને કે ગામની નિકટ માણસોને પૂછે કે – ગામમાં અમારો પક્ષ છે ? સામેનો માણસ ન જાણતો હોય તો સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા છે ઇત્યાદિ પૂછે.

જિનાલય હોય તો પહેલાં દર્શન કરીને સાધુ પાસે જાય. વંદનાદિ કરે. પછી જો ત્યાં સાધુ એમ કહે કે – 'અહીં સાધુ બીમાર છે' તેના ઔષધાદિ વિશે અમે જાણતા નથી, તો તે બતાવે, વ્યાધિ શાંત પડે પછી વિહાર કરે. જો કોઈ કારણ ન હોય તો દર્શન-વંદન કરી આગળ જાય.

### મૂળ-૧૦૮ થી ૧૧૮

ગ્લાન નામક પહેલા દ્વારમાં જ સૂત્રકાર **ગ્લાનની પરિચર્યાદિ** વિશે આગળ કહે છે –

૧. ગમન-બીમાર સાધુમાં શક્તિ હોય તો વૈદ્યને ત્યાં લઈ જાય, જો શક્તિ ન હોય તો બીજા સાધુ ઔષધ માટે વૈદ્યને ત્યાં જાય.

૨. પ્રમાણ-વૈદ્યને ત્યાં એક સાધુ ન જાય, પણ ત્રણ, પાંચ કે સાત સાધુ જાય.

૩. ઉપકરણ-વૈદ્યને ત્યાં જતા ચોખ્ખા કાપ કાઢેલા કપડાં પહેરીને જવું.

૪. શુકન-સારા શુકન જોઈને જવું.

૫. વ્યાપાર-વૈદ્ય ભોજન કરતો કે ગડગુમડ કાપતો હોય ત્યારે ન પૂછવું.

૬. સ્થાન – વૈદ્ય ઉકરડે કે ફોતરાદીના ઢગલા ઉપર હોય તો ન પૂછવું.

૭. ઉપદેશ – વૈદ્યને યતનાપૂર્વક પૂછી તે જે કહે તે બરાબર સાંભળી લેવુ, તે મુજબ બીમારની પરિચર્યા કરવી

૮. વૈદ્યને લાવવા – જો વૈદ્ય કહે કે બીમારને જોવો પડશે તો બીમારને ઉપાડીને વૈદ્યને ત્યાં ન લઈ જવા, પણ વૈદ્યને ઉપાશ્રયમાં લાવવા. તે પહેલા બીમારને ગંધોદકથી વાસિત કપડાં પહેરાવવા, માટી પાણી આદિ વૈદ્યને ધોવા માટે રાખવું.

વૈદ્યના આવવાના સમય પહેલાં આચાર્યએ ઉપાશ્રયમાં આટા મારવા કેમ કે વૈદ્ય આવે ત્યારે આચાર્ય ઊભા થાય તો લાઘવતા થાય અને ન ઊઠે તો વૈદ્યને કોપ થાય.

ગ્લાન સાધુ આહાર લાવતો કે બહાર સ્થંડિલાર્થે જતો થઈ જાય ત્યાં સુધી વૈયાવચ્ચ કરે. પછી ત્યાં રહેલ સાધુ સહાય આપે તો તેની સાથે, નહીં તો એકલા આગળ વિહાર કરે.

અન્ય સાંભોગિક સાધુ હોય તો બીજા સાધુને સામાચારી જોતા વિપરીત પરિણામ ન થાય તે માટે પોતાના ઉપધિ આદિ ઉપાશ્રયની બહાર મૂકીને અંદર જાય. જો બીમાર માટે રોકાવું પડે તો બીજે રહે.

ગામમાં જતા કોઈ એમ કહે કે "તમે ગ્લાનની સેવા કરશો ?" તો સાધુ 'હા' કહે. જો સાધુ ઠલ્લા-માત્રાથી લેપાયેલા છે, તેમ જાણે તો પાણી લઈને ગ્લાન સાધુ પાસે જાય અને લોકો જુએ તે રીતે બગડેલા વસ્ત્રાદિ ધુવે. કોઈ પૂછે કે "કયા સંબંધથી આની સેવા કરો છો?" તો કહે કે ધર્મ સંબંધથી. જેથી લોકોમાં 'ધર્મ' વિશે અહોભાવ થાય.

સાધુ વૈદક જાણતો હોય તો તે રીતે ઔષધાદિ કરે, ન જાણતો હોય તો વૈદ્યની સલાહ મુજબ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી વૈયાવચ્ચ કરે. ગ્લાન કારણે એકલો થયો હોય તો સારુ થતા તેની અનુકૂળતા પ્રમાણે વિહાર કરે, નિષ્કારણ એકલો થયો હોય તો શાસ્ત્રોક્ત રીતે ઠપકો આપે.

**સાધ્વી સંબંધે વિધિ** – ગામમાં સાધ્વી રહેલા હોય તો ઉપાશ્રય પાસે આવી બહારથી નિસીહિ કહે. જો સાધ્વી સ્વાધ્યાયાદિમાં લીન હોય તો બીજા દ્વારા કહેવડાવે કે – 'સાધુ આવ્યા છે' તે સાંભળી મુખ્ય સાધ્વી સ્થવિરા હોય તો બીજા એક સાધ્વી સાથે બહાર આવે. સાધુને અસન આદિ નિમંત્રણા કરે. પછી સાધુ તે સાધ્વીઓની સુખશાતા પૂછે.

જો સાધ્વીજીને કોઈ બાધા હોય તો તે સાધુ તેનો નિગ્રહ કરે અથવા સમર્થ સાધુને ત્યાં મોકલે. કદાચ સાધ્વી એકલા હોય અને બીમાર હોય અને બીજા ઉપાશ્રયમાં રહીને સહન કરી શકે એમ ન હોય તો તે જ સ્થાને વચ્ચે પડદો કરી શુશ્રૂષા કરે. સારું થયા પછી કારણે એકલા પડેલ હોય તો યતનાપૂર્વક સ્થાને પહોંચાડે અને નિષ્કારણે એકલા હોય તો ગચ્છમાં ભેગા કરાવે.

### મૂળ-૧૧૯ થી ૧૩૬

**૨. ગ્લાન યતના** નામક બીજું દ્વાર હવે કહે છે – જો સાધુ જાણે કે બાજુના ગામમાં બીમાર સાધુ છે, તો ત્યાં જઈને બીમારની સેવા કરે. તે સાંભોગિક, અન્ય સાંભોગિક અને ગ્લાનની સેવા કરે. તે મુજબ પાસત્થા, ઓસન્ન, કુશીલ, સંસક્ત, નિત્યવાસી ગ્લાનની પણ સેવા કરે. પણ તેમની સેવા પ્રાસુક આહાર, પાણી, ઔષધાદિથી કરે.

જો કોઈ ગામમાં ગ્લાનને યોગ્ય વસ્તુ મળે. બીજે ગામ ગ્લાન સાધુના સમાચાર મળે, તો તે ગામમાં જઈને આચાર્યાદિને બતાવે. આચાર્ય કહે કે – ગ્લાનને યોગ્ય બીજુ ઘણુ છે. માટે તમે જ વાપરો, તો પોતે વાપરે. આચાર્યને શઠ જાણે તો વિહાર કરે.

જો કોઈ વેશધારી ગ્લાન હોય તો તે સાજો થાય એટલે કહે કે – ધર્મમાં ઉદ્યમ કરો, જેથી સંયમમાં દોષ ન લાગે. ઈત્યાદિ. આ રીતે ગ્લાનાદિ સેવા કરતો વિહાર કરે.

પ્રશ્ન – આ રીતે બધે સેવા કરતો વચ્ચે રોકાય તો આચાર્યની આજ્ઞા ન લોપાય કેમ કે આચાર્યએ જે કામે મોકલેલ છે, ત્યાં ઘણા કાળે પહોંચે.

ઉત્તર – તીર્થંકરની આજ્ઞા આચાર્યની આજ્ઞા કરતા બળવાન છે. તીર્થંકરની આજ્ઞા છે કે – 'ગ્લાનની સેવા કરવી.' તેથી આજ્ઞા ભંગ ન થાય. છતાં પ્રવચન વિરાધનાનો પ્રસંગ હોય તો વચ્ચે ન રોકાય, એ રીતે કાર્યના

બલાબલનો વિવેક કરી વર્તે. આ વિષયમાં રાજા અને મુખીનું દૃષ્ટાંત છે.

કોઈ રાજા યાત્રાર્થે નીકળ્યો. સિપાઈને અમુક ગામે મુકામ કરીશું તેવી આજ્ઞા કરી. સિપાઈએ ગામમાં જઈને રાજા માટે એક આવાસ કરવાની સૂચના આપી. આ સાંભળી મુખીએ પણ ગામલોકોને પોતાના માટે એક આવાસ કરવા કહ્યું. ગામલોકોએ વિચાર્યું – રાજા એક જ દિવસ રહેશે અને મુખી તો કાયમ રહેવાના છે. એમ વિચારી રાજા માટે ઘાસના માંડવા જેવું મકાન બનાવ્યું, મુખી માટે સુંદર મહેલ જેવું મકાન બનાવ્યું. રાજાને સામાન્ય મકાનમાં ઉતારો આપ્યો. તેણે સુંદર મકાન જોઈને પૂછ્યું – આ કોનું મકાન છે ? લોકો બોલ્યા – મુખી માટે બનાવેલ છે. તે સાંભળી રાજાએ ગુસ્સે થઈને મુખીને કાઢી મૂક્યો અને લોકોને દંડ કર્યો. અહીં મુખીના સ્થાને આચાર્ય અને રાજાના સ્થાને તીર્થંકર ભગવંત છે. તીર્થંકરની આજ્ઞાના લોપથી સંસાર વધે છે.

બીજા ગામના લોકોએ વિચાર્યું કે – રાજા માટે સુંદરતમ મહેલ બનાવીએ, કેમ કે રાજાના ગયા પછી મુખીના કામમાં જ આવશે. એમ વિચારી તેનો અમલ કર્યો. રાજાએ ખુશ થઈને ગામનો કર માફ કર્યો, મુખીને બીજા ગામનો સ્વામી બનાવ્યો. આ રીતે તીર્થંકરની આજ્ઞામાં વર્તનાર સંસાર સમુદ્ર તરી જાય છે. કેમ કે તીર્થંકરની આજ્ઞામાં આચાર્યની આજ્ઞા સમાઈ જાય છે.

## મૂળ-૧૩૭ થી ૧૬૧

**૩. શ્રાવકદ્વાર** – ગ્લાનાર્થે રોકાય પણ ભિક્ષાર્થે વિહારમાં વિલંબ ન કરે, તેના દ્વારો કહે છે –

૧. ગોકુળ – રસ્તામાં ગોકુળ આવે ત્યાં દૂધ વગેરે વાપરી તુરંત ચાલે તો માર્ગમાં વડી નીતિની શંકા થાય, કાંજી સાથે દૂધ વિરુદ્ધાહાર છે, તેથી સંયમ વિરાધના થાય અને શંકા રોકે તો મરણ થાય. વળી, ગોકુળમાં ગૌચરી જવામાં આત્મવિરાધના સાથે પ્રવચન વિરાધના થાય, આગળ જવામાં વિલંબ થાય. માટે ગોકુળમાં ભિક્ષાર્થે ન જવું.

૨. ગામ – સમૃદ્ધ હોય, પણ ભિક્ષાનો સમય ન થયો હોય અને દૂધ આદિ ગ્રહણ કરે તો પૂર્વવત્ દોષ લાગે.

૩. સંખડી – જો રાહ જુવે તો સ્ત્રી આદિના સંઘટ્ટાદિ દોષો થાય. સમય થતાં આહાર લાવી ઘણુ વાપરે તો બીમારી આવે. વારંવાર સ્થંડિલ જવું પડે તો વિહારમાં વિલંબ થાય.

૪. સંજ્ઞી – શ્રાવક આગ્રહ કરે અને ગૌચરીનો સમય થયો ન હોય તો દોષો પૂર્વવત્ થાય.

૫. દાનશ્રાવક – ઘી વગેરે ઘણુ વહોરાવી દે અને વાપરે તો બીમારી આદિ દોષ, પરઠવી દે તો સંયમ વિરાધના.

૬. ભદ્રક – ભદ્રક સ્વભાવી પાસે જવામાં વિલંબ કરે, પછી તે લાડવા આદિ વહોરાવે. તો પણ દાનશ્રાવક જેવા જ દોષ લાગે.

૭. મહાનિનાદ – વસતીવાળા પ્રસિદ્ધ ઘરોમાં જાય, સ્નિગ્ધાદિ આહાર મળે તો પૂર્વવત્ દોષો લાગે. વધારે વાપરે તો ઊંઘ આવે, સૂત્રપાઠ ન થાય, સૂત્રાર્થ વિસરાઈ જાય અને ઊંઘે તો અજીર્ણ થાય. તેથી ગોકુળાદિમાં માત્ર છાશ-ભાત ગ્રહણ કરે.

**કારણિક સેવન** – પોતે જે ગામે આવ્યો ત્યાં ભિક્ષાવેળા થઈ ન હોય, બીજું ગામ દૂર હોય અથવા નિકટનું ગામ નવું વસેલું કે ખાલી થઈ ગયેલું હોય, પ્રત્યનીક આદિ કારણો હોય તો, આવા કારણે ગામ બહાર રાહ જુએ.

ભિક્ષાવેળા થતા ઉક્ત ગોકુળ, સંખડી, શ્રાવકાદિથી દૂધ લાવી, વાપરી આગળ ચાલે. સાધુના રૂક્ષપણાથી કોઠામાં દૂધ-ઘી ક્ષીણ થઈ જાય છે. આ રીતે કારણે દૂધ-ઘી સેવન ગુણરૂપ થાય.

ગામમાં જઈને ખબર પડે કે ભિક્ષાવેળા થઈ નથી તો રાહ જુએ, ઉદ્‌ગમાદિ દોષો તપાસે, બાળકોને પૂછી-તપાસીને ભિક્ષા ગ્રહણ કરે. ગામમાં ગૌચરી વપરાય તેવું સ્થાન ન હોય તો ગામ બહાર જાય અને દેવકુળ કે શૂન્ય-ગૃહાદિમાં જ્યાં ગૃહસ્થાદિ ન હોય ત્યાં ગૌચરી વાપરે.

શૂન્યગૃહાદિમાં પ્રવેશતા પૂર્વે લાકડી ઠપકારે. ખાંસી આદિ અવાજ કરે. જેથી કોઈ અંદર હોય તો નીકળી જાય, પછી ઈરિયાવહી કરી ગૌચરી વાપરે.

તે વેળા કદાચ કોઈ ગૃહસ્થ આવી જાય તો ગભરાયા વિના બોલવા માંડે કે – “યમાય પિંડં સ્વાહા,” “વરુણાય પિંડં સ્વાહા”, “ધનદાય પિંડં સ્વાહા” ઈત્યાદિ. આથી પેલા માણસ ભય પામી ભાગી જાય.

કદાચ કોઈ માણસ બહારથી, છિદ્રમાંથી, ઉપરથી આદિથી ક્યાંક જોઈ જાય અને તે બીજાને બૂમો પાડી ભેગા કરે અને કહે કે – જુઓ જુઓ આ સાધુ પાત્રમાં ભોજન કરે છે. તો ગૃહસ્થો દૂર હોય તો થોડું વાપરે. વધારાનું ત્યાં રહેલા ખાડા આદિમાં નાંખી દે કે ધૂળથી ઢાંકી દે. માણસો આવતા પહેલાં પાત્ર સ્વચ્છ કરી, સ્વાધ્યાય કરવા લાગે.

તે માણસો પૂછે કે – ગૌચરી ક્યાં ગઈ ? જો તેઓએ ગામમાં ગૌચરી ફરતા જોયેલ હોય તો કહે કે– શ્રાવકાદિના ઘેર વાપરીને આવ્યો છું અને જો ન જોયેલ હોય તો સામું પૂછે કે – ‘શું ભિક્ષા વેળા થઈ ગઈ ?’

જો તેઓ પાત્ર જોવા આગ્રહ કરે તો પાત્ર બતાવે. પાત્ર ચોખ્ખા જોઈ આવેલા માણસો કહેનારનો તિરસ્કાર કરે, જેથી શાસનનો ઉડ્ડાહ ન થાય.

ગામની નજીક સ્થાન ન મળે અને કદાચ દૂર જવું પડે તો ત્યાં જઈને ઈરિયાવહી કરી, થોડીવાર સ્વાધ્યાય કરી, શાંત થઈ, ભિક્ષા વાપરે.

જો કોઈ ભદ્રક વૈદ્ય જાણે કે આ સાધુને ધાતુનું વૈષમ્ય થયેલ છે, જો આહાર તુરંત વાપરશે તો અવશ્ય મરણ પામશે. તેમની પાછળ જાય, છૂપાઈને જુએ કે સાધુ આહાર નહીં પણ કાંઈક ક્રિયા કરે છે, તેનાથી શરીરમાં ધાતુ સમ થઈ જાય છે. માટે સાધુને આહારમાં વિપરિણમન થતું નથી.

તો વૈદ્ય આવીને સાધુને પૂછશે કે – શું તમે વૈદ્યક ભણ્યા છો કે જલદી ભિક્ષા ન વાપરી ? ત્યારે સાધુ કહેશે કે – ના, આ તો અમારા સર્વજ્ઞ ભગવંતનો ઉપદેશ છે કે સ્વાધ્યાય કરીને જ વાપરવું. પછી સાધુ વૈદ્યને ધર્મોપદેશ આપે, તેથી કદાચ વૈદ્ય દીક્ષા લે કે શ્રાવક થાય. આમ વિધિ પાલનમાં ઘણા લાભો થાય.

ત્રણ ગાઉ જવા છતાં ગૌચરી વાપરવાનું સ્થાન ન મળે અને નજીકના ગામમાં આહાર મળે તેમ હોય તથા સમય પહોંચતો હોય તો લાવેલો આહાર પરઠવી દે, પણ સમય ન હોય તો ત્રણ ગાઉએ જ યતનાપૂર્વક આહાર વાપરી લે જેથી ક્ષેત્રાતિક્રમ દોષ ન લાગે.

### મૂળ–૧૬૨ થી ૧૭૧

**૪. સાધુદ્વાર** – સાધુ બે પ્રકારે – જોયેલા અને ન જોયેલા. તેમાં પરિચયથી ગુણ જાણેલા અને ગુણ ન જાણેલા. ન જોયેલમાં સાંભળેલ ગુણવાળા અને ન સાંભળેલ ગુણવાળા.

તેમાં પ્રશસ્ત ગુણવાળા અને અપ્રશસ્ત ગુણવાળા. તેમાં પણ સાંભોગિક અને અન્ય સાંભોગિક. જો સાધુ શુદ્ધ આચારવાળા હોય તો તેમની સાથે નિવાસ કરવો.

અપ્રશસ્ત સાધુની પરીક્ષા ચાર પ્રકારે – ૧. બાહ્ય દ્રવ્ય પરીક્ષા – જંઘા આદિ સાબુ વગેરેથી સાફ કરે, જોડા રાખે, સાધ્વી માફક માથે કપડું ઓઢે, સાધુ પરસ્પર હાથ મીલાવી ચાલે, ડાફોળીયા મારતા ચાલે, દિશા આદિના ઉપયોગ વિના સ્થંડિલ બેસે. ઘણા પાણીથી પ્રક્ષાલન કરે આદિ.

૨. બાહ્ય ભાવથી પરીક્ષા – વિકથા કરતા ચાલે, રસ્તામાં ગાન કે મૈથુન સંબંધી વાતો કરતા ચાલે, મનુષ્ય કે તિર્યંચો આવતા હોય ત્યાં માત્રુ, સ્થંડિલ જાય. આંગળી દર્શાવી કોઈ ચાળા આદિ કરતા હોય. કદાચ બાહ્ય પ્રેક્ષામાં અશુદ્ધ હોય તો પણ વસતીમાં જવું અને ગુરુની પરીક્ષા કરવી. કેમ કે કદાચ સાધુ ગુરુની મનાઈ હોવા છતાં તેવું આચરણ કરતા હોય. બાહ્ય પરીક્ષામાં શુદ્ધ હોય તો પણ અભ્યંતર પરીક્ષા કરે.

૩. અભ્યંતર દ્રવ્ય પરીક્ષા – ભિક્ષા આદિ માટે ગયા હોય ત્યાં કોઈ ગૃહસ્થ આદિ નિમિત્ત વગેરે પૂછે તો ન

કહેતો હોય. અશુદ્ધાહારાદિનો નિષેધ કરતો અને શુદ્ધાહાર ગ્રહણ કરતો હોય, તો તેવા સાધુ શુદ્ધ જાણવા. ઉપાશ્રયમાં શેષકાળમાં પીઠફલક-પાટ પાટલા વાપરે છે કે કેમ ? માત્રુ આદિ ગૃહસ્થથી જુદું કરે છે કે કેમ ? શ્લેષ્મ, બળખા આદિ કઈ રીતે નાંખે છે ? આ બધું જુએ. તેના આધારે શુદ્ધતા નક્કી કરે.

૪. અભ્યંતર ભાવ પરીક્ષા – બિભત્સ ગીત ગાન કે કથા કરતા હોય, પાસા-કોડી આદિ રમતા હોય તો અશુદ્ધ જાણવા.

ગુણયુક્ત સમનોજ્ઞ સાધુ સાથે રહેવું, તેવા ન હોય તો અમનોજ્ઞ ગુણવાળા સાથે રહેવું. ઉપાશ્રયમાં પ્રવેશી, વંદનાદિ કરીને ગૌચરી જાય.

## મૂળ-૧૭૨ થી ૧૭૮

**૫. વસતીદ્વાર** – સંવિજ્ઞ સમનોજ્ઞ સાધુ સાથે વસતી શોધવી, તેવી ન હોય તો નિત્યવાસી, અમનોજ્ઞ, પાસત્થાદિ ત્યાં રહેલા હોય તો તેમની સાથે ન વસવુ પણ જુદા સ્થાનમાં રહેવું –

સ્ત્રી રહિત શ્રાવકના ઘરમાં રહે, ન મળે તો સ્ત્રી રહિત ભદ્રકના ઘેર રહે, ન મળે તો સ્ત્રી સહિત ભદ્રકના ઘેર જુદા ઓરડા કે ડેલીમાં રહે, તે ન મળે તો સ્ત્રી સહિત ભદ્રકના ઘરમાં વચ્ચે પડદો કરીને રહે, તે ન મળે તો શૂન્યગૃહમાં રહેવું. તે ન મળે તો ઉક્ત કાલાચારી નિત્યવાસી પાર્શ્વસ્થાદિ હોય, ત્યાં તેમણે ન વાપરેલા પ્રદેશમાં ઉતરે.

ઉપધિ આદિ પાસે રાખી પ્રતિક્રમણાદિ કરી કાયોત્સર્ગ કરે. જાગવાની શક્તિ ન હોય તો યતનાપૂર્વક સૂવે. તે ન મળે તો યથાછંદ આદિની વસતી ઉપયોગમાં લે. પણ ત્યાં તે ખોટી પ્રરૂપણા કરતો હોય તો તેનો વ્યાઘાત કરે, તેમ ન થાય તો ધ્યાન કરે, ઊંચેથી ભણવા માંડે, કાનમાં આંગળી ખોસી દે, નસકોરા બોલાવતો ઊંઘવાનો ડોળ કરે. જેથી પેલો કંટાળી જાય. એમ ન થાય તો પોતાના ઉપકરણો પાસે રાખીને યતનાપૂર્વક સૂવે.

## મૂળ-૧૭૯ થી ૧૯૦

**૬. સ્થાનસ્થિતદ્વાર** – કારણે-વિહાર કરતા વર્ષાકાળ આવી જતા વચમાં રોકાવું પડે. જે રસ્તે જવાનું હોય તે ગામમાં અશિવાદિ ઉપદ્રવ વગેરે કારણે વચમાં રોકાવું પડે. જે કામે નીકળેલ હોય તે આચાર્ય વિહાર કરી ગયા છે તેમ જાણી, જ્યાં સુધી આચાર્ય કયા ગામે ગયા છે તે ખબર ન પડે ત્યાં સુધી રોકાવું પડે. તે આચાર્યશ્રીના કાળધર્મના સમાચાર જાણી, ચોક્કસ ન થાય ત્યાં સુધી વચ્ચેના ગામમાં રોકાવું પડે કે પોતે બીમાર પડતા રોકાઈ જાય. ઈત્યાદિ.

આ રીતે કારણિક હોય તે પ્રમાદ છોડીને વિચરે. હવે અકારણિક સ્થાનસ્થિતને કહે છે –

૧. ગચ્છમાં સારણા, વારણા ચોયણા, પડીચોયણા થતા હોય, તેથી દુભાઈને એકલો થઈ જાય, તો પોતાના આત્માને નુકસાન કરે છે. કેમ કે ગચ્છમાંથી કંટાળીને નીકળી જનાર સાધુ ઊલટો સાધુતાથી ભ્રષ્ટ થઈ જાય. પ્રતિકૂળતા છતાં ગચ્છમાં જ રહેવું જોઈએ.

૨. જે સાધુ ચક્ર, સ્તૂપ, પ્રતિમા, કલ્યાણકાદિ ભૂમિ, સંખડી આદિ માટે વિહાર કરે.

૩. પોતે જ્યાં રહ્યા તે સ્થાન સારું ન હોય તેથી વિહાર કરે.

૪. સારા સારા ઉપધિ, વસ્ત્ર, પાત્ર તથા ગોચરી ન મળવાથી વિહાર કરે.

આ નિષ્કારણ વિહાર કહેવાય. પણ જો સાધુ સૂત્ર, અર્થ, ઉભયને કરતા સમ્યગ્ દર્શનાદિ સ્થિર કરવા માટે વિહાર કરે તો કારણિક વિહાર કહેવાય. પરંતુ જો અગીતાર્થ એકલો વિચરે કે બધા જ અગીતાર્થ વિચરતા હોય તો તે સંયમ અને આત્મ વિરાધના કરનારા થાય છે.

## મૂળ-૧૯૧ થી ૧૯૯

શાસ્ત્રકારે એક ગીતાર્થ અને બીજો ગીતાર્થ નિશ્રિત એવા બે વિહારની અનુજ્ઞા આપેલ છે. આ રીતે વિહાર કરનારા ચાર ભેદે છે –

**૧.** જયમાના – ત્રણ ભેદે – ૧. બીજા આચાર્યાદિ પાસે અપૂર્વ શ્રુત જ્ઞાન હોય તે મેળવવા વિહાર કરે.

૨. જૈન શાસનની પ્રભાવનાર્થે વિહાર કરે.

૩. વિહાર કરતી વેળા માર્ગમાં ઘણી વિરાધના થતી જાણી, બચવા માટે પાછો વિહાર કરે.

**૨.** વિહરમાના – બે ભેદે છે.

૧. ગચ્છમાં રહેલ સાધુ, આચાર્ય, સ્થવિર, વૃષભ-વૈયાવચ્ચ સમર્થ, ભિક્ષ-ગોચરી લાવનારા, બાલ સાધુ.

૨. ગચ્છમાં ન રહેલા સાધુ-પ્રત્યેક બુદ્ધ, જિનકલ્પી, પ્રતિમાધારી.

**૩.** અવધાવમાન – બે ભેદે છે. ૧. સાધુવેશ રાખવાપૂર્વક ગૃહસ્થ થયેલા.

૨. પાર્શ્વસ્થ, કુશીલાદિ થઈ ગયેલા.

૪. આહિંડકા – બે ભેદે

૧. ઉપદેશ આહિંડકા – આજ્ઞા મુજબ વિહાર કરનારા, સૂત્ર અને અર્થ ગ્રહણ કરીને ગ્રામાદિનો અનુભવ લેવા માટે બાર વર્ષ વિચરે.

૨. અનુપદેશ આહિંડકા – સ્તૂપાદિ જોવા માટે વિચરનારા.

**મૂળ-૨૦૦ થી ૨૧૯**

માસકલ્પ કે ચોમાસું પૂર્ણ થયે આચાર્યાદિ બીજા ક્ષેત્રમાં જવાનું હોય ત્યારે ક્ષેત્ર પ્રત્યુપ્રેક્ષકો આવી ગયા પછી બધા સાધુને ભેગા કરીને આચાર્ય પૂછે કે – કોને કયું ક્ષેત્ર યોગ્ય લાગ્યું ? બધાનો મત લઈને સૂત્રાર્થની હાનિ ન થાય તે રીતે વિહાર કરે.

ચારે દિશા શુદ્ધ હોય તો ચારે દિશામાં, ત્રણ દિશા શુદ્ધ હોય તો ત્રણ દિશામાં, બે દિશા શુદ્ધ હોય તો બે દિશામાં સાત, પાંચ કે ત્રણ એ રીતે સંઘાટક વિહાર કરાવે.

જ્યાં જવાનું હોય તે ક્ષેત્ર પહેલાં જાણી લે, જાણીને વિહાર કરે. જો તપાસ ન કરે તો કદાચ વસતી ન મળે કે ભિક્ષા દુર્લભ હોય કે બાળ, ગ્લાન આદિને યોગ્ય ભિક્ષા ન મળે કે માંસ, લોહી આદિથી અસજ્ઝાય રહેવાથી સ્વાધ્યાય ન થાય. માટે તપાસ કરી યતનાપૂર્વક વિહાર કરે.

ક્ષેત્રની તપાસ માટે બધાનો મત લે, ગણને પૂછીને કોઈને મોકલે. ખાસ અભિગ્રહવાળા સાધુ હોય તો તેમને મોકલે, ન હોય તો બીજા સમર્થને મોકલે પણ બાળ, વૃદ્ધ, અગીતાર્થ, યોગી, વૈયાવચ્ચી આદિને ન મોકલે. કેમ કે-

જો બાળને મોકલે તો મ્લેચ્છાદિ કોઈ ઉપાડી જાય અથવા માર્ગમાં રમવા લાગે, કર્તવ્ય-અકર્તવ્ય ન સમજે, લોકો અનુકંપાથી વધુ આપે ઇત્યાદિ દોષો લાગે.

જો વૃદ્ધ સાધુને મોકલે તો તેમનું શરીર કંપતુ હોય તેથી લાંબા કાળે યોગ્ય સ્થાને પહોંચે. ઇન્દ્રિયોની શિથિલતાથી રસ્તો બરાબર જોઈ ન શકે, સ્થંડિલ ભૂમિ બરાબર તપાસી ન શકે, લોકો અનુકંપાથી વધુ આપે ઇત્યાદિ દોષ લાગે.

અગીતાર્થને મોકલે તો તે માસકલ્પ, વર્ષાકલ્પાદિ વિધિ જાણતો ન હોય તેથી વસતીની પરીક્ષા ન કરી શકે અથવા અવિધિથી ઉત્તર આપે.

યોગીને મોકલે તો જલદી કાર્ય પતાવવાની બુદ્ધિથી જલદી જલદી જાય, માર્ગની બરાબર પ્રત્યુપેક્ષા ન થઈ શકે, સ્વાધ્યાયનો અર્થી હોવાથી ભિક્ષા માટે બહુ દૂર ફરે નહીં ઇત્યાદિ દોષો લાગે.

વૃષભને મોકલે તો રોષથી સ્થાપના કુલો કહે નહીં, કહે તો પણ બીજાને જવા ન દે અથવા સ્થાપના કુલો તેના જ પરિચિત હોવાથી બીજા સાધુને પ્રાયોગ્ય આહારાદિ ન મળે ઇત્યાદિ દોષ લાગે.

તપસ્વીને મોકલે તો તે દુઃખી થાય, લોકો તપસ્વી જાણીને તેને વધારે આહારાદિ આપે અથવા તે ત્રણ વાર

ભિક્ષાર્થે જવા અસમર્થ હોય માટે તપસ્વીને પણ ન મોકલે.

બીજા કોઈ સમર્થ સાધુ જાય તેમ ન હોય તો અપવાદે ઉપર કહેલમાંથી કોઈ સાધુને યતનાપૂર્વક મોકલે.

બાળ સાધુને મોકલે તો સાથે ગણાવચ્છેદકને મોકલે. તે ન હોય તો ગીતાર્થને મોકલે, તે ન હોય તો અગીતાર્થ સાધુને સામાચારી કહીને મોકલે.

યોગીને મોકલે તો અનાગાઢ યોગી હોય તો યોગમાંથી કાઢીને મોકલે. તે ન હોય તો તપસ્વીને પારણુ કરાવીને મોકલે. તે ન હોય તો વૈયાવચ્ચીને મોકલે. તે ન હોય તો વૃદ્ધ અને તરુણને કે બાલ અને તરુણને મોકલે.

### મૂળ-૨૨૦ થી ૨૪૩

માર્ગે જતાં ચાર પ્રકારની **પ્રત્યુપેક્ષણા** કરતા જાય. તે આ પ્રમાણે –

૧. દ્રવ્યથી પ્રત્યુપેક્ષણા – રસ્તામાં કાંટા, ચોર, શિકારી પશુ, પ્રત્યનીક, કૂતરા આદિને જોવા.

૨. ક્ષેત્રથી પ્રત્યુપેક્ષણા – ઊંચી, નીચી, ખાડા-ટેકરા, પાણીવાળા સ્થાનાદિ.

૩. કાળથી પ્રત્યુપેક્ષણા – જવામાં રાત્રે કે દિવસે જ્યાં આપત્તિ હોય તે જાણી લે. અથવા કાળથી રસ્તો ક્યારે ખરાબ છે, તે જાણી લે.

૪. ભાવથી પ્રત્યુપેક્ષણા – તે ક્ષેત્રમાં નિહ્નવ, ચટક, પરિવ્રાજક આદિ વારંવાર આવતા હોય તેથી લોકોની દાનની રૂચિ રહી છે કે નહીં તે તપાસે.

**ક્ષેત્ર જોવા કઈ રીતે જાય** ? જ્યાં સુધી ઇચ્છિત સ્થાને ન પહોંચે ત્યાં સુધી સુત્રપોરીસી, અર્થપોરીસી ન કરે. ક્ષેત્રની નજીક આવી જાય ત્યારે નજીકના ગામમાં કે ગામ બહાર ગૌચરી વાપરીને, સાંજના વખતે ગામમાં પ્રવેશ કરે અને વસતી શોધે. વસતી મળી જાય એટલે કાલગ્રહણ લઈ બીજે દિવસે કંઈક ન્યૂન પોરીસી સુધી સ્વાધ્યાય કરે. પછી ગૌચરી જાય.

ક્ષેત્રના ત્રણ ભાગ કરે. એક ભાગમાં સવારે ગૌચરી જાય, બીજા ભાગમાં બપોરે ગૌચરી જાય, ત્રીજા ભાગમાં સાંજે ગૌચરી જાય. બધેથી થોડું થોડું ગ્રહણ કરે. દૂધ-દહીં-ઘી વગેરે માંગે જેથી લોકો દાનશીલ છે કે કેવા છે તે ખબર પડે. ત્રણે વખત ગૌચરી જઈને પરીક્ષા કરે.

આ રીતે નજીકમાં રહેલા આસપાસના ગામમાં પણ પરીક્ષા કરે. બધું સારી રીતે મળતું હોય તો તે ક્ષેત્ર ઉત્તમ કહેવાય. કોઈ સાધુ કાળ કરે તો તેને પરઠવી શકાય તે માટે મહા સ્થંડિલ ભૂમિ પણ જોઈ રાખે.

વસતી કયા સ્થાને કરવી અને કયા સ્થાને ન કરવી, તે માટે જે વસતી હોય તેમાં ડાબે પડખે પૂર્વાભિમુખ વૃષભ બેઠેલો હોય તેવી કલ્પના કરે. તેના દરેક અંગના લાભાલાભ આ પ્રમાણે – શીંગડાના સ્થાને વસતી કરે તો કલહ થાય. પગના સ્થાને વસતી કરતા પેટના રોગ થાય. પૂંછડાના સ્થાને વસતી કરતાં નીકળી જવું પડે. મુખના સ્થાને વસતી કરે તો ગૌચરી સારી મળે, શીંગડાના મધ્યભાગે વસતી કરતા પૂજા-સત્કાર થાય. સ્કંધ અને પીઠના સ્થાને વસતી કરે તો ભાર થાય. પેટના સ્થાને વસતી કરે તો નિત્ય તૃપ્ત રહે.

### મૂળ-૨૪૪ થી ૨૪૬

**શય્યાતર પાસે અનુજ્ઞા લેવી અને સંવાદ કઈ રીતે કરવો** ?

શય્યાતર પાસેથી દ્રવ્યાદિ પ્રાયોગ્યની અનુજ્ઞા મેળવે, તે આ પ્રમાણે – દ્રવ્યથી – ઘાસ, ડગલ, રાખ આદિની. ક્ષેત્રથી – ક્ષેત્રની મર્યાદા આદિ. કાળથી – રાત્રે કે દિવસે સ્થંડિલ માત્રુ પરઠવવાની. ભાવથી – ગ્લાનાદિ માટે યોગ્ય પ્રદેશની.

શય્યાતર સાથે સંવાદ – જેમ કે – હું તમને આટલું સ્થાન આપું છું, વધુ નહીં. ત્યારે સાધુ કહે – જે ભોજન આપે તે પાણી પણ આપે, એ રીતે અમોને વસતી આપતા તમે સ્થંડિલ-માત્રાદિ ભૂમિ આદિ પણ આપી જ છે.

શય્યાતર પૂછે – કેટલો સમય રહેશો ? સાધુ કહે – જ્યાં સુધી અનુકૂળ હશે ત્યાં સુધી.

શય્યાતર પૂછે – કેટલાં સાધુ અહીં રહેશો ? સાધુ કહે કે 'સાગરની ઉપમાએ'. જેમ સમુદ્રમાં કોઈ વખત ઘણુ પાણી હોય, કોઈ વખત મર્યાદિત પાણી હોય, તેમ ગચ્છમાં સાધુની વધ–ઘટ થયા કરે.

શય્યાતર પૂછે – ક્યારે આવશો ? સાધુ કહે – અમારા બીજા સાધુ બીજે સ્થાને ક્ષેત્ર જોવા ગયેલા છે, તેથી વિચારીને ક્ષેત્ર યોગ્ય લાગે તો આવશું.

શય્યાતર એમ કહે કે – તમારે આટલા જ ક્ષેત્રમાં અને આટલી સંખ્યામાં રહેવું તો તે ક્ષેત્રમાં સાધુને માસકલ્પ આદિ કરવો ન કલ્પે. જો બીજે વસતી મળે તો ત્યાં નિવાસ કરે.

જે વસતીમાં રહ્યા હોય, તે વસતી જો પરિમિત હોય અને ત્યાં બીજા સાધુઓ આવે તો તેમને વંદનાદિ કરવા, ઊભા થવું, પાદ પ્રક્ષાલન કરવું. ભિક્ષા લાવી આપવી, ઈત્યાદિ વિધિ સાચવવી.

પછી તે સાધુને કહેવું કે અમને આ વસતી પરિમિત મળી છે, એટલે બીજા વધુ રહી શકે એમ નથી.

## મૂળ–૨૪૭ થી ૨૮૦

**ક્ષેત્ર તપાસ કર્યા પછીની વિધિ** – ક્ષેત્રની તપાસ કરી પાછા આવતા બીજા રસ્તે થઈને આવવું. કેમ કે કદાચ બીજું સારું ક્ષેત્ર હોય તો ખબર પડે. પાછા વળતા પણ સૂત્ર કે અર્થ પોરીસી ન કરે. કેમ કે જેટલા મોડા આવે તેટલો સમય આચાર્યને રોકાવું પડે. માસકલ્પથી વધુ થાય તે નિત્યવાસ છે.

આચાર્યશ્રી પાસે આવી, ઈરિયાવહી આદિ કરી, આચાર્યને ક્ષેત્રના ગુણો વગેરે કહે. આચાર્ય બધા સાધુને ભેગા કરી ક્ષેત્રની વાત કરે. બધાનો અભિપ્રાય લઈ યોગ્ય લાગે તે ક્ષેત્ર તરફ વિહાર કરે. આચાર્યમત પ્રમાણ ગણાય.

તે ક્ષેત્રમાંથી વિહાર કરતા વિધિપૂર્વક શય્યાતરને જણાવે. અવિધિથી કહેવામાં અનેક દોષો છે. શય્યાતરને કહ્યા સિવાય વિહાર કરે તો તે એમ વિચારે કે આ ભિક્ષુ લોકધર્મને જાણતા નથી. જે પ્રત્યક્ષ લોકધર્મને જાણતા નથી, તે અદષ્ટને કેવી રીતે જાણતા હોય ? કદાચ જૈનધર્મ મૂકી દે અથવા બીજી વાર સાધુને વસતી ન આપે.

કોઈ શ્રાવકાદિ આચાર્યને મળવા કે દીક્ષાર્થે આવ્યા હોય, તે શય્યાતરને પૂછે કે – આચાર્ય ક્યાં છે ? રોષિત થયેલો તે કહે કે – "અમને શી ખબર ?" કહ્યા વિના જતા રહ્યા છે. આવા જવાબો સાંભળી શ્રાવકાદિ વિચારે કે – લોક વ્યવહારનું પણ જ્ઞાન નથી તો પછી પરલોકનું શું જ્ઞાન હશે ? આથી દર્શનનો ત્યાગ કરે ઈત્યાદિ દોષો થાય, માટે વિધિપૂર્વક નીકળે.

જો નજીકના ગામમાં જવાનું હોય તો સૂત્ર કે અર્થ પોરીસી કરીને વિહાર કરે. દૂર જવાનું હોય તો પાત્ર પડિલેહણા કર્યા સિવાય વહેલા નીકળે. બાલ, વૃદ્ધ આદિ પોતાથી ઉપડે તેટલી ઉપધિ લે, બાકીની તરુણાદિ ઉપાડે. કોઈ ખગ્ગુડ–પ્રમાદી જેવા વહેલા ન નીકળે તો તેમને ભેગા થવા માટે જતા સંકેત કરીને જાય. વહેલા જતી વેળા અવાજ ન કરે, કેમ કે લોકો જાગી જાય તો અધિકરણાદિ દોષો લાગે. બધા સાધુ સાથે જ નીકળે.

વિહાર સારી તિથિ, મુહૂર્ત, સારા શુકન જોઈને કરવો.

૦ **અપશુકનો આ પ્રમાણે** – મલીન શરીરી, ફાટેલા કપડાં વાળો, શરીરે તેલ ચોળેલો, કુબડો, વામન, કૂતરો, પૂર્ણ ગર્ભવતી સ્ત્રી, મોટી ઉંમરની કન્યા, લાકડાનો ભારો, બાવા, પાંડુ રોગી ઈત્યાદિ.

૦ **સારા શુકનો** – નંદી, વાજિંત્ર, પૂર્ણ ભરેલ ઘડો, શંખ કે પટહનાદ, છત્ર, ચામર, ધ્વજા, શ્રમણ, પુષ્પ ઈત્યાદિ.

## મૂળ–૨૮૧ થી ૨૯૦

**હવે સંકેત આદિ દ્વારો કહે છે** –

**૧. સંકેત** – પ્રદોષ કાળે આચાર્ય બધા સાધુને ભેગા કરી કહે કે – 'અમુક સમયે નીકળીશું' અમુક સ્થાને વિશ્રામ કરીશું – રોકાઈશું. અમુક ગામે ભિક્ષાર્થે જઈશું. કોઈ ખગ્ગુડપ્રાયઃ આવવા તૈયાર ન થાય તો તેને પણ અમુક

સ્થાને ભેગા થવાનો સંકેત આપે.

ક્ષેત્ર પ્રત્યુપેક્ષકો કેટલાક ગચ્છની આગળ, કેટલાક મધ્યમાં, કેટલાક પાછળ ચાલે. રસ્તામાં સ્થંડિલ, માત્રાદિની જગ્યા બતાવે. જેથી કોઈને અતિ શંકા થઈ હોય તો ટાળી શકે.

માર્ગમાં ગામ આવે ત્યાં ભિક્ષા મળી શકે તેમ હોય અને જ્યાં રોકાવાનું હોય તે ગામ નાનું હોય, તો તરુણ સાધુને ગામમાં ભિક્ષા લેવા મોકલે, તેની ઉપધિ બીજા સાધુ લઈ લે.

જો કોઈ સાધુ અસહિષ્ણુ હોય તો ગૌચરી માટે ત્યાં મૂકતા જાય અને સાથે માર્ગજ્ઞ સાધુને મૂકે. જેથી જે ગામ જવાનું છે, ત્યાં સુખપૂર્વક આવી શકે.

મુકામ કરવાના ગામમાં કોઈ કારણે ફેરફાર થઈ ગયો હોય તો પાછળ રહેલા સાધુ ભેગા થઈ શકે તે માટે ત્યાં બે સાધુને રોકતા જાય. જો બે સાધુ ન મળે તો એકને રોકે અથવા કોઈ ગૃહસ્થને કહે કે 'અમે અમુક ગામ જઈએ છીએ.' પાછળ અમારા સાધુ આવે છે તેને કહેજો.

જો તે ગામ શૂન્ય હોય તો જે માર્ગે જવાનું હોય તે માર્ગે લાંબી રેખા કરવી, જેથી પાછળ આવતા સાધુને માર્ગની ખબર પડે.

ગામમાં પ્રવેશ કરે, તેમાં જો વસતીનો વ્યાઘાત થયો હોય તો બીજી વસતીની તપાસ કરીને ઊતરે. માર્ગમાં ભિક્ષાર્થે રોકેલા સાધુ ભિક્ષા લઈને આવે ત્યાં ખબર પડે કે – ગચ્છ આગળ ગયેલો છે, તો જો તે ગામ બે ગાઉથી વધુ હોય, તો એક સાધુને ગચ્છ પાસે મોકલે, ભિક્ષા આવી ગયાના સમાચાર આપે. તેથી ભૂખ્યા થયેલા સાધુ પાછા ફરે અને ગૌચરી વાપરીને તે ગામમાં જાય. જો ગામમાં પહોંચેલા સાધુઓએ વાપરી લીધું હોય તો કહેવડાવે કે – તમે વાપરીને આવો, અમે ગૌચરી કરી લીધી છે.

### મૂળ-૨૯૧ થી ૩૧૮

**૨. વસતીગ્રહણ** – ગામમાં પ્રવેશી ઉપાશ્રય પાસે આવે. પછી વૃષભ સાધુ વસતીમાં પ્રવેશી કાજો લે, ત્યાં સુધી બીજા સાધુ બહાર ઉભા રહે. કાજો લેવાઈ ગયા પછી બધા સાધુ વસતીમાં પ્રવેશ કરે, જો ગોચરીવેળા થઈ ગઈ હોય તો એક સંઘાટક કાજો લે અને બીજા ગૌચરી જાય. પૂર્વે નક્કી કરેલ વસતીનો કોઈ કારણે વ્યાઘાત થયો હોય, તો બીજી વસતી શોધીને, બધા સાધુઓ તે વસતીમાં જાય.

શંકા. ગામ બહાર ગૌચરી વાપરીને વસતીમાં પ્રવેશે તો ?

સમાધાન. જો બહાર ગૌચરી કરે તો, ગૃહસ્થોને દૂર જવા કહેવું પડે, જો તે દૂર જાય તો સંયમ વિરાધના થાય. કદાચ ન જાય અને કલહ પણ કરે. મંડલીબદ્ધ રીતે સાધુ વાપરતા હોય, ત્યાં કૌતુકથી ગૃહસ્થો આવે તો ક્ષોભ થાય. આહાર ગળે ન ઉતરે ઇત્યાદિ દોષો થાય.

બીજા ગામમાં જઈને વાપરે તો ઉપધિ અને ભિક્ષાના ભારથી કે ક્ષુધાને લીધે ઈર્યાપથ જોઈ ન શકે, આદિ કારણે આત્મવિરાધના થાય. આહારાદિ વેરાય તો છ કાય વિરાધના થાય.

વિકાલે પ્રવેશે તો વસતી ન જોઈ હોય તો પ્રવેશમાં જ કૂતરા આદિ કરડી ખાય. ચોરો ઉપધિ લઈ જાય, કોટવાળ પકડે કે મારે, બળદ વગેરે શીંગડા મારે, ભૂલા પડાય, નિંદ્ય ગૃહોની ખબર ન પડે, સર્પ દંશ થાય. આથી આત્મ વિરાધના થાય.

ન જોયેલ, ન પ્રમાર્જેલ વસતીમાં સંથારો કરવાથી કીડી આદિ મરતા સંયમ વિરાધના થાય. ન જોયેલ વસતીમાં કાલ ગ્રહણ લીધા વિના સ્વાધ્યાય કરે તો દોષ લાગે અને સ્વાધ્યાય કરે તો સૂત્રાર્થની હાનિ થાય.

સ્થંડિલ, માત્રુ ન જોયેલા સ્થાને પરઠવે તો સંયમ વિરાધના તથા આત્મ વિરાધના બંને થાય. સ્થંડિલ રોકે તો મરણ, માત્રુ રોકે તો ચક્ષુનું તેજ ઘટે, ઓડકાર રોકે તો કોઢ થાય.

ઉક્ત દોષોના કારણે શક્યતઃ સવારમાં જાય. વસતી ન મળે તો શૂન્યગૃહાદિમાં રહે, વચ્ચે પડદો કરે. જો ગોશાળા કે સભા આદિ સ્થાન મળે તો કાલભૂમિ જોઈને ત્યાં કાલગ્રહણ કરે તથા સ્થંડિલ ભૂમિ જોઈ આવે.

અપવાદે વિકાલે પ્રવેશ કરે તે આ રીતે – રસ્તામાં કોટવાલાદિ મળે તો કહે – “અમે સાધુ છીએ, ચોર નથી.” જો શૂન્યગૃહ હોય તો વૃષભ સાધુ દાંડાથી ઉપર–નીચે ઠપકારે જેથી સર્પ–મનુષ્યાદિ હોય તે જતા રહે કે ખબર પડે.

આચાર્ય માટે ત્રણ સંથારા ભૂમિ રાખે. એક પવનવાળી, બીજી પવન વિનાની, ત્રીજી સંથારા માટેની. વસતી મોટી હોય તો છૂટા–છૂટા સંથારા કરે. વસતી નાની હોય તો ક્રમવાર સંથારો કરી વચ્ચે પાત્રાદિ મૂકી દે. સ્થવિર સાધુ, બીજા સાધુને સંથારાની જગ્યા વહેંચી આપે.

જો આવતા રાત્રિ થઈ ગઈ હોય તો કાલગ્રહણ ન કરે, પણ નિર્યુક્તિ સંગ્રહણી આદિ મંદ સ્વરે બોલે. ગુરુ પાસે કાળે સંથારા પોરીસી ભણે. સંથારો પાથરીને શરીરને પડિલેહે. ગુરુ આજ્ઞા લઈ વિધિ પ્રમાણે સંથારો કરે. પગ લાંબો–ટૂંકો કરતા કે પડખું ફેરવતા પ્રમાર્જના કરે.

રાત્રે માત્રાદિ કારણે ઉઠે તો પહેલાં દ્રવ્યાદિ ઉપયોગ કરે, જેમ કે –

દ્રવ્યથી હું કોણ છું ? દીક્ષિત છું કે અદીક્ષિત. ક્ષેત્રથી – નીચે છું કે ઉપર ? કાળથી – રાત્રિ છે કે દિવસ ? ભાવથી – કાયિકાદિની શંકા છે કે કેમ ?

જો આંખમાં ઊંઘ હોય તો શ્વાસને રુંધે, ઊંઘ ઊડે પછી સંથારામાં ઊભો થઈ પ્રમાર્જના કરતા દ્વાર પાસે આવે. બહાર ચોર આદિનો ભય હોય તો એક સાધુને ઉઠાડે, તે દ્વાર પાસે ઊભો રહે, પોતે કાયિકાદિ શંકા ટાળીને આવે. કૂતરા આદિનો ભય હોય તો બે સાધુને ઉઠાડે. એક દ્વાર પાસે ઊભો રહે, પોતે કાયિકાદિ વોસિરાવે, ત્રીજો રક્ષણ કરે.

પછી પાછા આવી ઈરિયાવહી કરે. સૂક્ષ્મ આન–પ્રાણવાળો હોય તો ચૌદે પૂર્વ ગણી જાય. લબ્ધિયુક્ત ન હોય તો ઘટતા–ઘટતા છેલ્લે ત્રણ ગાથા સુધી ગણી સૂવે. આ વિધિથી નિદ્રાના પ્રમાદનો દોષ દૂર થાય.

ઉત્સર્ગથી શરીર ઉપર વસ્ત્ર ઓઢ્યા વિના સૂવે, ઠંડી આદિ લાગે તો એક, બે કે ત્રણ કપડાં ઓઢે. તો પણ ઠંડી દૂર ન થાય તો બહાર જઈ કાયોત્સર્ગ કરે, પછી અંદર આવે. છતાં ઠંડી લાગે તો બધા કપડાં કાઢી નાંખે, પછી એક–એક વસ્ત્ર ઓઢે, સમાધિ રહે તેમ કરે.

### મૂળ–૩૧૯ થી ૩૩૧

**૩. સંજ્ઞી** – વિહાર કરતાં વચ્ચે કોઈ ગામ આવે, તે સાધુના વિહારવાળુ હોય કે વિનાનું હોય, ત્યાં શ્રાવકોના ઘર હોય કે ન પણ હોય, જો સંવિજ્ઞ સાધુના વિહારવાળું હોય તો ગામમાં પ્રવેશે. પાર્શ્વસ્થ આદિનું હોય તો ન પ્રવેશે. જિનાલય હોય તો દર્શન કરવા જાય.

ગામમાં સાંભોગિક સાધુ હોય તો પ્રાઘુર્ણક માટે ગોચરી પાણી લાવી આપે. કોઈ શ્રાવક આગ્રહ કરે તો આગંતુક સાથે કોઈ એક સાધુને મોકલે. ઉપાશ્રય નાનો હોય તો આગંતુક સાધુ બીજા સ્થાને ઊતરે. ગામમાં રહેલા સાધુ તેમને ગૌચરી લાવી આપે. સાંભોગિક ન હોય તો આવેલા સાધુ ગૌચરી લાવી આચાર્યાદિને પ્રાયોગ્ય આપી બાકીનું બીજા વાપરે.

### મૂળ–૩૩૨ થી ૩૩૬

**૪. સાધર્મિક** – આહારાદિનું કામ પતાવી, ઠલ્લાની શંકા ટાળીને સાંજે સાધર્મિક સાધુ પાસે જાય, જેથી તેમને ભિક્ષાદિ માટે આકુલત્વ ન થાય. સાધુને જોઈને ત્યાં રહેલા સાધુ ઊભા થાય, સામે જાય, પાત્રાદિ લઈ લે. ગામ નાનું હોય, ભિક્ષા પ્રાપ્ત ન હોય, બપોરે જવામાં માર્ગમાં ચોર આદિનો ભય ન હોય તો સવારમાં જ બીજે ગામ જાય.

ઉપાશ્રયમાં પ્રવેશતા નિસીહિ કહે. ત્યાં રહેલા સાધુ તે સાંભળી સામા આવે. વાપરતા હોય તો કોળિયો મુખમાં હોય તે વાપરી લે, હાથમાં હોય તો પાત્રામાં મૂકી દે. સામે આવેલા સાધુનું સન્માન કરે. આવેલા સાધુ સંક્ષેપથી

આલોચના કરી, તેમની સાથે આહાર વાપરે. જો તેઓએ વાપરી લીધું હોય તો તેમ કહે. જો વાપરવાનું બાકી હોય તો બધા સાથે વાપરે. આહાર ઓછો હોય તો, પોતાને માટે બીજો આહાર લાવીને વાપરે. આવેલા સાધુની ત્રણ દિવસ આહાર-પાણી આદિથી ભક્તિ કરે, શક્તિ ન હોય તો બાલ-વૃદ્ધ આદિની ત્રણ દિવસ ભક્તિ કરે.

મૂળ-૩૩૭ થી ૩૫૫

**૫. વસતી** – ત્રણ પ્રકારે, મોટી-નાની-પ્રમાણયુક્ત. પહેલાં પ્રમાણયુક્ત વસતી ગ્રહણ કરે, તે ન હોય તો નાની વસતી ગ્રહણ કરે, તે પણ ન હોય તો મોટી વસતી ગ્રહણ કરવી.

મોટી વસતીમાં બીજા લોકો, પારદારિકો, બાવા આદિ આવીને સૂવે છે. તેથી ત્યાં સૂત્ર-અર્થ પોરીસી કરતા કે જતા-આવતા, કોઈ અસહિષ્ણુ હોય તો બૂમાબૂમ કરી મૂકે, ઝઘડો થાય. પરિણામે આત્મવિરાધના કે સંયમ વિરાધના થાય. વળી બધાના દેખતા શંકા ટાળે તો પ્રવચનની લઘુતા થાય. રાત્રે વસતીમાં પૂંજતા પૂંજતા જાય તો કોઈને ચોરની શંકા થાય અને કદાચ મારી નાંખે. સાગારિક ગૃહસ્થને સ્પર્શ થતાં તે સાધુને નપુંસક સમજે. સ્ત્રીનો સ્પર્શ થઈ જાય તો સ્ત્રી સમજે છે કે – આ સાધુ મને ઈચ્છે છે, તેમાં મારપીટ થાય. દિવસે સાધુ ઉપર રાગી થયેલ કોઈ સ્ત્રી રાત્રે સાધુની પાસે આવીને સૂઈ જાય, સાધુને બળાત્કારે ગ્રહણ કરે તેથી મોટી વસતીમાં ન ઊતરવું.

નાની વસતીમાં રાત્રે જતા-આવતા કોઈના ઉપર પડી જવાય. જાગી જતા ચોરની શંકા થાય ઇત્યાદિથી આત્મ અને સંયમ વિરાધના થાય.

પ્રમાણયુક્ત વસતીમાં કેવી રીતે ઊતરવું ? એક એક સાધુ માટે ત્રણ હાથ પહોળી જગ્યા રાખવી, એક હાથ-ચાર આંગળ પહોળો સંથારો, પછી વીસ આંગળ ખાલી જગ્યા રાખવી, પછી એક હાથ જગ્યામાં પાત્રાદિ મૂકવા, પછી બીજા સાધુના આસનાદિ રાખવા. પાત્રાદિ બહુ દૂર મૂકે તો બિલાડી, ઉંદર આદિથી રક્ષણ ન થાય. બહુ નિકટ રાખે તો પાત્રાદિ તૂટવાનો ભય રહે. માટે ૨૦ આંગળ અંતર રાખવું.

જો બે હાથથી વધુ અંતર હોય તો, કોઈ ગૃહસ્થ વચ્ચે સૂઈ જશે. તેથી બીજા દોષો લાગશે. ત્યાં બે સાધુ વચ્ચે બે હાથની જગ્યા રાખે. જો હાથથી ઓછું આંતરું હોય તો, બીજા સાધુનો સ્પર્શ થઈ જાય તો ભુક્ત ભોગીને પૂર્વક્રીડાનું સ્મરણ થઈ આવે. કુમારપણામાં દીક્ષા લીધી હોય તેને સાધુના સ્પર્શથી સ્ત્રીનો સ્પર્શ કેવો હશે ? તેવું કુતૂહલ થશે. વચ્ચે બે હાથનું અંતર રાખે, તેથી પરસ્પર કલહ આદિ ન થાય. ભીંતથી એક હાથ દૂર સંથારો કરવો. પગ નીચે પણ જવા આવવાનો માર્ગ રાખવો. મોટી વસતી હોય તો ભીંતથી ત્રણ હાથ દૂર સંથારો રાખવો.

પ્રમાણયુક્ત વસતી ન હોય તો નાની વસતીમાં રાત્રે જયણાપૂર્વક જવું-આવવું. હાથથી પરામર્શ કરી બહાર નીકળવું. પાત્રાદિને ખાડામાં મૂકવા અને ખાડો ન હોય તો દોરી બાંધી ઊંચે લટકાવવા.

મોટી વસતીમાં ઊતરવું પડે તો સાધુ છૂટા-છૂટા થઈ સૂવે. કોઈ આવીને એક બાજુ થઈ જવા કહે તો તેમ કરી પડદો કરી લે. ત્યાં બીજા ગૃહસ્થો આદિ હોય તો જતા-આવતા પ્રમાર્જનાદિ ન કરે.

મૂળ-૩૫૬ થી ૩૮૭

**૬. સ્થાનસ્થિત** – પ્રવેશના દિને પ્રાતઃકાલીન પ્રતિક્રમણાદિ કરી, સ્થાપના કુળ, પ્રાંત કુલાદિનો વિભાગ કરે એટલે અમુક ઘરોમાં ગૌચરી જવું, અમુકમાં ન જવું. પછી સારા શુકન જોઈને ગામમાં પ્રવેશ કરે.

પ્રવેશતા પહેલાં કથા-લબ્ધિસંપન્ન સાધુને મોકલે. તે સાધુ ગામમાં જઈ શય્યાતર પાસે કથા કરે. પછી આચાર્યશ્રી પધારે ત્યારે ઊભા થઈ વિનય સાચવે અને શય્યાતરને કહે કે – આ અમારા આચાર્યશ્રી છે. આચાર્યને કહે કે આ મહાનુભાવે આપણને વસતી આપે છે. આચાર્ય પછી શય્યાતર સાથે વાતચીત કરો, જેથી તેને એમ ન થાય કે આ લોકો ઉચિત જાણતા નથી.

વસતીમાં આચાર્ય માટે ત્રણ જગ્યા રાખી સ્થવિર સાધુ બીજા માટે રત્નાધિકના ક્રમે યોગ્ય જગ્યા વહેંચી

આપે. ક્ષેત્ર પ્રત્યુપેક્ષકો આવેલા સાધુને સ્થંડિલ ભૂમિ, સ્વાધ્યાય ભૂમિ આદિ બતાવે. સાધુમાં કોઈ તપસ્વી હોય, કોઈને વાપરવાનું હોય તો સ્થાપનાકુળ આદિ બતાવે છે.

જિનાલયે જતા આચાર્ય સાથે એક-બે સાધુ પાત્રા લઈને જાય કેમ કે ત્યાં કોઈ ગૃહસ્થને ગૌચરી આપવાની ભાવના થાય તો લઈ શકાય. પાત્રા લઈને આવીશું કહે અને શ્રાવક વસ્તુ રાખી મૂકે તો સ્થાપના દોષ લાગે. બધા સાધુએ સાથે ન જવું કેમ કે તો ગૃહસ્થને એમ થશે કે કોને આપું અને કોને ન આપું. સાધુને જોઈને ભય પામે અથવા આ બધા ખાઉધરા છે તેમ વિચારે. તેથી આચાર્ય સાથે બે-ત્રણ સાધુ જ પાત્ર લઈને જાય.

જો તે ક્ષેત્રમાં પહેલાં માસકલ્પ ન કરેલ હોય કે પહેલાં આવ્યા હોય, તો જાણકાર સાધુ દર્શન કે ગૌચરી અર્થે જાય, ત્યારે દાન આપનાર આદિના કુળો બતાવે કાં તો પ્રતિક્રમણ કર્યા પછી દાનાદિ કુલો કહે. આચાર્ય પણ પ્રતિક્રમણ કર્યા બાદ ક્ષેત્ર પ્રત્યુપેક્ષકોને બોલાવી સ્થાપનાદિ કુળો પૂછે. ક્ષેત્ર પ્રત્યુપેક્ષકો તે જમાવે. તેમને પૂછ્યા વિના સાધુ સ્થાપનાદિ કુળોમાં જાય, તો સંયમ કે આત્મ વિરાધનાદિ દોષ લાગે.

**o સ્થાપનાદિ કુળોનું પ્રયોજન** – સ્થાપનાદિ કુળો સ્થાપવાનું કારણ એ છે કે, આચાર્ય ગ્લાન પ્રાઘુર્ણકાદિને યોગ્ય ભિક્ષા મળી રહે. જો બધા જ સાધુ ત્યાં ભિક્ષા લેવા જાય તો ગૃહસ્થોને કદર્થના થાય અને આચાર્ય આદિના પ્રાયોગ્ય દ્રવ્યનો ક્ષય થવાથી જોઈએ ત્યારે વસ્તુ ન મળે. કેમ કે તેણે ઘણા સાધુને ઘૃતાદિ આપ્યા. હોવાથી ઘૃતાદિ ખલાસ થઈ જાય.

પ્રાંત-વિરોધી ગૃહસ્થો હોય તો સ્ત્રીને માર મારે કે મારી પણ નાંખે અથવા ઠપકો આપે કે – તે સાધુઓને ઘૃતાદિ આપ્યું એટલે ખલાસ થઈ ગયું. ભદ્રક હોય તો નવું લાવે કે કરાવે.

સ્થાપના કુળો રાખવાથી ગ્લાન, આચાર્ય, બાળ, વૃદ્ધાદિની યથાયોગ્ય ભક્તિ કરી શકાય છે, તેથી સ્થાપના કુળો રાખવા જોઈએ. ત્યાં અમુક ગીતાર્થ સિવાય બધા સાધુઓએ ન જવું. કહ્યું છે કે – આચાર્યની ભક્તિથી ગચ્છની અનુકંપા થાય, ગચ્છાનુકંપાથી તીર્થ પરંપરા ચાલે છે. આ કુળોમાં વિના કારણે પણ થોડાં થોડાં દિવસે જવાનું ચાલુ રાખું કેમ કે તેમને ખ્યાલ રહે કે અહીં સાધુ આદિ રહેલા છે.

### મૂળ-૩૮૮ થી ૪૨૮

**આચાર્યની વૈયાવચ્ચ માટે આ દશ પ્રકારના સાધુ અયોગ્ય છે –**

૧. આળસુ-પ્રમાદથી સમયે ગૌચરી ન જાય,

૨. ઘસિર-બહુ ખાનારો હોય તો પોતાનો જ આહાર પહેલાં પૂરો કરે ત્યાં ભિક્ષાનો સમય થઈ જાય.

૩. ઉંઘણસી – ઉંઘ્યા કરે, ત્યાં ગૌચરીનો સમય પૂરો થઈ જાય.

૪. તપસ્વી-તેને ગૌચરીમાં વધુ સમય લાગે, તેથી આચાર્યને પરિ-તાપનાદિ થાય, જો તપસ્વી પહેલાં આચાર્યની ગૌચરી લાવે તો તેને પરિતાપનાદિ થાય.

૫. ક્રોધી-ગૌચરીમાં ક્રોધ કરે.

૬. માની – સત્કાર ન મળે તો ગૌચરી ન જાય,

૭. માયી-સારું સારું એકાંતમાં વાપરી, રૂક્ષ આહાર વસતીમાં લાવે.

૮. લોભી – મળે તેટલું બધું લઈ લે,

૯. કુતૂહલી-માર્ગમાં નટ આદિને રમવા જોવા ઊભો રહી જાય.

૧૦. પ્રતિબદ્ધ – સૂત્રાર્થ ની તલ્લીનતાવાળો હોય.

ઉપર બતાવ્યા સિવાયના ગીતાર્થ, પ્રિયધર્મી સાધુ હોય તે આચાર્યની ભક્તિ માટે યોગ્ય છે, તેમને ગૌચરી મોકલવા. કેમ કે તેઓ વિવેકથી ભિક્ષા ગ્રહણ કરશે. પરિણામે ઘૃતાદિ દ્રવ્યોની નિરંતર પ્રાપ્તિ કરીને ભાવની વૃદ્ધિ

કરનારા થાય છે. સ્થાપના કુળોમાં એક સંઘાટક જાય, બીજા કુળોમાં બાળ, વૃદ્ધ, તપસ્વી આદિ જાય. તરુણ બીજે ગામ ગૌચરી જાય. તેમના બહારગામ જવાથી ગામના ગૃહસ્થોને ખ્યાલ આવે કે આ સાધુ બહારગામ ગૌચરીએ જાય છે, નવા સાધુ આવે ત્યારે જ આપણે ત્યાં આવે છે, તેથી બાળ–વૃદ્ધાદિને ઘણુ આપે.

આ પ્રમાણે ગૌચરી જતાં આચાર્યાદિને ન પૂછતાં આવા પ્રકારના દોષો થાય છે –

૧. રસ્તામાં ચોર આદિ ઉપધિને કે તેને ઉપાડી જાય તો તેમને શોધવા મુશ્કેલ પડે.

૨. પ્રાઘુર્ણક આવ્યા હોય તેમને યોગ્ય કંઈ લાવવાનું હોય તો ખબર ન પડે.

૩. રસ્તામાં કૂતરા આદિનો ભય હોય તો કરડે.

૪. સ્ત્રી કે નપુંસકના દોષો હોય તેની ખબર ન પડે, કદાચ ભિક્ષાએ ગયા ત્યાં મૂર્ચ્છા આવી તો શોધવા ક્યાં? તેથી જતી વેળા આચાર્યને કહે કે – હું અમુક ગામમાં ગૌચરી જઉં છું.

કદાચ નીકળતી વખતે કહેવાનું ભૂલી જાય, પછી યાદ આવે તો પાછો આવીને કહી જાય, તેટલો સમય ન હોય તો માર્ગમાં સ્થંડિલ કે આહારાદિ માટે નીકળેલા સાધુને કહે કે – હું અમુક ગામે ગૌચરી જાઉં છું, તમે આચાર્યને કહી દેજો. જ્યાં જાય તે ગામ કોઈ કારણે દૂર હોય, નાનું હોય કે ખાલી થઈ ગયું હોય, તો કોઈ સાથે કહેવડાવે અને બીજા ગામે ગૌચરી જાય.

ચોર આદિ સાધુને ઉપાડી જાય, તો સાધુ રસ્તામાં અક્ષરો લખતો જાય અથવા વસ્ત્ર ફાડીને ટુકડા રસ્તામાં નાંખતો જાય, જેથી તપાસ કરનારને ખબર પડે કે સાધુને કઈ દિશામાં લઈ ગયા છે. ગૌચરી આદિ ગયેલા સાધુને ઘણી વાર લાગે તો વસતીમાં રહેલા સાધુ, ન આવેલા સાધુ માટે વિશિષ્ટ વસ્તુ રાખીને બીજું વાપરી લે. પછી સાધુ જે દિશામાં ગયા હોય તે દિશામાં તપાસ કરે. કોઈ ચિહ્ન ન મળે તો ગામમાં જઈને પૂછે, ઇત્યાદિ તપાસ કરે.

બીજા ગામ ગૌચરી જવાથી – આધાકર્માદિ દોષથી બચાય. આહારાદિ વધુ મળે, અપમાન આદિ ન થાય. મોહ ન થાય. વીર્યાચારનું પાલન થાય.

૦ સંઘાટક ગૌચરી આદિ કઈ રીતે ગ્રહણ કરે ? એક પાત્રમાં આહાર, બીજા પાત્રમાં પાણી, એકમાં આચાર્યાદિને પ્રાયોગ્ય આહાર, બીજામાં જીવ સંસૃષ્ટાદિ હોય તેવા આહાર કે પાણી ગ્રહણ કરે.

## મૂળ–૪૨૯ થી ૪૩૫

**પડિલેહણા દ્વાર** – બે પ્રકારે છે. ૧. કેવળીની, ૨. છદ્મસ્થની. બંને બાહ્યથી અને આભ્યંતરથી. બાહ્ય – દ્રવ્ય, અભ્યંતર–ભાવ. કેવળીની પડિલેહણા પ્રાણીથી સંસક્ત દ્રવ્ય વિષયક છે. છદ્મસ્થની પડિલેહણા પ્રાણીથી સંસક્ત કે અસંસક્ત દ્રવ્ય વિષયક છે.

૦ કેવળીની દ્રવ્ય પડિલેહણા – વસ્ત્રાદિથી જીવાદિથી સંસક્ત હોય તો પડિલેહણા કરે તથા જ્યારે તે વસ્ત્ર વાપરવાનું હોય ત્યારે જો સંસક્ત હોય તો જ પડિલેહણા કરે

૦ કેવળીની ભાવ પડિલેહણા–વેદનીય કર્મ ઘણુ ભોગવવાનું હોય અને આયુકર્મ ઓછું હોય તો કેવળી ભગવંતો કેવળી સમુદ્‌ઘાત કરે છે, તે ભાવપડિલેહણા.

૦ છદ્મસ્થની દ્રવ્ય પડિલેહણા – સંસક્ત કે અસંસક્ત વસ્ત્ર આદિની પડિલેહણા કરવી તે.

૦ છદ્મસ્થની ભાવ પડિલેહણા – રાત્રે જાગે ત્યારે વિચારે કે – મેં શું કર્યું ? મારે શું કરવાનું છે ? ઇત્યાદિ.

## મૂળ–૪૩૩ થી ૪૯૬

**પડિલેહણા શેની શેની કરે** ? સ્થાનાદિ પાંચની, આ પ્રમાણે –

**૧. સ્થાપના પડિલેહણા** – સ્થાન ત્રણ પ્રકારે છે – ૧. કાયોત્સર્ગ, ૨. બેસવું, ૩. સૂવું.

તેમાં કાયોત્સર્ગ – સ્થંડિલાદિ જઈને ગુરુ પાસે આવી ઇરિયાવહી કરતા કાયોત્સર્ગ કરે. યોગ્ય સ્થાને ચક્ષુથી

પ્રમાર્જના કરે અને જવા-આવવાનો માર્ગ રોકીને કાયોત્સર્ગ ન કરે.

બેસતી વખતે – જંઘા અને સાથળનો વચલો ભાગ પ્રમાર્જી, જમીનની પ્રમાર્જના કરીને બેસે.

સૂતી વખતે પડખું ફેરવતા પ્રમાર્જના કરીને બેસે. સૂતી વખતે પડખું ફેરવતા પ્રમાર્જના કરે, સૂવે પણ પૂંજીને.

**૨. ઉપકરણ પડિલેહણા** – વસ્ત્ર અને પાત્ર સંબંધી પડિલેહણા સવાર, બપોર બે વખતે કરે. મુહપત્તિ પડિલેહીને પછી બીજા વસ્ત્રાદિ પડિલેહે.

૦ વસ્ત્રની પડિલેહણા કઈ રીતે કરે ? વસ્ત્રના ત્રણ ભાગ બુદ્ધિથી કરીને જોવા, પછી પાછળની બાજુ ત્રણ ભાગ કરીને જોયા. ત્રણ વાર છ પુરીમા કરવા. ઉત્કટુક આસને બેસી વિધિપૂર્વક પડિલેહણા કરે, તેમાં આ વિધિ છે –

૧. પડિલેહણ કરતા વસ્ત્ર કે શરીરને ન નચાવે.

૨. સાંબેલા માફક વસ્ત્ર ઊંચું ન કરે.

૩. વસ્ત્રના નવ અખોડા-પખોડા અને છ વાર પ્રસ્ફોટન કરવું.

૪. પડિલેહણ કરતા વસ્ત્ર કે શરીરને ઊંચે છતને, ભીંતને કે જમીનને ન લગાડવું.

૫. પડિલેહણ કરતા ઉતાવળ ન કરે.

૬. વેદિકા દોષ વર્જવો – ઉર્ધ્વવેદિકા-ઢીંચણ ઉપર હાથ રાખવા. અધો વેદિકા – ઢીંચણ નીચે હાથ રાખવા. તિરછી વેદિકા-સંડાસાની વચ્ચે હાથ રાખવા. એગતો વેદિકા – એક હાથ, બે પગની અંદર અને બીજો હાથ બહાર રાખવો. દ્વિધાતો વેદિકા – બે હાથની વચ્ચે પગ રાખવો.

૭. વસ્ત્ર અને શરીર બરાબર સીધા રાખવા.

૮. વસ્ત્ર લાંબું ન રાખવું.

૯. વસ્ત્રને લટકતું ન રાખવું.

૧૦. વસ્ત્ર ના બરાબર ત્રણ ભાગ કરવા.

૧૧. એક પછી એક વસ્ત્રની પડિલેહણા કરવી. એક સાથે વધારે વસ્ત્ર ન જોવા.

૧૨. ઉપયોગપૂર્વક પડિલેહણા કરવી.

**૦ સવારે પડિલેહણા કરવાનો કાળ** –

૧. અરુણોદયે પડિલેહણા કરવી.

૨. અરુણોદય થતાં આવશ્યક કરી પછી પડિલેહણા કરવી.

૩. એકબીજાના મુખ જોઈ શકાય, ત્યારે પડિલેહણા કરવી.

૪. હાથની રેખા દેખાય ત્યારે પડિલેહણા કરવી. આવા ચાર અલગ-અલગ મતો છે.

પણ સિદ્ધાંતવાદી કહે છે કે – આ બધા આદેશો બરાબર નથી. ઉત્સર્ગથી પ્રતિક્રમણ પૂરું થયા પછી મુહપત્તિ, રજોહરણ, બે નિષધ્યા, ચોલપટ્ટક, ત્રણ કપડાં, સંથારો અને ઉત્તરપટ્ટો – આ દશની પડિલેહણા પૂરી થતા સૂર્યોદય થાય. તે રીતે પડિલેહણા શરૂ કરવી. અપવાદે સમયાનુસાર પડિલેહણ કરે.

પડિલેહણમાં ઉત્સર્ગે વિપર્યાસ ન કરે. તે વિપર્યાસ બે ભેદે છે –

૧. પુરુષ વિપર્યાસ – મુખ્યતાએ આચાર્યાદિની પડિલેહણા કરનાર અભિગ્રહી સાધુ પહોંચી વળે, તેમ હોય તો ગુરુને પૂછીને પોતાની કે ગ્લાનાદિની ઉપધિ પડિલહે. જો અભિગ્રહી ન હોય અને પોતાની ઉપધિ પડિલેહે તો અનાચાર થાય. પડિલેહણ કરતા પરસ્પર વિકથા કરે, શ્રાવકાદિને પચ્ચક્ખાણ કરાવે, સાધુને પાઠ આપે કે પોતે પાઠ લે, તો પણ અનાચાર થાય. છ કાય જીવની વિરાધનાનો દોષ લાગે. તેથી ઉપયોગપૂર્વક પડિલેહણા કરે.

૨. ઉપધિ વિપર્યાસ – કોઈ ચોર આદિ આવેલ હોય તો પહેલાં પાત્ર પડિલેહણા કરે, પછી વસ્ત્ર પડિલેહણા

કરે. આ પ્રમાણે વિકાલે સાગારિક આવી જાય તો પણ પડિલેહણામાં વિપર્યાસ કરે. પડિલેહણાદિ બધા જ અનુષ્ઠાનો ભગવંતે કહ્યા મુજબ કરવાથી કર્મ નિર્જરા થાય છે. જિનોક્ત પ્રત્યેક યોગની સમ્યક્ આરાધના કરતા અનંતા આત્મા કેવળી થયા છે. એ પ્રમાણે પડિલેહણથી પણ આત્માઓ કેવળી થઈ મોક્ષે ગયેલ છે.

શંકા– પડિલેહણ કરતા અનેક આત્મા મોક્ષે જતા હોય તો પછી અમે એકલી જ પડિલેહણા કરીએ, બીજા અનુષ્ઠાનો શા માટે કરવા ?

સમાધાન – આમ કરવું બરાબર નથી. કેમ કે બીજા અનુષ્ઠાનો ન કરે અને માત્ર પડિલેહણા કર્યા કરે, તો તે સંપૂર્ણ આરાધક થઈ શકતો નથી. માત્ર દેશ આરાધક થાય, માટે બધાં અનુષ્ઠાનો કરવા જોઈએ.

**૦ સર્વ આરાધકની વ્યાખ્યા–** પાંચ ઇન્દ્રિયોથી ગુપ્ત, મન આદિ ત્રિવિધ કરણથી યુક્ત, તપ–નિયમ–સંયમમાં જોડાયેલ સંપૂર્ણ આરાધક થાય.

પાંચ ઇન્દ્રિયના વિષયો શબ્દ, રૂપ, ગંધ, રસ, સ્પર્શની ઇચ્છા ન કરવી તથા પ્રાપ્ત થયેલા વિષયો અનુકૂળ હોય તો રાગ ન કરે, પ્રતિકૂળ હોય તો દ્વેષ ન કરે.

મન, વચન, કાયાને અશુભ કર્મબંધ થાય તેવા વ્યાપારથી રોકવા અને શુભ કર્મબંધ થાય તેમાં પ્રવૃત્ત કરવા.

છ બાહ્ય અને છ અભ્યંતર એ ૧૨ ભેદે તપ કરવો.

ઇન્દ્રિય અને મનને કાબૂમાં રાખવા, તથા ક્રોધાદિ ન કરવા.

૧૭ પ્રકારનો સંયમ પાળવો. જેમાં જીવ સંયમને પૃથ્વીકાયથી પંચેન્દ્રિય પર્યન્ત નવ પ્રકારના જીવની વિરાધના ન થાય તેમ વર્તવું. અજીવ સંયમ તે લાકડું, વસ્ત્ર આદિમાં લીલ ફૂગ હોય તો ગ્રહણ ન કરવું. પ્રેક્ષા સંયમ તે – વસ્તુ પૂંજી પ્રમાર્જીને લેવી, ઇત્યાદિ. ઉપેક્ષા સંયમમાં – સાધુને સંયમમાં વર્તવા પ્રેરવા અને ગૃહસ્થને પાપકાર્ય માટે ન પ્રેરવા તે.

ઉક્ત બધી આરાધના કરનાર સંપૂર્ણ આરાધક થાય.

સવારે **પડિલેહણા કરી, પછી સ્વાધ્યાય કરવો, પાદોન પોરીસી થાય ત્યારે પાત્રાની પડિલેહણા કરવી. પછી સાંજે પાદોન પોરીસી રહેતા બીજી વખત પડિલેહણા કરવી.**

પોરીસીનું માપ ગણવા માટે શાસ્ત્રીય વિધિ આવી છે – સૂર્યના પ્રકાશમાં ઊભા રહેતા જે પડછાયો પડે તેની લંબાઈના માપ ઉપરથી કયા મહિનામાં ક્યારે સવારની અને સાંજની પોરીસી ગણવી તેના માપને આધારે પોરીસી સમયનો નિર્ણય થઈ શકે છે. જેમ કે –

અષાઢ સુદ પૂનમે બે પગલાં–શૂન્ય આંગળ પોરીસી અને ચરમ પોરીસી–બે પગલાં અને છ આંગળ એ રીતે શ્રાવણમાં પોરીસી – ૨/૪ અને ચરમ પોરીસી – ૨/૧૦ છે. એ પ્રમાણે મહાસુદ પૂનમ સુધી ચાર–ચાર આંગળ વધે અને પછી ચાર–ચાર આંગળ ઘટતા જેઠ સુદ પૂનમે પોરીસી–૨/૪, ચરમ પોરીસી ૨/૧૦ થશે.

**૦ પાત્ર પડિલેહણા** – તેમાં પાંચે ઇન્દ્રિયોનો ઉપયોગ બરાબર રાખવો. પાત્ર જમીનથી ચાર આંગળ ઊંચા રાખવા. પાત્રાદિ ઉપર ભ્રમરાદિ હોય તો જયણાપૂર્વક દૂર કરવા. **પહેલાં પાત્રા, પછી ગુચ્છા, પછી પલ્લાની પડિલેહણા કરવી.** જો પડિલેહણા મોડી થાય તો કલ્યાણક પ્રાયશ્ચિત્ત આવે.

જો પાત્રને ગૃહકોકિલાદિનું ઘર લાગ્યું હોય તો પાત્રાને ત્રણ પ્રહર સુધી એક બાજુ રાખી મૂકવું. એટલામાં ઘર ન ખરી પડે તો બીજું પાત્ર લેવું. બીજું પાત્ર ન હોય તો પાત્રનો તેટલો ભાગ કાપીને બાજુમાં મૂકી દે. જો સૂકી માટીનું ઘર હોય અને તેમાં જો કીડા ન હોય તો માટી દૂર કરવી.

શિયાળા, ઉનાળામાં પાત્રાદિ પડિલેહણ કરી, બાંધીને રાખવા. કેમ કે અગ્નિ, ચોરાદિના ભય વખતે, બધી ઉપધિ લઈને સુખેથી નીકળી શકાય. જો ન બાંધે તો બળી જાય કે ઉતાવળે લેતા તૂટી જાય છે.

મૂળ–૪૯૭ થી ૫૩૨

**૩. સ્થંડિલ** – અનાપાત અને અસંલોક શુદ્ધ છે. અનાપાત – સ્વપક્ષ કે પરપક્ષમાંથી કોઈનું ત્યાં આવાગમન ન હોય. અસંલોક – સ્થંડિલ બેઠા હોય, ત્યાં કોઈ જોઈ ન શકે. સ્થંડિલભૂમિ આ પ્રકારે હોય –

૧. અનાપાત અસંલોક – કોઈની અવર–જવર નહીં, તેમ કોઈ જુએ નહીં.

૨. અનાપાત સંલોક – કોઈની અવર–જવર ન હોય, પણ જોઈ શકાતું હોય.

૩. આપાત અસંલોક – અવર–જવર હોય, પણ જોઈ શકાતું હોય.

૪. આપાત સંલોક – અવર–જવર પણ હોય અને જોઈ પણ શકાતું હોય.

આપાત – બે પ્રકારે છે. સ્વપક્ષ સંયત વર્ગ, પરપક્ષ ગૃહસ્થાદિ.

સ્વપક્ષ આપાત બે પ્રકારે છે – સાધુ–સાધ્વી. સાધુમાં સંવિજ્ઞ અને અસંવિજ્ઞ. સંવિજ્ઞમાં ધર્મી અને નિર્ધર્મી.

પરપક્ષ આપાત બે ભેદે – મનુષ્યઆપાત અને તિર્યંચ આપાત. મનુષ્ય આપાત ત્રણ ભેદે – પુરુષ, સ્ત્રી અને નપુંસક. તિર્યંચ આપાતના ત્રણ ભેદ – પુરુષ, સ્ત્રી, નપુંસક. પુરુષ આપાત ત્રણ પ્રકારે – રાજા, શ્રેષ્ઠી, સામાન્ય. વળી તે શૌચવાદી અને અશૌચવાદી. આ જે ત્રણ ભેદો સ્ત્રી અને નપુંસકમાં પણ જાણવા. તિર્યંચ આપાત બે ભેદે – મારકણા અને ન મારકણા. તે પણ જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ આદિ.

મુખ્યતાએ અનાપાત અને અસંલોકમાં સ્થંડિલ જવું. મનોજ્ઞના આપાતમાં સ્થંડિલ જઈ શકાય. સાધ્વીનો આપાત એકાંતે વર્જવો.

**૦ પરપક્ષ આપાતમાં થતા દોષો** –

૧. લોકો વિચારે કે – આ સાધુ અમે જ્યાં જઈએ છીએ ત્યાં જ સ્થંડિલ આવે છે, તે અમારું અપમાન છે. અથવા અમારી સ્ત્રીની અભિલાષાવાળા છે અથવા કોઈ સ્ત્રીએ સંકેત કરી રાખેલ હશે, માટે જાય છે. આનાથી શાસનની ઉડ્ડાહણા થાય.

૨. ઓછા પાણીથી પણ ઉડ્ડાહણા થાય.

૩. કોઈ મોટો માણસ સાધુને તે દિશામાં જતા જોઈને ભિક્ષાદિનો નિષેધ કરે.

૪. શ્રાવકાદિને સાધુના ચારિત્રમાં શંકા થાય.

૫. કદાચ સ્ત્રી ધરાર ગ્રહણ કરે.

**૦ તિર્યંચ આપાતમાં થતા દોષો** – ૧. શીંગડું મારે, કરડે. ૨. હિંસક હોય તો ખાઈ જાય. ૩. ગધેડી આદિમાં મૈથુનની શંકા થાય.

**૦ સંલોકમાં થતા દોષો** – તિર્યંચના સંલોકમાં કોઈ દોષ થતા નથી, મનુષ્ય સંલોકમાં ઉડ્ડાહ આદિ દોષો થાય. સ્ત્રી આદિના સંલોકમાં મૂર્ચ્છા કે અનુરાગ થાય, તેથી સ્ત્રી સંલોકમાં તો ન જ જવું. આપાત અને સંલોકના દોષો ન થાય ત્યાં સ્થંડિલ જવું. સાધ્વીજીઓએ આપાત હોય પણ સંલોક ન હોય ત્યાં સ્થંડિલ જવું.

**૦ સ્થંડિલ માટેની કાળ અને અકાળ સંજ્ઞા** – તેમાં કાલસંજ્ઞા – ત્રીજી પોરીસીમાં સ્થંડિલ જવું તે. અકાલ સંજ્ઞા – ત્રીજી પોરીસી સિવાયના વખતે સ્થંડિલ જવું તે અથવા ગૌચરી વાપર્યા પછી સ્થંડિલ જવું તે કાળ સંજ્ઞા અથવા અર્થ પોરીસી કર્યા પછી સ્થંડિલ જવું તે કાલ સંજ્ઞા.

ચોમાસા સિવાયના કાળમાં ડગલ લઈ તેનાથી સાફ કરી પછી ત્રણ વાર પાણીથી આચમન કરવું.

સાપ, વીંછી આદિના દર ન હોય, કીડા, જીવજંતુ કે વનસ્પતિ ન હોય તથા પ્રાસુક સમ ભૂમિમાં છાંયો હોય ત્યાં સ્થંડિલ જવું. આ પ્રાસુક ભૂમિ ઉત્કૃષ્ટથી બાર યોજન, જઘન્યથી એક હાથ લાંબી–પહોળી, આગાઢ કારણે જઘન્યથી ચાર આંગળ લાંબી–પહોળી અને દશ દોષ રહિત જગ્યાનો ઉપયોગ કરવો.

આ દશ દોષ આ પ્રમાણે છે –

૧. આત્મ ઉપઘાત–બગીચા આદિમાં જતા.

૨. પ્રવચન ઉપઘાત–ખરાબ સ્થાન, વિષ્ટા આદિ હોય ત્યાં જતા.

૩. સંયમ ઉપઘાત–અગ્નિ, વનસ્પતિ આદિ હોય, જ્યાં જવાથી છ કાય જીવોની વિરાધના થાય.

૪. વિષય સ્થાનમાં–જ્યાં જવાથી પડી જવાય, જેથી આત્મ વિરાધના થાય, માતૃ આદિનો રેલો ઉતરે તેમાં ત્રસ આદિ જીવોની વિરાધનાથી સંયમ વિરાધના થાય.

૫. પોલાણવાળી જગ્યા–ત્યાં જતા વીંછી આદિ કરડવાનો સંભવ છે, તેથી આત્મ વિરાધના. પોલાણમાં પાણી આદિ જવાથી ત્રસ આદિ જીવોની વિરાધના થવાથી સંયમ વિરાધના થાય.

૬. મકાનોની નિકટમાં–ત્યાં જતા સંયમ અને આત્મ વિરાધના થાય.

૭. બિલવાળી જગ્યામાં–ત્યાં જતા પણ સંયમ અને આત્મ વિરાધના થાય.

૮. બીજ, ત્રસાદિ જીવો હોય –ત્યાં પણ ઉક્ત વિરાધના થાય છે.

૯. સચિત્ત ભૂમિમાં–ત્યાં પણ ઉક્ત વિરાધના થાય છે. ૧૦.

એક હાથથી ઓછી અચિત્ત ભૂમિમાં જાય–ત્યાં પણ ઉક્ત સંયમ અને આત્મ વિરાધના થાય.

આ દશ દોષોના એકાદિ સાંયોગિક–૧૦૨૪ ભંગો થાય છે.

સ્થંડિલ બેસતા પૂર્વે "અણુજાણહ જસુગ્ગાહો" અને ઉઠ્યા પછી ત્રણ વાર 'વોસિરઈ' - 'વોસિરે' કહેવું.

પૂર્વ દિશા અને ઉત્તર દિશાને પીઠ કરીને ન બેસવું. કેમ કે તે બંને દિશાઓ પૂજ્ય ગણાય છે. રાત્રે દક્ષિણ દિશા પ્રતિ પીઠ કરવી નહીં, કેમ કે રાત્રે પિશાચાદિ આવતા હોય છે.પવનને પીઠ ન કરવી, કેમ કે દુર્ગંધ નાકમાં જાય તો તેથી મસા થાય. સૂર્ય તથા ગામને પીઠ ન કરવી, કેમ કે તેથી અપયશ થાય.પેટમાં કૃમિ થયેલા હોય અને છાંયો ન મળે તો વોસીરાવીને બે ઘડી સુધી ત્યાં શરીરની છાયા કરીને ઊભા રહેવું. જેથી બે ઘડીમાં કૃમિ સ્વયં પરિણમન પામે.

રજોહરણ, દંડ ડાબા સાથળ ઉપર રાખવા. પાત્ર જમણા હાથમાં રાખી ત્રણ વાર આચમન કરી શુદ્ધિ કરવી.

### મૂળ–૫૩૩ થી ૫૩૭

**૪. અવષ્ટંભ** – લીંપેલી ભીંત, થાંભલા આદિને ટેકો ન દેવો. કેમ કે ત્યાં નિરંતર ત્રસ જીવો રહેલા હોય છે. પૂંજીને પણ ટેકો ન દેવો. ટેકો દેવાની જરૂર પડે તો કોઈ વસ્તુ કે પાટીયા આદિથી ઢાંકેલ ભીંત વગેરે હોય તો ત્યાં પૂંજીને ટેકો દેવો.

### મૂળ–૫૩૮ થી ૫૪૭

**૫. માર્ગ** – રસ્તામાં ચાલતા સાડા ત્રણ હાથ પ્રમાણ ભૂમિ જોઈને ચાલવું. કેમ કે તેટલા પ્રમાણમાં દૃષ્ટિ રાખી હોય તો જીવ આદિ જોતા એકદમ પગ મૂકાતો રોકી શકાય છે. તે પ્રમાણથી દૂર નજર રાખી હોય તો નજીક રહેલા જીવોની રક્ષા થઈ શકે નહીં. જોયા વિના ચાલે તો રસ્તામાં ખાડો આદિ આવે તો પડી જવાય. જેથી પગમાં કાંટા આદિ વાગે તથા જીવોની વિરાધના પણ થાય છે. માટે ૩॥ હાથ પ્રમાણ ભૂમિમાં ઉપયોગ રાખી ચાલવું.

આ પ્રમાણે પડિલેહણ વિધિ શ્રી ગણધર ભગવંતોએ કહેલી છે. આ પડિલેહણ વિધિને આચરતા ચરણકરણાનુ–યોગવાળા સાધુઓ અનેક ભવના સંચિત કર્મોને ખપાવે છે.

**મુનિ દીપરત્નસાગરે કરેલ પડિલેહણ દ્વારનો-સટીક-સંક્ષેપ-પરિચય પૂર્ણ**

## દ્વાર-૨ ' પિંડ'

હવે પિંડ અને એષણાનું સ્વરૂપ કહેવામાં આવે છે.

### મૂળ-૫૪૮ થી ૫૫૩

૦ પિંડની એષણા ત્રણ પ્રકારે – ગવેષણા, ગ્રહણૈષણા, ગ્રાસૈષણા.

૦ પિંડ ત્રણ પ્રકારે છે– સચિત્ત, અચિત્ત, મિશ્ર.

તેમાં અચિત્ત પિંડ દશ પ્રકારે છે – પૃથ્વીકાય યાવત્ વનસ્પતિકાય પિંડ, બેઈન્દ્રિય યાવત્ પંચેન્દ્રિય પિંડ અને લેપપિંડ,

સચિત્ત અને મિશ્ર પિંડ – લેપ પિંડ સિવાયના નવ નવ પ્રકારે જાણવો. પૃથ્વીકાયથી પંચેન્દ્રિય સુધીનો પિંડ ત્રણ ભેદે છે – સચિત્ત (જીવવાળો), મિશ્ર – જીવસહિત અને રહિત. અચિત્ત – જીવરહિત.

### મૂળ-૫૫૪ થી ૫૫૯

**૧. પૃથ્વીકાય પિંડ** – સચિત્ત, અચિત્ત, મિશ્ર. સચિત્ત બે ભેદે છે –

૧. નિશ્ચયથી સચિત્ત – રત્નપ્રભા, શર્કરા-પ્રભાદિ, હિમવંતાદિ મહાપર્વતોના મધ્યભાગાદિ.

૨. વ્યવહારથી સચિત્ત – જ્યાં છાણ આદિ ન હોય, સૂર્યનો તાપ કે મનુષ્યાદિની અવર-જવર ન હોય તેવા જંગલ આદિ.

મિશ્ર પૃથ્વીકાય – ક્ષીરવૃક્ષ, વડ, ઉદુંબરાદિનો નીચેનો છાયાવાળો બેસવાનો ભાગ. હળથી ખેડેલ જમીન આર્દ્ર હોય ત્યાં સુધી, ભીની માટી એક, બે, ત્રણ પ્રહર સુધી મિશ્ર હોય છે. ઇંધણ ઘણું હોય, પૃથ્વી થોડી હોય તો એક પ્રહર સુધી મિશ્ર. ઈંધણ થોડું પૃથ્વી ઘણી હોય તો ત્રણ પ્રહર સુધી મિશ્ર. બંને સરખા હોય તો બે પ્રહર સુધી મિશ્ર.

અચિત્ત પૃથ્વીકાય – શીત શસ્ત્ર, ઉષ્ણ શસ્ત્ર, તેલ, ક્ષાર, બકરીની લીંડી, અગ્નિ, લવણ, કાંજી, ઘી આદિથી હણાયેલ પૃથ્વી અચિત્ત થાય છે. આ અચિત્ત પૃથ્વીકાયનો ઉપયોગ – દાહને શમાવવા, સર્પદંશ ઉપર લગાડવા, બીમારીમાં, કાયોત્સર્ગ કરવામાં, સૂવા-બેસવા-ચાલવામાં ઉપયોગી થાય છે.

### મૂળ-૫૬૦ થી ૫૭૪

**૨. અપ્કાય પિંડ** – સચિત્તાદિ ત્રણ ભેદે. સચિત્ત બે પ્રકારે ૧. નિશ્ચય સચિત્ત – ઘનોદધિ આદિ, કરા, દ્રહ-સમુદ્રના મધ્યભાગનું પાણી. ૨. વ્યવહાર સચિત્ત – કૂવા, તળાવ, વરસાદ આદિનું પાણી.

મિશ્ર અપ્કાય – બરાબર ન ઉકળેલ પાણી, વરસાદનું પાણી પહેલી વાર ભૂમિ ઉપર પડે ત્યારે – આ બંને મિશ્ર અપ્કાય છે.

અચિત્ત અપ્કાય – ત્રણ ઉકાળાવાળુ પાણી તથા બીજા શસ્ત્રાદિથી હણાયેલુ પાણી અચિત્ત થાય છે. અચિત્ત અપ્-કાયનો ઉપયોગ – તૃષા છીપાવવા, શેક કરવા, હાથ-પગ-વસ્ત્રાદિના પ્રક્ષાલન માટે થાય છે.

વર્ષાઋતુના આરંભે વસ્ત્રનો કાપ કાઢવો. તે સિવાય ઋતુબદ્ધ કાળમાં કાપ કાઢે તો બકુશ ચારિત્રી, વિભૂષણશીલ થાય અને તેથી બ્રહ્મચર્યનો વિનાશ થાય. લોકો પણ તેને કામી સમજે છે. કપડાં ધોવામાં સંપાતિમ જીવો તથા વાયુકાય જીવોની વિરાધના થાય છે.

વર્ષાકાળ પહેલાં કાપ કાઢવો જોઈએ. ન કાઢે તો દોષો થાય. કપડાં મેલા થવાથી ભારે થાય, લીલ-ફૂગ થાય, જૂ આદિ પડે, મેલા કપડાથી અજીર્ણ આદિ થાય. વર્ષાઋતુના આરંભે ૧૫ દિવસ પૂર્વે અવશ્ય કાપ કાઢવો.

બધાનો કાપ બાર મહિને કાઢવો તેમ નહીં, આચાર્ય અને ગ્લાનાદિના મેલાં વસ્ત્રો ધોઈ નાંખવા, જેથી લોકમાં નિંદા ન થાય, ગ્લાનાદિને વ્યાધિ ન થાય.

૦ કાપ કેવી રીતે કાઢવો ? કપડામાં જૂ આદિની પરીક્ષા કર્યા બાદ કાપ કાઢવો. જૂ આદિને જયણાપૂર્વક દૂર કરીને પછી કાપ કાઢવો.

કપડાં ધોબીની માફક પછાડીને ન ધોવા. ધોકા મારીને ન ધોવે પણ જયણાપૂર્વક બે હાથેથી મસળીને કાપ કાઢે. છાયામાં સૂકવે, તડકે નહીં.

મૂળ-૫૭૫ થી ૫૭૮

**૩. અગ્નિકાય પિંડ** – સચિત્તાદિ ત્રણ ભેદે છે.

સચિત્ત બે ભેદે – નિશ્ચય સચિત્ત – ઇંટના નિભાડાના મધ્ય ભાગનો અને વીજળી આદિનો અગ્નિ.

વ્યવહાર સચિત્ત – અંગારા આદિનો અગ્નિ. મિશ્રઅગ્નિકાય – તણખા, મુર્મુર આદિનો અગ્નિ. સચિત્ત અગ્નિ – ભાત, કૂર, શાક, ઓસામણ, ઉકાળેલું પાણી આદિ અગ્નિથી પરિપક્વ થયેલ.

આ અચિત્ત અગ્નિકાય આહારપાણી આદિ વાપરવામાં અને ઇંટના ટૂકડા આદિ અન્યાન્ય ઉપયોગ થાય છે.

અગ્નિકાયના શરીર બે પ્રકારના હોય છે. ૧. બદ્ધેલક – અગ્નિ સાથે સંબંધિત હોય તેવા.

૨. મુક્કેલક – અગ્નિ રૂપ બનીને છૂટાં પડી ગયેલ હોય તેવા. આહારાદિ મુક્કેલક અગ્નિકાય કહેવાય છે અને તેનો ઉપયોગ વાપરવામાં થાય છે.

મૂળ-૫૭૯

**૪. વાયુકાય પિંડ** – સચિત્તાદિ ત્રણ ભેદે છે. તેમાં

૧. નિશ્ચય સચિત્ત – રત્નપ્રભાદિ પૃથ્વીની નીચે વલયાકારે રહેલ ઘનવાત, તનુવાત, અતિ ઠંડીમાં વાતો વાયુ, અતિ દુર્દિનમાં વાતો વાયુ આદિ.

૨. વ્યવહાર સચિત્ત – પૂર્વાદિ દિશાનો પવન અતિ ઠંડી અને અતિ દુર્દિન સિવાયનો વાતો વાયુ. મિશ્રવાયુકાય – મરાકાદિમાં ભરેલો વાયુ અમુક સમય પછી મિશ્ર થાય.

અચિત્ત વાયુકાય – તે પાંચ પ્રકારે છે. ૧. આક્રાંત – કાદવાદિ દબાવાથી નીકળતો વાયુ, ૨. મસકાદિનો વાયુ, ૩. ધમણ આદિનો વાયુ, ૪. શરીરમાં રહેલો વાયુ, ૫. સંમૂર્ચ્છિમ – પંખા આદિનો વાયુ.

આ અચિત્ત વાયુકાયનો ઉપયોગ – મસક તરવાના કામમાં આવે તથા ગ્લાનાદિના ઉપયોગમાં લેવાય છે.

અચિત્ત વાયુ ક્યાં સુધી અચિત્ત રહે ? અચિત્ત વાયુ ભરેલી મશક – ક્ષેત્રથી ૧૦૦ હાથ સુધી તરે ત્યાં સુધી અચિત્ત. બીજા ૧૦૦ હાથ સુધી મિશ્ર અને ૨૦૦ હાથ પછી સચિત્ત થાય.

આ અંગે વિશેષ જાણવા 'પિંડનિર્યુક્તિ ટીકાનુવાદ' જુઓ.

મૂળ-૫૮૦ , ૫૮૧

**૫. વનસ્પતિકાય પિંડ** – સચિત્તાદિ ત્રણ ભેદે છે. તેમાં

૧. નિશ્ચય સચિત્ત– અનંતકાય વનસ્પતિ.

૨. વ્યવહાર સચિત્ત – પ્રત્યેક વનસ્પતિ.

મિશ્ર – ચીમળાયેલા ફ્લાદિ, ચાળ્યા વિનાનો લોટ, ખાંડેલ ડાંગરાદિ.

અચિત્ત – શસ્ત્રાદિથી પરિણત વનસ્પતિ. તેનો ઉપયોગ સંથારામાં, કપડામાં અને ઔષધાદિમાં થાય છે.

મૂળ-૫૮૨ થી ૫૮૭

**૬ થી ૮. બે-ત્રણ-ચાર ઇન્દ્રિય પિંડ** – આ બધાં એક સાથે પોત-પોતાના સમૂહરૂપે હોય ત્યારે પિંડ કહેવાય છે. તે પણ સચિત્તાદિ ત્રણ ભેદે હોય છે.

તેમાં અચિત્ત વિકલેન્દ્રિયનું પ્રયોજન આ પ્રમાણે છે – બેઇન્દ્રિયમાં – ચંદનક, શંખ, છીપ આદિ સ્થાપનામાં,

ઔષધાદિ કાર્યોમાં આવે. તેઈન્દ્રિયમાં – ઉધેહીની માટી આદિ ઔષધરૂપ છે. ચઉરિન્દ્રિયમાં – શરીર, આરોગ્ય માટે ઊલટી આદિમાં માખીની આગાર કામ આવે છે.

**૯. પંચેન્દ્રિય પિંડ** – ચાર પ્રકારે છે. નારકી – તિર્યંચ – મનુષ્ય – દેવતા.

તેમાં નારકીનો વ્યવહાર કોઈ રીતે ન થઈ શકે.

તિર્યંચ પંચેન્દ્રિયનો ઉપયોગ – ચામડા, હાડકા, વાળ, દાંત, નખ, રોમ, શીંગડા, વિષ્ટા, મૂત્ર આદિના કારણે ઉપયોગ કરાય છે તથા વસ્ત્ર, દૂધ આદિ ઉપયોગી છે.

મનુષ્યનો ઉપયોગ – સચિત્ત મનુષ્યને દીક્ષા અપાય કે માર્ગ પૂછવા કામ આવે. અચિત્ત મનુષ્યની ખોપરી વેશ પરિવર્તનાદિ કરવા માટે કામ આવે તથા ઘસીને ઉપદ્રવ શાંત કરી શકાય.

દેવનો ઉપયોગ – તપસ્વી કે આચાર્ય પોતાનું મૃત્યુ પૂછવાને, શુભાશુભ પૂછવા કે સંઘકાર્ય માટે ઉપયોગી થાય.

## મૂળ–૫૮૮ થી ૬૪૪

**૧૦. લેપ પિંડ** – પૃથ્વીકાયથી મનુષ્ય સુધી આ નવેના સંયોગ વડે ઉત્પન્ન થયેલ લેપ પિંડ હોય છે.

કેવી રીતે ? ગાડાના અક્ષમાં પૃથ્વીની રજ લાગેલ હોય, તેથી પૃથ્વીકાય. ગાડું નદી ઉતરતા પાણી લાગેલુ હોવાથી અપ્‌કાય. ગાડાનુ લોઢું ઘસાતા અગ્નિ ઉત્પન્ન થવાથી તેઉકાય. જ્યાં અગ્નિ હોય ત્યાં વાયુકાય હોવાથી વાયુકાય. અક્ષ લાકડાનો હોવાથી વનસ્પતિકાય. મળીમાં સંપાતિમ જીવ પડેલા હોવાથી બેઈન્દ્રિય આદિ અને દોરડું ઘસાવાથી પંચેન્દ્રિય. એ પ્રમાણે લેપપિંડ કહ્યો છે.

આ લેપપિંડનો ઉપયોગ – રંગવામાં થાય છે. લેપ યતનાપૂર્વક ગ્રહણ કરવો. ગાડા પાસે જઈ તેના માલિકને પૂછીને લેપ ગ્રહણ કરવો. શય્યાતરના ગાડાનો લેપ લેવામાં શય્યાતર પિંડનો દોષ ન લાગે.

લેપને દૂરથી સૂંઘીને પરીક્ષા કરવી. મીઠો હોય તો ગ્રહણ કરવો. લેપ લેવા જતા ગુરુજીને વંદન કરીને પૂછીને જવું. પહેલાં નવા પાત્રાનો લેપ કરવો, પછી જૂના પાત્રાનો લેપ કરવો.

જૂના પાત્રા ગુરુને બતાવીને પછી લેપ કરવો. કેમ કે કોઈ નવા સાધુ સૂત્ર–અર્થ ગ્રહણ કરવાને આવવાના હોય તો પાત્રાને લેપ કરવાનો નિષેધ કરી શકે. અથવા માયાવીની વારણા થઈ શકે.

સવારમાં લેપ લગાવી પાત્રને સૂકાવા દેવું. શક્તિ હોય તો ઉપવાસ કરીને લેપ લેવો. શક્તિ ન હોય તો લેપ કરેલ પાત્ર બીજાને સોંપીને આહાર કરવા જાય. તેમ ન કરે તો સંપાતિમ જીવોની વિરાધના થાય.

લેપની પોટલી બનાવી પાત્ર રંગે, પછી આંગળીથી સુંવાળા કરે. લેપ બે, ત્રણ કે પાંચ વાર લગાવે. લેપ વિભૂષા માટે નહીં પણ સંયમ માટે કરે.

લેપ બે પ્રકારે છે – યુક્તિ લેપ અને ખંજન લેપ.

અનેક વસ્તુ મેળવીને થતો યુક્તિલેપ નિષિદ્ધ છે.

શિયાળામાં લેપકૃત પાત્રને પહેલાં અને છેલ્લા પ્રહરમાં તાપમાં ન સૂકવે. ઉનાળામાં પહેલો અને છેલ્લો અર્ધ પ્રહર લેપકૃત પાત્ર તડકામાં ન સૂકવે. કેમ કે ઉક્ત કાળ સ્નિગ્ધ હોવાથી લેપનો વિનાશ થાય, માટે ન સૂકવે. ઘણા તાપમાં પાત્ર સૂકવતા લેપ જલદી સૂકાઈ જાય છે.

પાત્ર તૂટેલું હોય તો મુદ્રિકા બંધથી તથા નાવા બંધથી સાધંવું. પણ સ્તેન બંધથી ન સાંધવું. કેમ કે સ્તેન બંધમાં બંને બાજુ સાંધા ન દેખાય તે રીતે પાત્રને અંદરથી સંધાય છે, તેથી પાત્ર નિર્બળબને છે.

## મૂળ–૬૪૫ થી ૬૪૮

**૦ પિંડના એકાર્થક નામો** – પિંડ, નિકાય, સમૂહ, સંપિંડન, પિંડના, સમવાય, સમવસરણ, નિચય, ઉપચય,

ચય, જુમ્મ, રાશિ.

આ રીતે દ્રવ્યપિંડ કહ્યો, હવે ભાવપિંડ કહે છે.

ભાવપિંડ બે ભેદે છે – પ્રશસ્ત અને અપ્રશસ્ત.

અપ્રશસ્ત ભાવ પિંડ બે, સાત, આઠ અને ચાર એમ ચાર ભેદે કહેવાયેલ છે. તે આ રીતે છે,

૧. બે ભેદે – રાગથી અને દ્વેષથી.

૨. સાત પ્રકારે – ઇહલોક ભય, પરલોક ભય, આદાન ભય, અકસ્માત્ ભય, આજીવિકા ભય, મરણ ભય અને અપયશ ભય.

૩. આઠ પ્રકારે – જાતિ, કુળ, બળ, રૂપ, તપ, સત્તા, શ્રુત અને લાભ એ આઠ મદના સ્થાનોથી. તથા – આઠ કર્મોના ઉદયથી.

૪. ચાર પ્રકારે – ક્રોધ, માન, માયા, લોભથી પિંડ ગ્રહણ કરવો તે.

૦ પ્રશસ્ત ભાવપિંડ ત્રણ ભેદે છે –

૧. જ્ઞાનપિંડ – જે પિંડથી જ્ઞાનની વૃદ્ધિ થાય.

૨. દર્શન પિંડ – જે પિંડથી દર્શનની વૃદ્ધિ થાય.

૩. ચારિત્ર પિંડ – જે પિંડથી ચારિત્રની વૃદ્ધિ થાય.

આ ત્રણે માટે શુદ્ધ આહારાદિ ગ્રહણ કરવા. લેપકૃત્ પાત્રમાં આહારાદિ ગ્રહણ કરાય છે. તે એષણા યુક્ત હોવો જોઈએ. તેથી એષણાનું સ્વરૂપ કહે છે –

મૂળ-૬૪૯ થી ૬૭૯

**૦ એષણા** – ત્રણ ભેદે છે. ગવેષણા, ગ્રહણૈષણા, ગ્રાસૈષણા.

**૧. ગવેષણા** – તેના આઠ દ્વારો છે. પ્રમાણ, કાળ ઈત્યાદિ.

**૧– પ્રમાણ** – ભિક્ષાર્થે ગૃહસ્થોના ઘેર બે વાર જવું. અકાળે સ્થંડિલની શંકા થઈ હોય તો પાણી લેવા. ભિક્ષા વખતે આહારાદિ લેવા.

**૨– કાળ** – જે ગામમાં ભિક્ષાનો જે કાળ હોય ત્યારે જવું. સમય પહેલાં જાય તો જો પ્રાંત દ્વેષવાળા ગૃહસ્થો હોય તો આ પ્રમાણે દોષો થાય –

૧. જો તે સાધુનું દર્શન અમંગલ માનતો હોય તો સાધુને જોતાં જ પરાભવ કરે, નિંદે કે મારે.

૨. આ સાધુ માત્ર પેટભરા છે, અત્યારમાં નીકળી પડ્યા છે આદિ.

૩. ભિક્ષા સમય પછી ગૌચરી જાય તો જો ગૃહસ્થ સરળ હોય તો ઘરમાં કહે કે હવેથી અમુક સમયે રસોઈ બનાવજો, આથી ઉદ્ગમાદિ દોષ થાય અથવા સાધુ માટે આહારાદિ રાખી મૂકે.

૪. ગૃહસ્થ પ્રાંત હોય તો નિંદા કરે કે, શું આ ભિક્ષાનો સમય છે? ન સવારનો, ન બપોરનો.

૫. સમય સિવાય ભિક્ષાર્થે જતા ઘણુ ફરવું પડે, તેથી શરીરને ક્લેશ થાય છે.

૬. આ રીતે ભિક્ષાના સમય પૂર્વે જતા જો ભદ્રક હોય તો વહેલા આહારાદિ કરાવશે, પ્રાંત હોય તો હીલનાદિ કરશે.

**૩– આવશ્યક** – ઠલ્લા, માત્રાદિની શંકા દૂર કરીને ભિક્ષાર્થે જવું. ઉપાશ્રયની બહાર નીકળતા 'આવસ્સહિ' કહેવું.

**૪– સંઘાટ્ટક** – બે સાધુ સાથે ભિક્ષાર્થે જાય. એકલા જવામાં અનેક દોષોનો સંભવ છે. સ્ત્રીનો ઉપદ્રવ થાય કે કૂતરા, પ્રત્યનીકાદિથી ઉપઘાત થવાનો સંભવ રહે.

૦ સાધુ એકલો ભિક્ષાર્થે જાય તેના કારણો –

૧. હું લબ્ધિમાન છું માનીને જાય.

૨. ભિક્ષાર્થે જાય ત્યાં ધર્મકથા કરવા માંડે, તેથી બીજા સાધુ સાથે ન જાય.

૩. માયાવી હોવાથી એકલો જાય. સારું સારું બહાર વાપરીને સામાન્ય ગૌચરી વસતીમાં લાવે.

૪. આળસુ હોવાથી એકલો ગૌચરી લાવે.

૫. લુબ્ધ હોવાથી–બીજો સાધુ સાથે હોય તો વિગઈ આદિ માંગી ન શકે.

૬. નિર્ધર્મી હોવાથી અનેષણીય ગ્રહણ કરવા એકલો જાય.

૭. દુકાળ આદિ કારણે ભિક્ષા મેળવવા જુદા જુદા જાય.

૮. આત્માધિષ્ઠિત – પોતાને જે મળે તે જ વાપરવા માટે.

૯. વઢકણો હોવાથી કોઈ સાથે ન જાય.

**૫– ઉપકરણ** – ઉત્સર્ગથી સર્વે ઉપકરણો સાથે લઈને ભિક્ષાએ જાય. જો તેમ કરવા સમર્થ ન હોય તો પાત્રા, પલ્લા, રજોહરણ, બે વસ્ત્ર અને દંડ સાથે લઈને ગૌચરીએ જાય.

**૬– માત્રક** – પાત્રની સાથે બીજું માત્રક ભિક્ષાએ લઈ જાય.

**૭– કાયોત્સર્ગ** – ઉપયોગ કરાવણિયનો આઠ શ્વાસોચ્છ્વાસ કાયોત્સર્ગ કરીને આદેશ માંગે. સંદિસહ આચાર્ય કહે 'લાભ' સાધુ કહે 'કહંલેસુ' આચાર્ય કહે – 'જહા ગહિયં પુવ્વ સાહૂહિં.'

**૮– યોગ** – પછી કહે 'આવસ્સિયાએ જસ્સ જોગો' જે–જે સંયમને ઉપયોગી હશે તે તે ગ્રહણ કરીશ.

હવે અપવાદો કહે છે –

૧. આચાર્ય, ગ્લાન, બાળ, તપસ્વી આદિ બેથી વધુ વખત ગૌચરીએ જાય. ગયા પછી લઘુ નીતિ–વડી નીતિ શંકા થાય તો યતનાપૂર્વક ગૃહસ્થની રજા લઈને શંકા દૂર કરે.

૨. સાથે ગૌચરી ફરતા સમયે પહોંચે એમ ન હોય તો બંને જુદા જુદા થઈ જાય.

૩. એકાકી ગૌચરી ગયા હોય અને કદાચ સ્ત્રી ભોગ માટે પ્રાર્થે તો તેને સમજાવે કે મૈથુન સેવનથી આત્મા નરકમાં જાય છે, ઈત્યાદિ. છતાં ન છોડે તો કહે કે – મારા મહાવ્રતો ગુરુ પાસે મૂકીને આવું,

આમ કહીને ઘરમાંથી નીકળી જાય. તો પણ ન જવા દે તો કહે કે – ઓરડામાં મારા વ્રતો મૂકી દઉં. પછી ઓરડામાં જઈ ગળે ફાંસો નાંખે. તે જોઈ ભયથી તે સ્ત્રીનો મોહોદય શમી જાય અને છોડી મૂકે.

આમ કરવા છતાં ન શમે તો ગળે ફાંસો ખાઈને મરી જાય, પણ વ્રત ન ખંડે.

૪. કૂતરા, ગાય આદિની દાંડા વતી યતના કરે.

૫. પ્રત્યનીકના ઘેર ન જવું. કદાચ પ્રવેશ થઈ જાય તો પણ ગમે તેમ કરી નીકળી જવું.

મૂળ–૬૮૦ થી ૬૮૮

**૦ ભિક્ષા ગ્રહણ કરતી વેળા પાંચ મહાવ્રતની યતના** –

૧. ભિક્ષા ગ્રહણ કરતા કોઈ જીવની વિરાધના ન થાય તેનો ઉપયોગ રાખવો.

૨. કોઈ નિમિત્તાદિ પૂછે તો 'હું જાણતો નથી' તેમ કહે.

૩. હિરણ્ય, ધન આદિ રહેલ હોય ત્યાં ન જવું.

૪. ઉપર કહ્યા મુજબ બ્રહ્મચર્ય વ્રતનું રક્ષણ કરવું.

૫. ઉદ્ગમાદિ દોષોથી રહિત આહારાદિની ગવેષણા કરવી. અશુદ્ધ સંસક્ત આહાર–પાણી આવી જાય તો તુરંત પરઠવી દેવા.

મૂળ-૬૮૯ થી ૭૦૮

બીજા ગામ ગૌચરી જાય ત્યાં ભિક્ષાવેળા થઈ છે કે નહીં ? તે કેવી રીતે અને કોને પૂછે ?

તરુણ, મધ્યમ, સ્થવિર આદિ ભેદથી પૂર્વે માર્ગ પૃચ્છામાં કહ્યું તેમ જયણાપૂર્વક પૂછે. ભિક્ષા વેળા થઈ ગઈ હોય તો પગ પૂંજીને ગામમાં પ્રવેશ કરે.

ગામમાં એક સામાચારીવાળા સાધુ હોય તો ઉપકરણ બહાર મૂકી, અંદર જઈ, વંદન કરી, સ્થાપનાદિ કુળો પૂછી ગૌચરી જાય, ભિન્ન સામાચારીવાળા સાધુ સામે મળે તો થોભવંદન કરે.

છ જીવનિકાય રક્ષક સાધુ પણ જો અયતનાથી આહાર, નિહાર કરે કે મ્લેચ્છ, જુગુપ્સિત, ચંડાલાદિ કુળમાંથી ભિક્ષા લે તો બોધિદુર્લભ કરે. નિષિદ્ધ સ્થાને વસતી ન કરે. નિષિદ્ધ કુળથી ભિક્ષા ન લે.

જે સાધુ જેમ મળે તેમ, જે મળે તે દોષિત આહાર, ઉપધિ આદિ ગ્રહણ કરે છે, તે શ્રમણગુણથી રહિત થઈને સંસાર વધારે છે.

જે પ્રવચનથી નિરપેક્ષ, આહારાદિમાં નિઃશુક, લુબ્ધ અને મોહિત થાય છે, તેનો અનંત સંસાર શ્રી જિનેશ્વર ભગવંતે કહ્યો છે, માટે વિધિપૂર્વક નિર્દોષ આહારાદિ ગવેષણા કરે.

આ ગવેષણા બે ભેદે છે – ૧. દ્રવ્યથી અને ૨. ભાવથી.

મૂળ-૭૦૯ થી ૭૨૪

દ્રવ્ય ગવેષણાનું દૃષ્ટાંત –

વસંતપુર નગરમાં જિતશત્રુ રાજાને ધારિણી નામે રાણી હતી. તેણીએ ચિત્રસભામાં સુવર્ણની પીઠવાળુ હરણ જોયું. તે રાણી ગર્ભવતી હતી. તેને આવા હરણનું માંસ ખાવાની ઇચ્છા થઈ. રાજાએ પોતાના માણસોને સુવર્ણમૃગ પકડી લાવવા હૂકમ કર્યો. ઇત્યાદિ કથા પિંડનિર્યુક્તિ દ્રવ્ય ગવેષણામાં આપેલ છે. ત્યાંથી જોઈ લેવી. આ જ રીતે ત્યાં અશ્વનું પણ દૃષ્ટાંત છે.

ભાવ ગવેષણાનું દૃષ્ટાંત – કોઈ સંખડીમાં ઘણા સાધુને આવેલા જોઈને કોઈ શ્રાવકે કે ભદ્રિકે સાધુ માટે જ ભોજન તૈયાર કરાવ્યું. બીજા અનેકને બોલાવીને ભોજન આપ્યું. તેને થયું કે આ જોઈને સાધુઓ આહાર લેવા આવશે. આચાર્યને કોઈ રીતે આ વાતની ખબર પડી જતા તેણે સાધુઓને કહ્યું કે– ત્યાં આહાર લેવા ન જશો. તે આધાકર્મી છે.

કેટલાક સાધુ ત્યાં આહાર લેવા ન ગયા. પણ અન્યત્ર જઈ ગૌચરી લાવ્યા.

કેટલાકે સાધુ આચાર્યના વચનને ન ગણકાર્યુ. તે આહાર લાવીને વાપર્યો.

તેમાં જે સાધુઓએ આચાર્યનું વચન પાળ્યુ. તેઓ તીર્થંકર ભગવંતની આજ્ઞાના આરાધક થાય અને પરલોકમાં સુખને પામ્યા.

જેમણે આધાકર્મી આહાર લાવીને વાપર્યો, તે સાધુઓ જિનેશ્વર ભગવંતની આજ્ઞાના વિરાધક થઈ સંસાર વધારનારા થયા.

ઉક્ત કારણે સાધુઓએ નિર્દોષ આહાર-પાણીની ગવેષણા કરવી જોઈએ. દોષિત આહાર-પાણીનો ત્યાગ કરવો જોઈએ.

મૂળ-૭૨૫ થી ૭૨૮

**૦ ગ્રહણૈષણા** – તે બે ભેદે છે. દ્રવ્યથી અને ભાવથી.

દ્રવ્ય ગ્રહણૈષણાનું દૃષ્ટાંત –

એક વનમાં કેટલાક વાનરો રહેતા હતા. કોઈ વખતે ઉનાળામાં તે વનમાં ફળ, પાન આદિ સૂકાઈ ગયેલા જોઈ મુખ્ય વાનરે વિચાર્યું કે, 'બીજા વનમાં જઈએ.' બીજા સારા વનની તપાસ કરવા જુદી જુદી દિશામાં કેટલાક વાનરોને

મોકલ્યા. તે વાનરો તપાસ કરીને મળ્યા. પછી એક સુંદર વનમાં બધા વાનરો ગયા. ઈત્યાદિ આખું દૃષ્ટાંત – 'પિંડનિર્યુક્તિ'માં ગ્રહણૈષણામાં છે, ત્યાં જોવું.

ભાવ ગ્રહણૈષણાનું દૃષ્ટાંત – તે પણ પિંડનિર્યુક્તિમાં જોવું.

### મૂળ-૭૨૯ થી ૭૮૨

**૦ ભાવ ગ્રહણૈષણાના દ્વારો** – સ્થાન, દાયક આદિ ૧૧ છે.

**૧. સ્થાન** – ત્રણ ભેદે છે.

૧. આત્મ ઉપઘાતિક સ્થાન – ગાય, ભેંસ આદિ જ્યાં હોય, ત્યાં ઊભા રહીને ભિક્ષા ગ્રહણ કરવામાં તે ગાય, ભેંસ આદિ શીંગડું કે લાત મારે, તેથી પડી જવાય. વાગે કે પાત્ર ભાંગી જાય. તેથી છકાય જીવ વિરાધના થાય. તેથી તેવા સ્થાનો તથા જ્યાં જીર્ણ ભીંત, કાંટા, દર આદિ હોય ત્યાં પણ ઊભા રહીને ભિક્ષા ગ્રહણ ન કરવી.

૨. પ્રવચન ઉપઘાતિક સ્થાન – ઠલ્લા-માત્રાના સ્થાન, ગૃહસ્થને સ્નાન કરવામાં સ્થાન, ખાળ આદિ અશુચિ વાળા સ્થાને ઊભા રહી ભિક્ષા ગ્રહણ કરતા પ્રવચનની હીલના થાય, આવા સ્થાને રહી ભિક્ષા ન લેવી.

૩. સંયમ ઉપઘાતિક સ્થાન – પૃથ્વી, પાણી, અગ્નિ, બીજ, આદિ જ્યાં હોય ત્યાં ઊભા રહીને ભિક્ષા ગ્રહણ કરતાં તે જીવોની વિરાધના થાય, માટે તેવા સ્થાને ઊભા રહી ભિક્ષા ગ્રહણ ન કરવી.

**૨. દાયક** – આઠ વર્ષથી ઓછી ઉંમરનું બાળક, નોકર, વૃદ્ધ, નપુંસક, મત્ત, ગાંડો, ક્રોધી, વળગાડવાળો, હાથ વિનાનો, પગ વિનાનો, આંધળો, બેડીવાળો, કોઢ રોગી, ગર્ભવાળી સ્ત્રી, ખાંડતી, દળતી, પીંજતી આદિ સ્ત્રી પાસેથી ભિક્ષા ગ્રહણ ન કરવી. અપવાદે-કોઈ જાતનો દોષ ન થાય તેમ હોય તો ઉપયોગપૂર્વક ભિક્ષા ગ્રહણ કરે.

**૩. ગમન** – ભિક્ષા આપનાર, ભિક્ષા લેવા અંદર જાય તો તેની ઉપર નીચેની જમીન તથા આસપાસ પણ જોવું. જો તે જતા પૃથ્વી, પાણી, અગ્નિ આદિનો સંઘટ્ટો કરતા હોય તો ભિક્ષા ગ્રહણ ન કરવી. કેમ કે તેવી ભિક્ષા ગ્રહણ કરતા સંયમ વિરાધના થાય અથવા આપનારને અંદરના ભાગમાં જતા કદાચ સર્પ આદિ કરડે, તો ગૃહસ્થાદિ મિથ્યાત્વ પામે.

**૪. ગ્રહણ** – નીચું દ્વાર હોય, જ્યાં બરાબર જોઈ શકાતું ન હોય, કમાડ વાસેલ હોય, ઘણા માણસો આવ-જા કરતા હોય, ગાડાં વગેરે આડા પડેલા હોય, ત્યાં ભિક્ષા ગ્રહણ ન કરવી. જો બરાબર ઉપયોગ રહી શકે તેમ હોય તો ભિક્ષા ગ્રહણ કરવી.

**૫. આગમન** – ભિક્ષા લઈને આવતા ગૃહસ્થ, પૃથ્વી આદિની વિરાધના કરતો આવતો હોય તો ભિક્ષા ગ્રહણ ન કરવી.

**૬. પ્રાપ્ત** – આપનારનો હાથ કાચા પાણીવાળો છે કે કેમ? તે જોવું. આહાર આદિ સંસક્ત છે કે કેમ? તે જોવું. ભાજન ભીનું છે કે કેમ? ઈત્યાદિ જોવું. આવું હોય તો ભિક્ષા ગ્રહણ ન કરવી.

**૭. પરાવર્ત્ત** – આહાર આદિ બીજા વાસણમાં નાંખે તો તે વાસણમાં સચિત્ત પાણી આદિ સંસક્ત હોય તો તે વાસણમાંનો આહાર ન લેવો.

**૮. પતિત** – આહાર પાત્રમાં ગ્રહણ કર્યા પછી તપાસવો. પિંડ યોગવાળો છે કે સ્વાભાવિક તે જોવું. જો યોગ વાળો કે ભેળસેળ લાગે તો તોડીને તપાસવો. કદાચ તેમાં ઝેર ભેળવેલું હોય કે કંઈ કાર્મણ કરેલુ હોય અથવા સુવર્ણ આદિ નાંખેલ હોય, કાંટા આદિ હોય તો સંયમ વિરાધના અને આત્મ વિરાધના થાય.

**૯. ગુરુક** – મોટા પથ્થર વગેરેથી ઢાંકેલું હોય, તે ખસેડવા જતા ગૃહસ્થને કદાચ ઈજા થાય, આપવાનું ભાજન ઘણુ મોટું હોય કે ભારે વજનદાર હોય, તે ઉપાડીને આપવા જતા કદાચ હાથમાંથી પડી જાય, તો ગૃહસ્થ દાઝી જાય અથવા પગે ઈજા થાય, તેમાં રહેલ આહાર નીચે ઢોળાય તો છ કાય જીવની વિરાધના થાય. માટે તેવા મોટા કે ભારે

ભાજનથી ભિક્ષા ગ્રહણ ન કરવી.

**૧૦. ત્રિવિધ** – કાળ ત્રણ પ્રકારે છે. ૧. ગ્રીષ્મ, ૨. હેમંત, ૩. વર્ષાકાળ

આપનાર પણ ત્રણ પ્રકારે છે. ૧. સ્ત્રી, ૨. પુરુષ, ૩. નપુંસક.

તે દરેકના પણ ત્રણ ભેદ છે – ૧. તરુણ, ૨. મધ્યમ, ૩. સ્થવિર.

નપુંસક શીત હોય છે, સ્ત્રી ઉષ્માવાળી હોય છે, પુરુષ શીતોષ્ણ હોય છે.

તેઓમાં પુરઃકર્મ, ઉદકાર્દ્ર, સસ્નિગ્ધ ત્રણ હોય છે.

તેના પણ પ્રત્યેકના સચિત્ત, અચિત્ત અને મિશ્ર ત્રણ ભેદો છે.

સસ્નિગ્ધમાં એટલે મિશ્ર અને સચિત્ત પાણીવાળા હાથ હોય તે હાથના આંગળા, રેખા, હથેળીને આશ્રીને સાત ભાગ કરવા. તેમાં કાળ અને વ્યક્તિ ભેદે જો સૂકાયેલા હાથ હોય તો ભિક્ષા ગ્રહણ કરાય.

## મૂળ-૭૮૩ થી ૮૧૧

**૦ ભાવ** – તે લૌકિક અને લોકોત્તર બે ભેદે છે.

લૌકિક એટલે સામાન્ય જન સમુદાય પ્રસિદ્ધ,

લોકોત્તર – જિનેશ્વરના શાસનમાં પ્રચલિત પ્રશસ્ત એટલે મોક્ષમાર્ગમાં સહાયક, અપ્રશસ્ત એટલે મોક્ષમાર્ગમાં સહાયક નહીં.

૦ લૌકિક દૃષ્ટાંત – કોઈ ગામમાં બે ભાઈઓ જુદા રહેતા, ખેતી કરીને નિર્વાહ કરતા હતા. એકની સ્ત્રી સારી હતી. બીજાની સ્ત્રી બેદરકાર હતી. તેણી સવારમાં વહેલી ઊઠી હાથ-મોં ધોઈને પોતાની જ કાળજી રાખતી. નોકરોની ખબર ન રાખતી, તેમની સાથે કલહ કરતી. ક્રમશઃ નોકરો આદિ બધા ચાલ્યા ગયા, દ્રવ્ય પણ ખલાસ થઈ ગયું. આ લૌકીક અપ્રશસ્ત ભાવ.

બીજાની સ્ત્રી હતી તે નોકરોની ખબર રાખતી, સમયસર ભોજન આદિ આપતી. કામકાજમાં પ્રેરણા કરતી. આથી નોકરો સારીરીતે કામ કરતા અનાજ પણ ઘણુ પાક્યુ, ઘર ધન-ધાન્યથી સમૃદ્ધ થયું. આ લૌકીક પ્રશસ્ત ભાવ.

૦ લોકોત્તર દૃષ્ટાંત – જે સાધુ સંયમના પાલનાર્થે આહારાદિ ગ્રહણ કરે છે, પણ પોતાના રૂપ, બળ કે શરીરની પુષ્ટિ માટે આહાર કરતા નથી, આહારાદિ લાવી આચાર્યાદિને આપીને વાપરે છે. તે દર્શન-જ્ઞાન-ચારિત્રનો આરાધક થાય છે. આ લોકોત્તર પ્રશસ્તભાવ.

જે સાધુ સ્વ વર્ણ, બલ, શરીરાદિ પુષ્ટિ માટે આહાર ગ્રહણ કરે છે. આચાર્યાદિની ભક્તિ ન કરે. તે આરાધક ન થાય. તે લોકોત્તર અપ્રશસ્ત.

૪૨-દોષ રહિત શુદ્ધાહાર ગ્રહણ કરીને, તે આહાર તપાસી લેવો. તેમાં કાંટા, સંસક્તાદિ આદિ હોય તો તે કાઢી-પરઠવીને આવે.

ઉપાશ્રયમાં પ્રવેશતા પગ પૂંજી ત્રણ વાર નિસીહિ કહી માથુ નમાવીને નમસ્કાર કરે.

જો ઠલ્લા-માત્રાની શંકા હોય તો પાત્રા બીજાને સોંપી શંકા નિવારી, આવીને કાયોત્સર્ગ કરે.

કાયોત્સર્ગમાં ગૌચરીમાં લાગેલા દોષો ચિંતવે, ગુરુ સમક્ષ આલોચના કરે.

જો ગુરુ સ્વાધ્યાયમાં, વિશ્રામમાં કે વ્યાક્ષિપ્ત ચિત્ત હોય તો આલોચના ન કરે, પણ શાંત, અવ્યાક્ષિપ્ત ચિત્તાદિ હોય તો આલોચે.

## મૂળ-૮૧૨ થી ૮૨૨

**આલોચના કરતી વેળા ટાળવાના દોષો** –

૧. નટ્ટ – ગોચરી આલોચતા હાથ, પગ, ભૂકુટી, માથું, આંખ આદિના વિકાર ન કરે.

૨. વલં – હાથ અને શરીર ન વાળે.

૩. ચલં – આળસ મરડતા ન આલોચવું.

૪. ભાસ – ગૃહસ્થ ભાષામાં ન આલોચે.

૫. મૂકં – મૂંગા મૂંગા આલોચના ન કરે.

૬. ઢઙ્ઢર – મોટા અવાજે આલોચના ન કરે.

આ છ પ્રકારના દોષો ન લાગે એ રીતે આચાર્યાદિ પાસે આલોચના કરવી.

થોડો કાળ હોય તો સંક્ષેપથી આલોચના કરે. પછી ગૌચરી બતાવી, પહેલાં પોતાનું મુખ અને મસ્તક પ્રમાર્જે. ઉપર-નીચે આસપાસ નજર કરીને પછી ગૌચરી બતાવે.

ગૌચરી બતાવીને અજાણતા લાગેલા દોષોની શુદ્ધિ માટે આઠ શ્વાસોચ્છ્‌વાસ પ્રમાણ કાયોત્સર્ગ કરે અને 'અહો જિણેહિં અસાવજ્જા' ગાથા ચિંતવે. જો કે પૂર્વે બે અલગ ગાથા ચિંતવાતી હતી.

## મૂળ-૮૨૩ થી ૮૩૯

**૦ આલોચના કરીને શું કરે ?**

ગોચરી આલોવ્યા પછી મુહૂર્ત્ત માત્ર સ્વાધ્યાય કરીને ગુરુ પાસે જઈને કહે કે – પ્રાઘૂર્ણક, તપસ્વી, બાળ આદિને આપ ગૌચરી આપો.

ગુરુ મહારાજ આપે અથવા આજ્ઞા કરે કે – "તમે જ તે આપી દો." પોતે પ્રાઘૂર્ણક આદિને તથા બીજા સાધુને નિમંત્રણા કરે. જો તેઓ ગ્રહણ કરશે તો નિર્જરા થશે. અવજ્ઞાથી નિમંત્રે તો કર્મબંધ થાય.

કહ્યું છે કે – પાંચ ભરત, પાંચ ઐરવત, પાંચ મહાવિદેહ ક્ષેત્રો. આ પંદર કર્મભૂમિમાં રહેલા સાધુમાંથી એક સાધુની પણ હીલના કરવાથી બધા સાધુની હીલના થાય છે. એક સાધુની પણ ભક્તિ કરવાથી જો બધા પરત્વેનું બહુમાન હોય તો. બધા સાધુની ભક્તિ થાય છે.

શંકા. એકની હીલનાથી બધાની હીલના અને એકની ભક્તિથી બધાની ભક્તિ કેમ થાય ? યજ્ઞદત્ત ખાય તેમાં દેવદત્તનું પેટ કેમ ભરાય?

સમાધાન. જ્ઞાન, દર્શન, તપ અને સંયમ – એ સાધુના ગુણો છે. આ ગુણો જેમ એક સાધુમાં છે, તેમ બધા સાધુમાં છે. તેમ એક સાધુની નિંદા કરવાથી બધા સાધુના ગુણોની નિંદા થાય છે. એકની ભક્તિ, પૂજા, બહુમાન કરવાથી પંદરે કર્મભૂમિમાં રહેલા બધાની ભક્તિ, પૂજાદિ થાય છે.

ઉત્તમ ગુણવાન સાધુની હંમેશા વૈયાવચ્ચાદિ કરવાથી, પોતાને બધા પ્રકારે સમાધિ મળે છે. વૈયાવચ્ચ કરનારને એકાંતે કર્મનિર્જરા થાય.

સાધુ બે પ્રકારે હોય. કેટલાક માંડલીમાં આહાર કરનારા, કેટલાક જુદા વાપરનારા. જે માંડલીમાં આહાર કરનારા હોય, તે ભિક્ષા ગયેલા સાધુ આવી જાય એટલે બધા સાથે વાપરે. તપસ્વી આદિ ગુર્વાજ્ઞાથી જુદુ વાપરે.

## મૂળ-૮૪૦ થી ૮૪૫

**૦ ગ્રાસૈષણા** – બે ભેદે છે. ૧. દ્રવ્ય ગ્રાસૈષણા, ૨. ભાવ ગ્રાસૈષણા.

૦ દ્રવ્યગ્રાસ એષણા – એક માછીમાર માછલાં પકડવા માટેના કાંટામાં માંસપિંડ ભરાવીને દ્રહમાં નાખતો હતો, તે વાત એક માછલો જણતો હતો. તેથી તે માછલું કાંટા ઉપરનું માંસપિંડ આજુબાજુથી ખાઈ જાય છે, પછી ગલ હલાવે છે. તેથી માછીમાર માછલું તેમાં ફસાયેલું જાણી, તે બહાર કાઢે છે તો કાંઈ હોતુ નથી. આ પ્રમાણે વારંવાર પેલુ માછલું માંસ ખાઈ જાય છે, પણ ગલમાં સપડાતુ નથી.

માછીમારને વિચારમાં પડેલ જોઈ માછલું તેને કહે છે કે હું એક વાર પ્રમાદમાં પડ્યો, બગલાએ મને પકડ્યો

ઈત્યાદિ. આખું દષ્ટાંત પિંડ નિર્યુક્તિના ગ્રાસૈષણામાં આવી ગયેલ છે, ત્યાં જોવું.

આ રીતે માછલો સાવધાનીથી આહાર મેળવતો હતો. તેથી ક્યાંય છેતરાતો ન હતો.

મૂળ–૮૪૬ થી ૮૪૮

**૦ ભાવ ગ્રાસૈષણા** – આ પ્રમાણે કોઈ દોષોમાં ન છળાય તે રીતે નિર્દોષ આહાર–પાણીની ગવેષણા કરી, સંયમના નિર્વાહ માટે જ આહાર વાપરવો.

આહાર વાપરતા પણ પોતાના આત્માને શાસિત કરે કે – હે જીવ ! તું બેંતાલીશ દોષ રહિત આહાર લાવ્યો છે, તો હવે વાપરવામાં મૂર્ચ્છાવશ થઈશ નહીં, રાગ–દ્વેષ કરીશ નહીં.

આહાર વધુ પણ ન વાપરવો, તેમ ઓછો પણ ન વાપરવો. જેટલા આહારથી શરીર ટકી રહે તેટલા પ્રમાણમાં આહાર વાપરવો.

મૂળ–૮૪૯ , ૮૫૦

**૦ ગૌચરી કોણ–કોણ જુદી વાપરે ? તે કહે છે –**

૧. આગાઢ યોગ વહન કરનાર જુદું વાપરે.

૨. માંડલી બહાર રાખેલા અમનોજ્ઞ જુદા વાપરે.

૩. મહેમાન સાધુ આવેલા હોય, તેમને પહેલાંથી પૂરેપૂરું આપવામાં આવે એટલે તેઓ જુદું વાપરે છે.

૪. નવદીક્ષિત હોય, ઉપસ્થાપના ન થઈ હોય, ત્યારે તેમને જુદું વાપરવા આપે.

૫. દોષ શુદ્ધિ માટે પ્રાયશ્ચિત્ત કરતા હોય તે શબલ ભ્રષ્ટ ચારિત્રીઓ જુદું વાપરે.

૬. બાળ, વૃદ્ધ, અસહિષ્ણુ જુદું વાપરે. આ રીતે જુદું વાપરનારા અસમુદ્દેશિક કહેવાય છે. તદુપરાંત કોઢ આદિ રોગવાળા જુદું વાપરે.

મૂળ–૮૫૧ થી ૮૫૯

**૦ પ્રકાશની વ્યાખ્યા** – આહાર પ્રકાશમાં કરવો જોઈએ.

આ પ્રકાશ બે પ્રકારનો છે – ૧. દ્રવ્ય પ્રકાશ, અને ૨. ભાવ પ્રકાશ.

૧. દ્રવ્ય પ્રકાશ – દીપક, રત્ન આદિનો હોય છે.

૨. ભાવ પ્રકાશ – તે સાત પ્રકારે છે. સ્થાન, દિશા ઈત્યાદિ.

**૧. સ્થાન** – માંડલીમાં સાધુને જવા આવવાનો માર્ગ મૂકીને તથા ગૃહસ્થ આવતા ન હોય તેવા સ્થાનમાં પર્યાયાનુસાર બેસીને આહાર કરે.

**૨. દિશા** – આચાર્યની સામે, પાછળ કે પરાંઙ્મુખ ન બેસવું, પણ માંડલી પ્રમાણે ગુરુથી અગ્નિ કે ઈશાન દિશામાં બેસીને આહાર કરવો.

**૩. પ્રકાશ** – અજવાળું હોય તેવા સ્થાને બેસીને આહાર કરવો. જેથી માખી, કાંટો, વાળ આદિ હોય તો ખબર પડે. અંધારામાં આહાર કરતા માખી આદિ આહાર સાથે પેટમાં જાય તો ઊલટી, વ્યાધિ આદિ થાય છે.

**૪. ભાજન** – અંધારામાં ભોજન કરતા જે દોષો લાગે, તે દોષો સાંકડા મુખવાળા પાત્રમાં વાપરતા લાગે છે. નીચે આહાર વેરાય, વસ્ત્રાદિ બગડે ઈત્યાદિ દોષો થાય. તેથી પહોળા પાત્રમાં આહાર વાપરવો.

**૫. પ્રક્ષેપ** – કૂકડીના ઈંડા પ્રમાણ કોળીયો લઈને મુખમાં મૂક્યો અથવા મુખ વિકૃત ન થાય તેટલા પ્રમાણનો કોળીયો મુખમાં મૂકે.

**૬. ગુરુ** – ગુરુ જોઈ શકે તેમ વાપરવું. કેમ કે તેમ ન કરતા સાધુ જો ઘણુ વાપરે કે અપથ્ય વગેરે તો રોગાદિ થાય અથવા ગૌચરીમાં સ્નિગ્ધ દ્રવ્ય મળેલ હોય, તો તે ગુરુને બતાવ્યા સિવાય વાપરી લે.

**૭. ભાવ** – જ્ઞાન, દર્શન, ચારિત્રની આરાધના સારી રીતે થઈ શકે તે માટે વાપરવું પણ વર્ણ, બળ, રૂપ આદિ માટે આહાર ન વાપરવો.

જે સાધુ ગુરુને બતાવીને વિધિપૂર્વક વાપરે છે, તે સધુ ગવૈષણા, ગ્રહણૈષણા અને ગ્રાસૈષણાથી શુદ્ધ aahaar વાપરે છે, તેમ જાણવું.

મૂળ-૮૬૦

**ઉપસંહાર** – આ રીતે વાપરવાનો વિધિ સંક્ષેપથી કહ્યો. તે બધા સાધુ માટે સમજી લેવો. પણ અનેક સાધુ હોય તો માંડલીબદ્ધ વાપરે.

મૂળ-૮૬૧ થી ૮૬૮

**૦ માંડલી શા માટે કરવી ?**

માંડલી કરવાના કારણો આ પ્રમાણે છે –

૧. ગ્લાન સાધુની કોઈ એક સાધુ વૈયાવચ્ચ કરે તો તેને સૂત્ર, અર્થની હાનિ થાય. જો મંડલીબદ્ધ હોય તો જુદા જુદા સાધુ કાર્યો સંભાળી લે તેથી કોઈને સૂત્રાર્થની હાનિ ન થાય, ગ્લાનની સેવા સારી થાય.

૨. બાળ સાધુ – ભિક્ષા લાવવા સમર્થ નથી, તેથી જો માંડલીબદ્ધ હોય તો બીજા સાધુ ગૌચરી આદિ લાવી આપે, બાળ સાધુ સુખે સચવાઈ જાય.

૩. વૃદ્ધ સાધુ – બાળ સાધુ પ્રમાણે જ સમજી લેવું.

૪. નવદીક્ષિત ગોચરીની શુદ્ધિ ન જાણે, તેથી બીજા સાધુ લાવી આપે.

૫. પ્રાઘૂર્ણક આવે ત્યારે સાથે મળીને ભક્તિ કરાય તે માટે.

૬. અસમર્થ એવા રાજપુત્રાદિને દીક્ષામાં સંયમની હાનિ ન થાય.

૭. બધા સાધુઓને આહારાદિની ભક્તિનો લાભ લઈ શકાય.

૮. કોઈ અલબ્ધિક સાધુને આહારાદિ ન મળે તો સીદાય નહીં.

ઉક્ત કારણોથી માંડલી કરવામાં આવે છે, જેથી સંયમારાધના સુખે થાય.

**૦ ભિક્ષાર્થે ગયેલ સાધુ ઉપાશ્રય/વસતીમાં આવે ત્યારે વસતીપાલક સાધુએ કરવાની વિધિ –**

ભિક્ષાર્થે ગયેલ સાધુને આવવાનો સમય થાય એટલે વસતીપાલક નંદીપાત્ર પડિલેહણ કરીને તૈયાર રાખે. સાધુ આવીને તેમાં પાણી નાંખે. પછી પાણી સ્વચ્છ થઈ જતાં બીજા પાત્રમાં ગાળી લેવાય.

ગચ્છમાં સાધુની સંખ્યાનુસાર પાત્ર-સંખ્યા રાખે.

વસતી-પાલક નંદીપાત્ર રાખવા સમર્થ ન હોય કે નંદીપાત્ર ન હોય, તો સાધુ પોતાના પાત્રમાં ચાર આંગળ ઓછું પાણી લાવે. જેથી એકબીજામાં નાંખીને પાણી સ્વચ્છ કરી શકાય.

પાણીમાં કચરો કે કીડી આદિ હોય તો જયણાપૂર્વક પાણીને ગાળે અને કીડી આદિને દૂર કરે.

સાધુઓ માંડલીમાં યથાસ્થાને બેસીને બધા સાધુ આવી ન જાય ત્યાં સુધી સ્વાધ્યાય કરે. અસહિષ્ણુ હોય તો તેને વાપરવા આપી દે.

મૂળ-૮૬૯ થી ૮૭૫

**૦ ગૌચરી-આહારની વહેંચણી કોણ કરે ?**

ગીતાર્થ, રત્નાધિક, અલુબ્ધ એવા મંડલી સ્થવિર આચાર્યશ્રીની રજા લઈને માંડલીમાં આવે. આ ગીતાર્થ, રત્નાધિક અને અલુબ્ધ એ ત્રણ પદના આઠ ભંગો થાય છે. તે આ પ્રમાણે –

૧. ગીતાર્થ, રત્નાધિક, અલુબ્ધ, ૨. ગીતાર્થ, રત્નાધિક, લુબ્ધ,

૩. ગીતાર્થ, લઘુપર્યાય, અલુબ્ધ, ૪. ગીતાર્થ, લઘુપર્યાય, લુબ્ધ.
૫. અગીતાર્થ, રત્નાધિક, અલુબ્ધ. ૬. અગીતાર્થ, રત્નાધિક, લુબ્ધ.
૭. અગીતાર્થ, લઘુપર્યાય, અલુબ્ધ. ૮. અગીતાર્થ, લઘુ પર્યાય, લુબ્ધ.

ઉક્ત આઠ ભંગોમાં લુબ્ધવાળા ચારે ભંગો દુષ્ટ છે. પછી અલુબ્ધમાં પણ પાંચમો અને સાતમો અપવાદે શુદ્ધ, માત્ર પહેલો અને ત્રીજો ભંગ શુદ્ધ છે. આ શુદ્ધ મંડલી સ્થવિર બધા સાધુને આહાર વહેંચી આપે.

રત્નાધિક સાધુ પૂર્વાભિમુખ બેસે, બાકીના સાધુ યથાયોગ્ય પર્યાય પ્રમાણે માંડલીબદ્ધ બેસે.

ગૌચરી વાપરવા બેસતી વખતે દરેક સાધુ રાખની કુંડી સાથે રાખે. કેમ કે વાપરતા કદાચ ઠળીયો, કાંટો આદિ આવે તો કુંડીમાં નાંખી શકાય.

વાપરતી વખતે ગૃહસ્થાદિ આવી ન જાય તે માટે એક સાધુ નાકા ઉપર બેસે.

## મૂળ-૮૭૬ થી ૮૯૫

**૦ આહાર કેવી રીતે વાપરવો ?**

પહેલાં સ્નિગ્ધ અને મધુર આહાર વાપરે. કેમ કે તેનાથી બુદ્ધિ અને બળ વધે તથા પિત્તનું શમન થાય. વળી સ્નિગ્ધ આહાર છેલ્લો રાખે તો પરઠવવો પડે ત્યારે અસંયમ થાય.

આ આહાર કટક છેદ, પ્રતર છેદ કે સિંહભક્ષિત રીતે વાપરે. તેમાં

કટકછેદ – કટકા કરી કરીને વાપરવો.

પ્રતરછેદ – ઉપરથી વાપરતા જવું.

સિંહભક્ષિત – એક બાજુથી શરૂ કરી બધો આહાર ક્રમસર વાપરે.

આહાર વાપરતા – સબડકા ન બોલાવે, ચબચબ ન કરે, ઉતાવળ ન કરે, બહુ ધીમે પણ ન વાપરે, વાપરતા નીચે ન વેરે. રાગદ્વેષ ન કરે. મન-વચન-કાયાથી ગુપ્ત થઈ શાંત ચિત્તે આહાર વાપરે.

ઉદ્‌ગમ ઉત્પાદના દોષોથી શુદ્ધ, એષણા દોષરહિત એવો પણ ગોળ આદિ આહાર દુષ્ટભાવથી અધિક ગ્રહણ કરવાથી સાધુ જ્ઞાન-દર્શન-ચારિત્રથી અસાર થાય છે.

જ્યારે શુદ્ધ ભાવથી પ્રમાણસર આહાર ગ્રહણ કરવાથી સાધુ જ્ઞાન-દર્શન-ચારિત્રના સારરૂપ થાય છે.

## મૂળ-૮૯૬ થી ૯૦૮

**હવે આહાર વાપરવા કે ન વાપરવાના છ-છ કારણો કહે છે –**

સાધુ ૧. ક્ષુધાવેદના શમાવવા, ૨. વૈયાવચ્ચાર્થે, ૩. ઈર્યાપથ શોધવા માટે, ૪.સંયમ અર્થે, ૫. શરીર ટકાવવાને, ૬.સ્વાધ્યાય કરવા માટે, આ છ કારણે આહાર કરે.

તથા છ કારણે આહાર ન કરે, તે આ – ૧. તાવ કે બીમારી હોય, ૨. રાજા કે સ્વજનાદિનો ઉપદ્રવ હોય, ૩. બ્રહ્મચર્ય રક્ષાર્થે, ૪. જીવદયાર્થે, ૫. વિશિષ્ટ તપશ્ચર્યા નિમિત્તે અને ૬. શરીરના ત્યાગ માટે અનશન કરે ત્યારે. આ છ કારણો છે..

આહાર વાપર્યા બાદ પાત્ર ત્રણ વાર પાણીથી ધોવા જોઈએ.

## મૂળ-૯૦૯ થી ૯૧૩

**આહાર વધે ત્યારની વિધિ** – આહાર વાપર્યા છતાં વધ્યો હોય તો રત્નાધિક સાધુ વધેલો આહાર આચાર્યને બતાવે. આચાર્ય કહે કે આયંબિલ, ઉપવાસવાળા સાધુને બોલાવો. ત્યારે મોહની ચિકિત્સ માટે જેમણે ઉપવાસ કર્યો હોય, જેમણે અઠ્ઠમાદિ કર્યા હોય, ગ્લાન કે આત્મ લબ્ધિક હોય તે સિવાયના સાધુને રત્નાધિક સાધુ કહે કે –

તમને આચાર્ય ભગવંત બોલાવે છે. તે સાધુઓ આચાર્યશ્રી પાસે ઉપસ્થિત થાય.

આચાર્ય કહે કે – "આ આહાર વધ્યો છે, તે વાપરી જાઓ. ત્યારે સાધુ કહેશે કે – વપરાશે એટલું વાપરીશું. વપરાયા છતાં આહાર વધે તો જેનું પાત્ર હોય તે સાધુ આહાર પરઠવી દે.

જો સાધુ "વપરાશે તેટલું વાપરીશું" એમ ન બોલ્યા હોય તો વધેલું તે પોતે પરઠવી દે.

મૂળ-૯૧૪, ૯૧૫

**૦ પાત્રમાંથી બીજાને કેવો આહાર આપવો ?** વિધિપૂર્વક લાવેલો અને વિધિપૂર્વક વાપરેલો આહાર બીજાને આપી શકાય, તેના ચાર ભાંગા થાય. તે આ પ્રમાણે –

૧. વિધિથી ગૃહીત-વિધિથી વાપરેલ.

૨. વિધિ વડે ગૃહીત-અવિધિથી વાપરેલ.

૩. અવિધિથી ગૃહીત-વિધિથી વાપરેલ.

૪. અવિધિથી ગૃહીત-અવિધિથી વાપરેલ.

વિધિગૃહીત એટલે ઉદ્‌ગમાદિ દોષરહિત અને ગૃહસ્થે જેવો આપ્યો હોય તેવો જ ગ્રહણ કરેલ. તે સિવાયનો અવિધિગૃહીત છે.

મૂળ-૯૧૬ થી ૯૨૩

**વિધિ અવિધિ ભોજનનું સ્વરૂપ કહે છે –**

**૧.** અવિધિ ભોજનના ચાર ભેદો છે.

૧. કાકભુક્ત – જેમ કાગડો વિષ્ટા આદિમાંથી વાલ, ચણા આદિ કાઢીને ખાય છે, તેમ પાત્રમાંથી સારી-સારી કે અમુક-અમુક વસ્તુ કાઢીને વાપરે તે અથવા ખાતા ખાતા વેરે તથા મુખમાં કોળીયો નાંખી કાગડાની માફક આસપાસ જુએ.

૨. શૃગાલ ભુક્ત – શિયાળની જેમ જુદે જુદેથી લઈને ખાય.

૩. દ્રાવિત રસ – ભાત ઓસામણ ભેગા કરેલમાં પાણી કે પ્રવાહી નાંખીને એક રસરૂપ થયેલું પી જાય.

૪. પરામૃષ્ટ – ફેરફાર, ઊંધુ-ચત્તું, તળનું ઉપર અને ઉપરનું તળે કરીને વાપરે.

**૨.** વિધિ ભોજન – પહેલાં ઉત્કૃષ્ટ દ્રવ્ય, પછી અનુત્કૃષ્ટ દ્રવ્ય, પછી સમીકૃતરસ વાપરવું એ વિધિ ભોજન.

અવિધિથી ગ્રહણ કરે અને અવિધિથી વાપરેલું બીજાને આપે કે ગ્રહણ કરે તો આચાર્ય બંનેને એક કલ્યાણક પ્રાયશ્ચિત્ત આપે.

મૂળ-૯૨૪ થી ૯૪૨

**આહાર વધે તો પારિષ્ઠાપન કરવાની વિધિ –**

પરિષ્ઠાપના બે પ્રકારે છે.

૧. જાત પરિષ્ઠાપના – પ્રાણાતિપાત દોષોથી યુક્ત અથવા આધાકર્માદિ દોષવાળું અથવા લોભથી લીધેલું તથા અભિયોગકૃત્, વશીકરણ કૃત્, મંત્ર-ચૂર્ણાદિ મિશ્રકૃત તથા વિષમિશ્રિત આહારો પણ અશુદ્ધ હોવાથી પરઠવવામાં 'જાત' ભેદ કહેવાય છે.

૨. અજાત પરિષ્ઠાપના – શુદ્ધ આહાર વધેલો હોય તેને પરઠવવો તે 'અજાત' કહેવાય છે. તે આહાર સાધુઓને ખબર પડે તે રીતે ત્રણ ઢગલી કરી પરઠવવો. પરઠવીને ત્રણ વખત 'વોસિરઈ' - વોસિરે કહેવું. આ પ્રમાણે વિધિ પરિષ્ઠાપનાથી સાધુ કર્મબંધ કરતો નથી.

શંકા. શુદ્ધ અને વિધિપૂર્વક લાવેલો આહાર કઈ રીતે વધે ?

સમાધાન. જે ક્ષેત્રમાં રહેલા હોય ત્યાં આચાર્યાદિને પ્રાયોગ્ય દ્રવ્ય દુર્લભ હોવાથી આહાર બીજે ગામ ગૌચરી ગયેલા બધા સાધુ આચાર્ય પ્રાયોગ્ય દ્રવ્ય મળી જતાં ગ્રહણ કરે. અથવા ગૃહસ્થ વધારે વહોરાવી દે, તેથી વધે. આ કારણે શુદ્ધ આહાર પણ પરઠવવો પડે.

મૂળ-૯૪૩ થી ૯૪૯

**૦ આચાર્યને પ્રાયોગ્ય ગ્રહણ કરવાથી થતા લાભો** – આચાર્ય પ્રાયોગ્યના ગ્રહણથી ગુરુને સૂત્ર અને અર્થ સ્થિર થાય છે. મનોજ્ઞાહારથી સૂત્ર અને અર્થનું સુખપૂર્વક ચિંતન કરી શકે છે.

આથી આચાર્યનો વિનય થાય, નવદીક્ષિતને આચાર્ય પ્રત્યે બહુમાન થાય,

પ્રાયોગ્ય આપનાર ગૃહસ્થને શ્રદ્ધાની વૃદ્ધિ થાય. શિષ્યને નિર્જરાનું કારણ થાય છે.

ઉક્ત કારણે આચાર્ય પ્રાયોગ્ય ગ્રહણ કરવાથી આચાર્યની અનુકંપા થાય છે. આચાર્યની અનુકંપાથી ગચ્છની અનુકંપા થાય છે. ગચ્છ અનુકંપાથી તીર્થની ભક્તિ થાય છે. માટે આ પ્રાયોગ્ય ગ્રહણ કરવું.

આચાર્ય પ્રાયોગ્ય જો મળતું હોય તો દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી ઉત્કૃષ્ટ દ્રવ્ય પ્રથમ ગ્રહણ કરવું. ઉત્કૃષ્ટ ન મળે તો યથાયોગ્ય ગ્રહણ કરવું. પરંતુ ગ્લાન માટે નિયમા પ્રાયોગ્ય ગ્રહણ કરવું.

મૂળ-૯૫૦ થી ૯૬૨

**૦ પરઠવતા એક, બે, ત્રણ ઢગલી કરવાનું કારણ** –

ગૌચરી આદિ ગયેલા, વિહારમાં રહેલા સાધુઓને શુદ્ધ-અશુદ્ધ આદિ આહારની ખબર પડી શકે અથવા કદાચિત ગામમાં રહેલા સાધુને જરૂર પડે, તે માટે એક-બે-ત્રણ ઢગલી કરવી. વાપર્યા પછી ઠલ્લા આદિની શંકા હોય તો દૂર અનાપાતાદિ સ્થંડિલમાં જઈને વોસિરાવે.

પછી પડિલેહણનો સમય થાય ત્યાં સુધી સ્વાધ્યાય કરે.

મૂળ-૯૬૩ થી ૯૬૪

**૦ પડિલેહણની વિધિ** –

ચોથો પ્રહર શરૂ થાય એટલે ઉપવાસી પહેલાં મુહપત્તિ અને શરીરને પડિલેહીને આચાર્યની ઉપધિ પડિલેહે. પછી અનશન કરેલાની, નવદીક્ષિતની, વૃદ્ધ આદિની ક્રમશઃ પડિલેહણા કરે.

પછી આચાર્ય પાસે જઈને 'ઉપધિ પડિલેહું' આદેશ માંગી પાત્રાની પડિલેહણા કરે.

પછી માત્રક અને પોતાની ઉપધિ પડિલેહી છેલ્લે ચોલપટ્ટો પડિલેહે.

ગૌચરી વાપરી હોય તે પહેલાં મુહપત્તિ, પછી શરીર, પછી ચોલપટ્ટો પડિલેહે.

પછી ક્રમશઃ ગુચ્છા, ઝોળી, પડલાં, રજસ્ત્રાણ, પછી પાત્રા પડિલેહે.

પછી આચાર્યની ઉપધિ પડિલેહે.

પછી આદેશ માંગી, ગચ્છ સાધારણના પાત્રા, અપરિભોગ્ય વસ્ત્ર પડિલેહે. પછી પોતાની ઉપધિ પડિલેહે. છેલ્લે રજોહરણ પડિલેહે.

પડિલેહણ કર્યા પછી સ્વાધ્યાય કરવો અથવા સીવવા આદિ કાર્ય હોય તો તે કરવું.

એ પ્રમાણે સ્વાધ્યાયાદિથી છેલ્લી પોરીસીનો ચતુર્થ ભાગ બાકી રહે ત્યાં સુધી કરે.

પછી કાળ પ્રતિક્રમીને ૨૪-માંડલા કરે.

સૂર્ય અસ્ત થતા બધા પ્રતિક્રમણ કરે.

આચાર્યશ્રી ધર્મકથાદિ કરતા હોય, તો બધા સાધુ આવશ્યકભૂમિ માંડલીમાં પોતપોતાના યથાયોગ્ય સ્થાને કાયોત્સર્ગમાં રહી સ્વાધ્યાય કરે.

કોઈ કહે છે કે – સાધુઓ સામાયિક સૂત્ર કહી કાયોત્સર્ગમાં અર્થપાઠ કરે. આચાર્ય ન આવે ત્યાં સુધી ચિંતવના કરે. આચાર્ય આવી સામાયિક સૂત્ર કહી, દૈવસિક અતિચાર ચિંતવે ત્યારે સાધુઓ પણ મનમાં દૈવસિક અતિચાર ચિંતવે.

બીજા વળી એમ કહે છે કે – આચાર્ય આવે એટલે સ્વાધ્યાય કરતા સાધુ પણ આચાર્ય સાથે સામાયિક સૂત્ર ચિંતવી, અતિચાર ચિંતવે. આચાર્ય બે વાર અતિચાર ચિંતવે, સાધુ એક વાર ચિંતવે.

એ રીતે આવશ્યક પૂર્ણ કર્યા પછી ઊંચા વધતા સ્વરથી ત્રણ સ્તુતિ મંગલ માટે બોલે. કાલગ્રહણ વેળા થઈ કે નહીં તે તપાસે.

## મૂળ-૯૬૫ થી ૧૦૦૫

**કાલગ્રહણની વિધિ-સંક્ષેપથી –**

કાળ બે ભેદે છે. તે આ પ્રમાણે –

૧. વ્યાઘાત – થાંભલા કે વૈદેશિકો સાથે જતાં-આવતાં સંઘટ્ટો થાય તથા આચાર્ય શ્રાવકાદિ સાથે ધર્મકથા કરતા હોય તો કાલગ્રહે નહીં.

૨. અવ્યાઘાત – કોઈ જ વ્યાઘાત ન હોય તો કાલગ્રહી અને દાંડીધર આચાર્ય મહારાજ પાસે જઈ આજ્ઞા માંગે કે અમે કાલગ્રહણ કરીએ ?

પછી પણ જો આવો વ્યાઘાત હોય તો કાલ ન ગ્રહે – આચાર્યને પૂછેલ ન હોય, અવિનયથી પૂછેલ હોય, વંદન ન કરેલ હોય, આવસ્સહી ન કહી હોય, અવિનયથી કહેલ હોય, પડી જાય,

ઇન્દ્રિયના વિષયો પ્રતિકૂળ હોય, દિગ્મોહ થાય, તારા ખરે, અસ્વાધ્યાય થાય, છીંક થાય, ઉજ્જેહી લાગે ઇત્યાદિ તો કાલગ્રહણ ન લે.

કાલગ્રહી કેવો હોય ? પ્રિયધર્મી, દૃઢધર્મી, મોક્ષસુખાભિલાષી, પાપભીરુ, ગીતાર્થ, સત્ત્વશીલ એવો સાધુ કાલગ્રહણ લે.

કાળ ચાર પ્રકારે છે – ૧. પ્રાદોષિક, ૨. અર્ધરાત્રિક, ૩. વૈરાત્રિક, ૪. પ્રાભાતિક.

પ્રાદોષિક કાળમાં બધા સજ્ઝાય સાથે સ્થાપે. બાકીના ત્રણમાં સાથે અથવા જુદા જુદા સ્થાપે.

પ્રાદોષિક અને અર્ધરાત્રિક કાળ ઉત્તર દિશામાં લેવાય.

વૈરાત્રિક કાળ ઉત્તર કે પૂર્વમાં લેવાય. પ્રાભાતિક કાળ પૂર્વમાં લેવાય.

પ્રાદોષિક કાળ શુદ્ધ હોય તો સ્વાધ્યાય કરીને પહેલી, બીજી પોરીસી જાગરણ કરે.

કાળ શુદ્ધ ન આવે તો ઉત્કાલિક સૂત્રનો સ્વાધ્યાય કરે.

કાળ ગ્રહણ વિષયક ઘણી જ વિશેષ હકીકતોનું કથન જોવા મળે છે, તે ટીકા ગ્રંથથી કે ભાષ્યથી જાણી શકાય છે. અમે તેનું અવતરણ કરેલ નથી, કેમ કે તે સૂત્રની સાથે ક્રિયારૂપે પ્રત્યક્ષ જ સમજાય તેવું છે..

## મુનિ દીપરત્નસાગરે કરેલ પડિલેહણ દ્વાર-૨નો-સટીક-સંક્ષેપ-પરિચય પૂર્ણ

## દ્વાર-૩ ' ઉપધિ'

હવે ઓઘનિર્યુક્તિનું ત્રીજું 'ઉપધિ' નામે દ્વાર કહે છે –

**મૂળ-૧૦૦૬ થી ૧૦૨૬**

ઉપકાર કરે તે ઉપધિ કહેવાય છે. તે દ્રવ્યથી શરીરને ઉપકારક છે અને ભાવથી જ્ઞાન-દર્શન-ચારિત્રને ઉપકારક છે.

આ ઉપધિ બે પ્રકારે છે – ૧. ઓઘ ઉપધિ, ૨. ઉપગ્રહ ઉપધિ. આ બંને પણ સંખ્યા પ્રમાણ અને માપ પ્રમાણથી બબ્બે ભેદે છે.

૦ ઓઘ ઉપધિ – નિત્ય ધારણ કરાય તે.

૦ ઉપગ્રહ ઉપધિ – કારણે સંયમના માટે ધારણ કરાય તે.

**૦ જિનકલ્પીની ઓઘ ઉપધિ** – તે ઉત્કૃષ્ટ બાર પ્રકારે કહેલી છે. તે આ પ્રમાણે –

૧. પાત્રા, ૨. ઝોળી, ૩. નીચેનો ગુચ્છો, ૪. પાત્ર કેસરિકા અર્થાત્ પાત્ર પડિલેહણનું વસ્ત્ર વિશેષ, ૫. પડલાં, ૬. રજસ્ત્રાણ, ૭. ઉપરનો ગુચ્છો, ૮ થી ૧૦. ત્રણ કપડાં, ૧૧. ઓઘો, ૧૨. મુહપત્તિ.

આ બાર ભેદ ઉત્કૃષ્ટથી કહ્યા. બાકી ૧૧, ૧૦, ૯, ૫, ૪, ૩ અને જઘન્યથી બે પ્રકારે પણ હોય છે.

બે પ્રકારમાં ઓઘો અને મુહપત્તિ તો અવશ્ય દરેકને હોય જ છે.

ત્રણ પ્રકારમાં ઓઘો, મુહપત્તિ અને એક વસ્ત્ર હોય.

ચાર પ્રકારમાં ઓઘો, મુહપત્તિ અને બે વસ્ત્ર હોય.

પાંચ પ્રકારમાં ઓઘો, મુહપત્તિ અને ત્રણ વસ્ત્ર હોય.

નવ પ્રકારમાં ઓઘો, મુહપત્તિ, પાત્ર, ઝોળી, નીચેનો ગુચ્છો, પાત્ર કેસરિકા, પડલાં, રજસ્ત્રાણ અને ઉપરનો ગુચ્છો હોય.

દશ પ્રકારની ઉપધિમાં ઉક્ત નવ ઉપધિ ઉપરાંત એક વસ્ત્ર હોય અને અગિયાર પ્રકારની ઉપધિમાં ઉક્ત નવ ઉપધિ ઉપરાંત બે વસ્ત્રો હોય છે જ્યારે બાર પ્રકારની ઉપધિમાં ઉક્ત બારે હોય છે.

૦ સ્થવિરકલ્પોની ઓઘ ઉપધિ –

સાધુ માટે ચૌદ પ્રકારની ઉપધિ હોય છે. ઉક્ત ૧૨ પ્રકારની ઉપધિ ઉપરાંત ૧૩. માત્રક, ૧૪. ચોલપટ્ટો.

સાધ્વી માટે પચ્ચીશ પ્રકારે ઉપધિ કહેલી છે કેમ કે સાધ્વીને જિનકલ્પ સ્વીકારવાનો હોતો નથી, તે ૨૫-ઉપધિ આ પ્રમાણે –

૧. પાત્ર, ૨. ઝોળી, ૩. નીચેનો ગુચ્છો, ૪. પાત્રકેસરિકા, ૫. પડલાં, ૬. રજસ્ત્રાણ, ૭. ઉપરનો ગુચ્છો, ૮ થી ૧૦ ત્રણ કપડાં, ૧૧. ઓઘો, ૧૨. મુહપત્તિ, ૧૩.માત્રક એ તેર તથા.

૧૪. કમંઢક – વાપરવા માટેનું જુદું પાત્ર.

૧૫. અવગ્રાહનંતક – ગુહ્ય ભાવના રક્ષણ માટે કોમળ અને મજબૂત ન નાવ સમાન વસ્ત્ર.

૧૬. પટ્ટો – શરીર પ્રમાણ કરી બંધ.

૧૭. અદ્ધોરુગ – અર્ધ સાથળ સુધીનું સીવ્યા વિનાનું ચડ્ડી જેવું વસ્ત્ર,

૧૮. ચલણી – જાનુ પ્રમાણ સાડો.

૧૯ અને ૨૦. બે નિવસની-અંતર્નિવસની, જે અર્ધ સાથળ સુધી લાંબી હોય અને બહિર્નિવસની – ઘૂંટી સુધીની લાંબી હોય.

૨૧. કંચુક – છાતી ઢાંકવા માટે,

૨૨. ઉપકક્ષિકા – જમણી બાજુથી કંચુક ઢાંકવા માટે,

૨૩. વેકક્ષિકા – ઉક્ત ૨૧, ૨૨ને ઢાંકવા માટે.

૨૪. સંઘાટી ચાર – ૧. બે હાથ પહોળી–ઉપાશ્રય માટે, ૨. ત્રણ હાથ પહોળી–ગૌચરી જવામાં, ૩. ત્રણ હાથ પહોળી – સ્થંડિલ જવામાં, ૪. ચાર હાથ પહોળી – સમવસરણમાં વ્યાખ્યાન ઉભા રહેતા, માથાથી પગ સુધીના આચ્છાદન માટે.

૨૫. સ્કંધકરણી – સ્વરૂપવાન સાધ્વીને ખુંધી બનાવવા માટે.

ઉક્ત ઉપધિઓમાં ઉત્તમ, મધ્યમ, જઘન્ય ત્રણ ભેદ છે

## મૂળ–૧૦૨૭ થી ૧૦૩૦

૦ જિનકલ્પીની ઉત્તમાદિ ઉપધિ –

૧. ઉત્તમ ચાર – ત્રણ વસ્ત્ર અને પાત્ર,

૨. મધ્યમ ચાર – ઝોળી, પડલાં, રજસ્ત્રાણ, ઓઘો,

૩. જઘન્ય ચાર – ગુચ્છો, નીચેનો ગુચ્છો, મુહપત્તિ, પાત્ર કેસરિકા.

૦ સ્થવિર કલ્પીની ઉત્તમાદિ ઉપધિ –

૧. ઉત્તમાચાર – ત્રણ વસ્ત્ર અને પાત્ર,

૨. મધ્યમ છ – પડલાં, રજસ્ત્રાણ, ઝોળી, ચોલપટ્ટો, ઓઘો, માત્રક

૩. જઘન્ય ચાર – બંને ગુચ્છા, મુહપત્તિ, પાત્ર કેસરિકા.

૦ સાધ્વીની ઉત્તમાદિ ઉપધિ –

૧. ઉત્તમ આઠ – ચાર સંઘાટિકા, પાત્ર, સ્કંધ કરણી, અંતર્નિવસની, બહિ–ર્નિવસની,

૨. મધ્યમ ઉપધિ તેર ભેદે – ઝોળી, પડલાં, રજસ્ત્રાણ, ઓઘો, માત્રક, અવગ્રહાનંતક, પટ્ટો, ઓદ્ધોરૂક, ચલણી, કંચુક, ઉત્કક્ષિકા, વૈકક્ષિકા, કમઢક.

૩. જઘન્ય ચાર ભેદે – બંને ગુચ્છા, મુહપત્તિ, પાત્ર કેસરિકા.

## મૂળ–૧૦૩૧ થી ૧૦૭૬

**ઓઘ ઉપધિનું પ્રમાણ** – પાત્ર આદિનું પ્રમાણ ક્રમશઃ બતાવે છે.

**૧. પાત્ર** – સરખું અને ગોળ હોય, ગોળાઈમાં પોતાની ત્રણ વેંત અને ચાર આંગળ, તેથી ઓછું હોય તો જઘન્ય, વધુ હોય તો ઉત્કૃષ્ટ પ્રમાણ ગણાય અથવા આહાર પ્રમાણ માત્ર લેવું.

વૈયાવચ્ચ કરનાર આચાર્યએ આપેલું કે પોતાનું નંદી પાત્ર રાખે. નગરનો રોધ કે અટવી ઊતરતા આદિ કારણે તેનો ઉપયોગ થાય.

પાત્ર મજબૂત, સ્નિગ્ધવર્ણી, બરોબર ગોળ, લક્ષણયુક્ત ગ્રહણ કરવું, બળેલું, છિદ્રવાળું કે વળી ગયેલ પાત્ર ન રાખે. પાત્ર છ કાય જીવની રક્ષાને માટે રાખવાનું હોય છે.

**૦ પાત્રના ગુણ–દોષ** – અવસર પ્રાપ્ત હોવાથી પાત્રના ગુણ–દોષ જણાવતા લક્ષણવાળું, લક્ષણ વિનાનું, તેના લાભો જણાવે છે –

૦– લક્ષણવંત પાત્ર – ચોતરફ સરખું, ગોળ, મજબૂત, પોતાનું, સ્નિગ્ધ વર્ણવાળુ પાત્ર ગ્રહણ કરવું.

૦– લક્ષણરહિત પાત્ર – ઊંચુ–નીચું, વળી ગયેલું, છિદ્રવાળું, આવા પાત્ર રાખવા નહીં.

૦– લક્ષણવંત પાત્રના લાભ – ૧. સરખા ગોળ પાત્રથી લાભ થાય,

૨. મજબૂત પાત્રથી ગચ્છની પ્રતિષ્ઠા થાય.

૩. વ્રણરહિત પાત્રથી કીર્તિ અને આરોગ્ય મળે.

૪. સ્નિગ્ધવર્ણી પાત્રથી જ્ઞાન સંપત્તિ થાય.

૦– કુલક્ષણ પાત્રથી દોષ – ૧. ઊંચા–નીચા પાત્રથી ચારિત્રનો વિનાશ થાય.

૨. દોષવાળા પાત્રથી ગાંડપણ થાય.

૩. પડઘી વિનાના પાત્રાથી ગચ્છ અને ચારિત્રમાં સ્થિરતા ન રહે.

૪. ખીલા જેવા ઊંચા પાત્રથી પણ પડઘીરહિત વત્ દોષ.

૫. કમળ જેવા પહોળા પાત્રથી અકુશળ થાય.

૬. છિદ્રવાળા પાત્રાથી શરીરે ગુમડાં આદિ થાય.

**૨. ઝોળી** – પાત્ર બંધાય, છેડા ચાર આંગળ વધે તેવી રાખવી.

**૩ થી ૫. બંને ગુચ્છા અને પાત્ર કેસરિકા** – આ ત્રણે એક વેંત અને ચાર આંગળ રાખવા.

બંને ગુચ્છા ઉનના રાખવા અને ઝીણા, સુંવાળા સુતરાઈ કપડાની પાત્ર કેસરિકા રાખવી.

**૬. પડલાં** – કોમળ અને મજબૂત રાખવા.

ઋતુભેદે ત્રણ, પાંચ કે સાત રાખવા. ભેગા કરતા સૂર્યના કિરણો ન દેખાય તેવા, અઢી હાથ લાંબા અને ૩૬–આંગળ પહોળા રાખવા. ઋતુભેદ પ્રમાણે સંખ્યા–ઉનાળે ત્રણ, શિયાળે ચાર, ચોમાસે પાંચ હોય પણ જીર્ણ કે વિશેષ જીર્ણ પડલાં હોય તો એક–એકની સંખ્યા વધારવી.

ભિક્ષાર્થે જતા ફૂલ, પત્ર આદિથી રક્ષણાર્થે પાત્રા ઢાંકવા. તથા લિંગ પણ ઢંકાય તે જોવું.

**૭. રજસ્ત્રાણ** – રજ આદિથી રક્ષણ માટે પાત્રના પ્રમાણમાં રાખવું.

**૮ થી ૧૦. ત્રણ વસ્ત્રો** – શરીર પ્રમાણ, ઓઢતા ખભે રહે, અઢી હાથ પહોળા, લંબાઈ શરીર પ્રમાણ, બે સુતરાઉ અને એક ઉનનું વસ્ત્ર હોય.

ઘાસ, અગ્નિ ન લેવા પડે. ઠંડી આદિથી રક્ષણ થાય તે માટે વસ્ત્ર છે.

**૧૧. રજોહરણ** – મૂળમાં ઘન, મધ્યમાં સ્થિર, દશી પાસે કોમળ. અંગૂઠાના પર્વમાં પાસેની આંગળી મૂકતા જેટલો ખાડો થાય તેટલી જાડાઈવાળુ રજોહરણ રાખવું.

મધ્યમાં દોરાથી ત્રણ આંટા મારી બાંધવુ. તે કુલ ૩૨–આંગળ લાંબુ હોય.

રજોહરણનું પ્રયોજન પૂંજવા – પ્રમાર્જવા માટે છે. તથા સાધુનું ચિહ્ન ગણાય છે.

**૧૨. મુહપત્તિ** – સુતરાઉ, એક વેંત અને ચાર આંગળની એક અને બીજી ત્રિકોણ કરીને મુખ ઉપર ઢાંકી, પાછળથી ગાંઠ બંધાય, તેટલા પ્રમાણની વસતિ પ્રમાર્જના વખતે બાંધવા માટે હોય.

મુહપત્તિનું પ્રયોજન – સંપાતિમ જીવોના રક્ષણ માટે, બોલની વખતે મુખ આગળ રાખવા, કાજો લેતી વખતે રજ આદિ મુખમાં ન પ્રવેશે માટે બીજી, એમ બે રાખવી.

**૧૩. માત્રક** – પ્રસ્થ પ્રમાણ. આચાર્ય આદિને પ્રાયોગ્ય લેવાને અથવા ઓદન અને સૂપથી ભરેલું, બે ગાઉ ચાલીને આવેલો સાધુ વાપરી શકે તેટલાં પ્રમાણવાળુ હોય.

**૧૪. ચોલપટ્ટ** – સ્થવિર માટે કોમળ, બે હાથ લાંબું, યુવાન માટે સ્થૂળ ચાર હાથ પ્રમાણ હોય.

ગુહ્યેન્દ્રિય ઢાંકવા ચોલપટ્ટો રાખવો.

**મૂળ–૧૦૭૭ થી ૧૧૧૫**

**ઉપગ્રહ ઉપધિનું પ્રમાણ** – આ પ્રમાણે જણાવે છે –

**૧, ૨. સંથારો, ઉત્તરપટ્ટો** – જીવ અને ધૂળથી રક્ષણાર્થે અઢી હાથ લાંબો અને એક હાથ ચાર આંગળ પહોળો રાખવો. સંથારા ઉપર ઉત્તરપટ્ટો પાથરવો.

સંથારો ઉનનો, ઉત્તરપટ્ટો સુતરાઉ રાખવો.

**૩, ૪. ઓઘારીયું, નિસીથિયું** – જીવ રક્ષા માટે ઓઘારીયું ગરમ, નિશીથિયું સુતરાઉ રાખવું. એક હાથ પહોળું, રજોહરણ પ્રમાણ લાંબું હોય.

ઔપગ્રહિક ઉપધિમાં કામળી અને પડલાં આત્મરક્ષા તથા સંયમ રક્ષાર્થે, ગૌચરી આદિ માટે બહાર જતા હોય તેણે વર્ષાવાસમાં બબ્બે રાખવા [?].

વર્ષાકાળે એક જ રાખે તો ભીના થયેલા ઓઢી રાખવાથી બીમારી થાય.

અતિ મલીન વસ્ત્રો ઉપર પાણી પડતા અપ્કાય જીવોની વિરાધના થાય.

ગૌચરી આદિ માટે ગયા હોય ત્યાં અધિક વરસાદથી ભીના થતા આવીને બીજી ઉપધિનો ઉપયોગ કરી શકાય. બાકીની ઉપધિ એક જ રાખવી.

વસ્ત્રો શરીર પ્રમાણ કરતા લાંબા કે ટૂંકા જેવા મળે તેવા ગ્રહણ કરવા, પણ લાંબા હોય તો ફાડવા નહીં, ટૂંકા હોય તો સાંધવા નહીં.

ઔપગ્રહિક ઉપધિમાં સાધુને દાંડો, યષ્ટિ, વિયષ્ટિ રાખવાની હોય છે.

તથા ચર્મ, ચર્મકોશ, ચપ્પુ, અસ્ત્રો, નેરણી, યોગપટ્ટક, પડદો વગેરે ગુરુ-આચાર્ય જ રાખે. સાધુ ન રાખે.

આ ઓઘ ઉપધિ કહી.

શાસ્ત્રમાં દંડ પાંચ પ્રકારે કહ્યા છે –

૧. યષ્ટિ – શરીર પ્રમાણ, પડદો બાંધવા માટે.

૨. વિયષ્ટિ– શરીર પ્રમાણથી ૪ આંગળ ન્યૂન – નાસિકા પ્રમાણની. ઉપાશ્રયના દ્વારની આડે રાખવા માટે.

૩. દંડ– ખભા સુધીનો–ઋતુબદ્ધ કાળમાં ઉપાશ્રયની બહાર ભિક્ષાર્થે ભમતા હોય ત્યારે હાથમાં રાખવા માટે.

૪. વિદંડ - કાળ પ્રમાણ, વર્ષા કાળમાં ભિક્ષાર્થે ભમતા ગ્રહણ કરાય છે.

૫. નાલિકા - પાણીની ઊંડાઈ માપવા માટે શરીર પ્રમાણથી ચાર આંગળ અધિક.

**૦ યષ્ટિના લક્ષણ** – પર્વને આશ્રીને કહે છે, તે આ પ્રમાણે –

એક પર્વની યષ્ટિ પ્રશંસાવાળી છે, બે પર્વની યષ્ટિ કલહકારી છે,

ત્રણ પર્વની યષ્ટિ હોય તો લાભકારી છે, ચાર પર્વની યષ્ટિ મૃત્યુકારી છે,

પાંચ પર્વની યષ્ટિ હોય તો શાંતિકારી અને માર્ગમાં કલહ નીવારનારી છે,

છ પર્વની યષ્ટિ કષ્ટકારી છે, સાત પર્વની યષ્ટિથી નિરોગી રહે.

આઠ પર્વની યષ્ટિ હોય તો સંપત્તિ દૂર રહે. નવ પર્વની યષ્ટિ યશને કરનારી છે

અને દશ પર્વની યષ્ટિ સર્વ રીતે સંપદાકારી છે.

નીચેથી ચાર આંગળ જાડી, ઉપર પકડવાનો ભાગ આઠ આંગળ ઊંચાઈનો રાખવો. દુષ્ટ પશુ, કૂતરા, કાદવ તથા વિષમ સ્થાનથી રક્ષાર્થે યષ્ટિ રખાય છે. તે તપ અને સંયમને પણ વધારે છે.

કઈ રીતે ? મોક્ષ પ્રાપ્તિ માટે જ્ઞાન મેળવાય છે, જ્ઞાન માટે શરીર છે અને, શરીરના રક્ષણ માટે યષ્ટિ આદિ ઉપકરણો છે.

પાત્ર આદિ જે જ્ઞાન વગેરેના ઉપકાર માટે થાય, તે ઉપકરણ કહેવાય અને જે જ્ઞાનાદિના ઉપકાર માટે ન થાય તે સર્વે અધિકરણ કહેવાય.

ઉદ્ગમ, ઉત્પાદન અને એષણાદિ દોષોથી રહિત તેમજ પ્રગટ જેની પડિલેહણા કરી શકાય એવી ઉપધિ સાધુએ રાખવી જોઈએ.

સંયમની સાધના માટે ઉપધિ રાખવી. પરંતુ તે ઉપધિ ઉપર મૂર્ચ્છા ન રાખવી, કેમ કે મૂર્ચ્છા એ પરિગ્રહ છે.

આત્મભાવની વિશુદ્ધિ ધરતો સાધુ વસ્ત્ર, પાત્ર આદિ બાહ્ય ઉપકરણોને સેવતો છતાં પણ અપરિગ્રહી છે, એમ ત્રૈલોક્યદર્શી જિનેશ્વર ભગવંતોએ કહેલું છે.

અહીં કોઈ દીગંબર મતાવલંબી શંકા કરે કે –

ઉપકરણ હોવા છતાં નિર્ગ્રન્થ કહેવાય તો ગૃહસ્થો પણ ઉપકરણ તો રાખે છે, તેથી ગૃહસ્થોને પણ શું નિર્ગ્રન્થ કહેવા ?

ના, અધ્યાત્મની વિશુદ્ધિથી સાધુ ઉપકરણયુક્ત હોવા છતાં નિર્ગ્રન્થ કહેવાય છે.

જો અધ્યાત્મ વિશુદ્ધિ ન માનો તો આખો લોક જીવોથી વ્યાપ્ત છે, તેમાં નગ્નપણે ફરતા એવા તમોને પણ હિંસકપણુ કેમ ન આવે ? આવશે જ. તેથી તમારે આત્મભાવની વિશુદ્ધિથી જ અહિંસકપણુ માનવાનું રહેશે.

તે પ્રમાણે અહીં આત્મભાવ વિશુદ્ધિથી સાધુને નિષ્પરિગ્રહત્વ છે. ગૃહસ્થને એ ભાવ આવી શકતો નથી, માટે તે નિર્ગ્રન્થ ન કહેવાય.

અહિંસકપણું પણ શ્રી જિનેશ્વર ભગવંતો, આત્માની વિશુદ્ધિમાં કહે છે. જેમ કે – ઈર્યાસમિતિયુક્ત સાધુના પગ નીચે કદાચ બેઇન્દ્રિયાદિ જીવની વિરાધના થઈ જાય તો પણ મન-વચન-કાયા નિર્દોષ હોવાથી તે નિમિત્તનો સૂક્ષ્મ પણ પાપબંધ તે સાધુને લાગતો નથી. યોગપ્રત્યયિક બંધ તો પહેલા સમયે બંધાય અને બીજા સમયે ભોગવાઈ જાય છે.

જ્યારે પ્રમત્ત પુરુષથી જે હિંસા થાય, તેનો હિંસાજન્ય કર્મબંધ તે પુરુષને અવશ્ય થાય છે. ઉપરાંત હિંસા ન થાય તો પણ હિંસાજન્ય પાપકર્મથી તે બંધાય છે, એટલે પ્રમાદી હિંસક જ ગણાય છે.

કહ્યું પણ છે કે – નિશ્ચયથી આત્મા એ જ હિંસક છે અને આત્મા એ જ અહિંસક છે. જે અપ્રમત્ત આત્મા છે તે અહિંસક છે. જે પ્રમત્ત આત્મા છે, તે હિંસક છે.

શ્રી જિનેશ્વર ભગવંતના શાસનમાં પરિણામ એ પ્રધાન વસ્તુ છે. આ ઉપરથી જેઓ બાહ્ય ક્રિયાને છોડી દઈને કેવળ પરિણામનું જ ગ્રહણ કરે છે, તેઓએ ધ્યાનમાં રાખવું કે –

બાહ્ય ક્રિયાની શુદ્ધિ વિના પરિણામની શુદ્ધિ પણ જીવમાં આવી શકતી નથી.

તેથી વ્યવહાર અને નિશ્ચય એ જ મોક્ષનો માર્ગ છે.

## મુનિ દીપરત્નસાગરે કરેલ પડિલેહણ દ્વાર-૩નો-સટીક-સંક્ષેપ-પરિચય પૂર્ણ

## દ્વાર-૪ 'અનાયતન વર્જન'

### મૂળ-૧૧૧૬ થી ૧૧૩૮

વિધિપૂર્વક ઉપકરણને ધારણ કરતો સાધુ સર્વદોષ રહિત આયતન એટલે ગુણોના સ્થાનભૂત બને છે. જે અવિધિથી ગૃહીત ઉપધિ આદિ ધારણ કરનાર અનાયતન - ગુણોના અસ્થાનરૂપ થાય છે. અનાયતન, સાવદ્ય, અશોધિસ્થાન, કુશીલસંસર્ગ આ શબ્દો એકાર્થક છે અને આયતન, નિરવદ્ય, શોધિસ્થાન, સુશીલ સંસર્ગ એકાર્થક છે.

૦ સાધુએ અનાયતનના સ્થાન છોડીને આયતન સ્થાનો સેવવા.

આ અનાયતન સ્થાન બે ભેદે છે - ૧. દ્રવ્ય અનાયતન સ્થાન-રુદ્ર આદિના ઘર વગેરે. ૨. ભાવ અનાયતન સ્થાન-લૌકિક અને લોકોત્તર.

લૌકિક ભાવ અનાયતન સ્થાન – વેશ્યા, દાસી, તિર્યંચો, શાક્યાદિ રહેલા હોય તથા સ્મશાન, શિકારી, સિપાઈ, ભીલ, માછીમારાદિ હોય તથા લોકમાં દુર્ગંછાપાત્ર નીંદનીય સ્થાન હોય તો તે બધા કહેવા.

આવા સ્થાનોમાં સાધુ-સાધ્વીએ ક્ષણવાર પણ ન રહેવું, ત્યાં સંસર્ગ દોષ લાગે છે.

લોકોત્તર ભાવ અનાયતન સ્થાન – જેમણે દીક્ષા લીધી છે અને સમર્થ હોવા છતાં સંયમ યોગોની હાનિ કરતા હોય, તેવા સાધુની સાથે ન વસવું, સંસર્ગ પણ ન કરવો. કેમ કે લીમડાના મૂળિયા ભેગા થતા આંબો જેમ મધુરતા ગુમાવે છે, તેમ સારા સાધુના ગુણો પણ સંસર્ગદોષથી નાશ પામે છે અને દુર્ગુણો સંક્રમતા વાર લાગતી નથી.

શંકા. શું સંસર્ગથી દોષ જ થાય, એવું એકાંત છે. તો પછી શેરડી સાથે રહેલ નલસ્તંબ કેમ મધુર ન થાય ?

સમાધાન. જગતમાં દ્રવ્યો બે પ્રકારના છે ૧. ભાવુક - સંસર્ગમાં આવે તેના જેવા બની જાય. ૨. અભાવુક - સંસર્ગમાં આવવા છતાં જેવા છે તેવા જ રહે. વૈડૂર્ય, મણિ આદિ અભાવુક છે.

આમ્રવૃક્ષાદિ ભાવુક છે. જેમ ભાવુક દ્રવ્યમાં તેના સોમા ભાગ પ્રમાણ લવણ આદિ વ્યાપ્ત થાય, તો તે આખું દ્રવ્ય લવણભાવને પામે છે. ચર્મ-કાષ્ઠાદિમાં વ્યાપ્ત લવણ તેનો નાશ કરી દે છે, તેમ કુશીલનો સંસર્ગ ઘણા સાધુને દૂષિત કરે છે, માટે કુશીલ સંસર્ગ ન કરવો.

જ્યાં જ્યાં દર્શન-જ્ઞાન-ચારિત્રનો ઉપઘાત થાય એમ હોય તેવા અનાયતન સ્થાનોનો પાપભીરુ સાધુએ તુરંત ત્યાગ કરવો.

**૦ અનાયતન સ્થાનો** – ત્રણ ગાથામાં કહે છે. તે આ પ્રમાણે છે –

જ્યાં ઘણા સાધુઓ શ્રદ્ધા સંવેગ વિનાના અનાર્ય હોય, મૂલગુણ અર્થાત્ પ્રાણાતિપાતાદિને સેવતા હોય તેને અનાયતન જાણવો. જ્યાં ઘણા સાધુ શ્રદ્ધા સંવેગ વિનાના અનાર્ય હોય, ઉત્તરગુણ પિંડવિશુદ્ધિ આદિ દોષો કરતા હોય તેને અનાયતન જાણો.

તેવા પ્રકારના સાધુઓ બાહ્યથી માત્ર વેશને ધારણ કરે છે, તેમને અનાયતન જાણવા.

**૦ આયતન** – બે ભેદે છે. ૧. દ્રવ્ય આયતન - જિનમંદિર, ઉપાશ્રય આદિ. ૨. ભાવ આયતન - ત્રણ ભેદે છે, દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ. જ્યાં સાધુઓ ઘણા શીલવાન, બહુશ્રુત, ચારિત્રાચાર પાલક હોય તેને આયતન જાણો. આવા સાધુ સાથે વસવુ જોઈએ.

સારા જનોનો સંસર્ગ એ શીલગુણોથી દરિદ્ર હોય તો પણ શીલ આદિ ગુણવાળો બનાવે છે. જેમ મેરુ પર્વતે ઊગેલ ઘાસ પણ સોનાપણાને પામે છે, તેમ સારા ગુણવાળાનો સંસર્ગ કરવાથી પોતાને પણ તેવા ગુણો પ્રાપ્ત થાય.

**મુનિ દીપરત્નસાગરે કરેલ પડિલેહણ દ્વાર-૪નો-સટીક-સંક્ષેપ-પરિચય પૂર્ણ**

## દ્વાર-૫ ' પ્રતિસેવના'

### મૂળ-૧૧૩૯ થી ૧૧૪૩

આયતનનું સેવન કરતા અર્થાત્ સારા શીલ-જ્ઞાન-ચારિત્રવાળા સાધુઓ સાથે રહેતા પણ સાધુને કંટક પંથની જેમ કદાચ રાગ-દ્વેષ આવી જાય અને તેથી વિશુદ્ધ આચરણ થઈ જાય તે આ પ્રમાણે છે –

૦ **મૂલગુણમાં છ પ્રકારે** – પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન, પરિગ્રહ, રાત્રિભોજન સંબંધી કોઈ દોષ લાગે.

૦ **ઉત્તરગુણમાં ત્રણ પ્રકારે** – ઉદ્‌ગમ, ઉત્પાદન અને એષણા સંબંધી કોઈ દોષો લાગી જાય. તે પ્રતિસેવન – દોષોનું સેવવું તે કહેવાય.

૦ **એકાર્થિક નામો** – પ્રતિસેવના, મલિન, ભંગ, વિરાધના, સ્ખલના, ઉપઘાત, અશુદ્ધ અને શબલીકરણ.

૦ **પ્રતિસેવનાથી બચવાના માર્ગો** – ક્ષમાશીલ, ઉપશાંત, દાંત બનવું. બાહ્ય વિષયોમાં દોષનું દર્શન કરવું.

જિતેન્દ્રિય બને – ઈન્દ્રિયોને આંતરમાં દોરે અર્થાત્ વિષયને ન સેવવામાં તૃપ્તિવાળા, નિસ્પૃહી, સત્યભાષી,

ત્રિવિધે છ કાય જીવ હિંસાથી અટકવું. મન-વચન-કાયાની અશુભ પ્રવૃત્તિને રોકવી.

સ્ત્રી કથા અને સ્ત્રી સંસર્ગથી દૂર રહેવું. સ્ત્રીના અંગોપાંગ ન નીરખવા. ઉપાંગ એટલે અંગૂઠો પણ ન જોવે.

જેમ સતી, તેના ૧૦૦ વર્ષના આયુમાં એક પણ વખત શીલનો ભંગ થવા ન દે,

તેમ સાધુ જીવનપર્યન્ત એક પણ વખત શીલનો ભંગ ન થવા દે. એટલે કે સાધુને માટેની અયોગ્ય પ્રવૃત્તિનું લેશમાત્ર સ્થાન સાધુ જીવનમાં ન હોય. તે સમજતો જ હોય કે "આ આપણી દિશા જ નથી."

સાધુ વિચારે કે – આપણે ઉચ્ચ-કુલીન છીએ. આપણા શરીર કે મનને આ શોભે જ નહીં. આવા વિચારવાળા સાધુની આંખ સ્ત્રીની સામે ઊંચી પણ ન થાય અને આ પાપ છૂટે ત્યારે જ ઉચ્ચ તત્ત્વોની રમણતા અંતરમાં ચાલે, પણ જો ઈન્દ્રિયના વિષયો મગજમાં રમતા હોય તો પરમતત્ત્વના વિચારો મગજમાં રમી ન શકે.

વળી, સાધુ સ્વ-શરીરમાં પણ નિર્મમત્વ ભાવવાળા હોય છે એટલું જ નહીં પણ દ્રવ્ય, ક્ષેત્રાદિથી પણ અપ્રતિબદ્ધ હોય. પ્રતિબંધ આ રીતે –

૦ **દ્રવ્ય પ્રતિબંધ** – મારે તો આવું દ્રવ્ય હોય તો જ ચાલે. વસ્ત્ર-પાત્ર-આહાર મારો મન માનેલ ન હોય તો ન જ ચાલે. ઈત્યાદિ દ્રવ્ય પ્રતિબંધ છે. ગર્ભવાસ અને ભવ ભ્રમણાથી ભય પામેલા આત્માએ આવા દ્રવ્ય પ્રતિબંધથી રહિત બનવું જોઈએ.

૦ **ક્ષેત્ર પ્રતિબંધ** – મારે તો આવી જ વસતી જોઈએ. અભ્યાસ તો અમુક સ્થાનમાં જ થઈ શકે. વિહાર તો મારાથી આટલો જ થાય અથવા અમુક રાજ્યમાં જ ફાવે, તો આ ક્ષેત્ર પ્રતિબંધ છે, તે પણ ન રાખવો.

૦ **કાળ પ્રતિબંધ** – મારાથી તો સાંજનો જ વિહાર થઈ શકે કે શિયાળામાં જ વિહાર થાય. અમુક કાળે તો ગૌચરી જોઈએ જ. અમુક કાળ તો નિદ્રા જોઈએ જ આ કાળ પ્રતિબંધ છે, આવો પ્રતિબંધ ન રાખવો.

૦ **ભાવ પ્રતિબંધ** – મને તો ખામોશ સાધુ સાથે જ ફાવે. કલહકારી સાધુ તો ન જ ચાલે. ગુરુ મહારાજ તો અમુક પ્રકારના જ જોઈએ. વારંવાર કચકચ કરે તો ન ફાવે અથવા ગુરુ વિચારે કે શિષ્ય વિનિત જ જોઈએ, સામે જવાબ આપે તેવા ન જોઈએ ઈત્યાદિ. તો આવા બધા ભાવ પ્રતિબંધ કહેવાય. આવો પ્રતિબંધ આત્માને વિરાધક ભાવમાં લઈ જાય.

પ્રતિબંધ એટલે આસક્તિ, માનસિક પરાધીનતા.

૦ **પ્રતિબંધોથી બચવા સાધુ કેવી વિચારણા કરે** ? તે કહે છે –

૧. જે દ્રવ્ય-ક્ષેત્રાદિ પ્રતિબંધ મારા આત્માને ગળિયો બનાવે છે, જેનું રટણ માનસમાં ઉલ્કાપાત મચાવે છે, તેની ઝંખના શું કરવી ? જેમની પાસે આવો પુણ્યોદય નથી, જેમની પાસે દ્રવ્ય-ક્ષેત્રાદિ તેવા અનુકૂળ સંયોગો નથી, તો કેવી રીતે ચલાવે છે ?

જેઓ નારકીમાં પરાધીનતા સેવે છે, તેવો જીવો પરમાધામીના ઘરમાં મારઝૂડને સહે છે, નરકના ભૂમિગત દુઃખોને સહે છે, ક્ષણવાર પણ સુખ પામતા નથી, તો પણ ચલાવવું જ પડે છે ને ?

વળી, તિર્યંચગતિમાં જે પરાધીનતા અને પ્રતિકૂળતા છે, તેને વિચારે તો આહાર-પાણી, શીત-ઉષ્ણાદિ પરિતાપો બધું જ સહેવું પડે છે તેની સામે મારે શું પ્રતિકૂળતા છે કે શો ત્રાસ છે?

૨. આત્મામાં જ્ઞાનાદિ ગુણોની સ્થિરતા અને ગુણસ્થાનકનું આરોહણ ઇત્યાદિ સમભાવે સહેવાથી આવશે કે મન ધાર્યુ કરવાથી આવશે ?

આ પ્રમાણે વિચારતા દ્રવ્ય-ક્ષેત્રાદિની પ્રતિકૂળતા પણ સંયમ પોષક લાગશે. ચાલો, કર્મ ખપાવવાનો અવસર મળ્યો, સારું થયું.

૩. કર્મની નિર્જરા અનુકૂળતાઓ વધાવી લેવામાં નથી, પણ પ્રતિકૂળતાઓ વધાવી લેવામાં છે.

૪. ધર્મીની કસોટી પણ પ્રતિકૂળતા સહેવામાં છે, તેથી જેવા દ્રવ્યાદિ પ્રાપ્ત થતા હોય તેને યોગ્ય માને.

૫. મારે સાધના શેની કરવાની છે? આ દ્રવ્ય - ક્ષેત્રાદિની અનુકૂળતા મેળવવાની કે મોક્ષની ? અહોનિશ શાસ્ત્ર ચિંતવવા કે આનુકૂલ્ય ?

૬. ઉક્ત દ્રવ્યાદિની અનુકૂળતાની વિચારણા, અધ્યાત્મ ચિંતન કે તત્ત્વ વિચારણા છોડવી જડ પુદ્‌ગલની ગડમથલમાં પાડે છે.

**૦ અસંયમ** – પાપ છે, તે અનેક પ્રકારે છે. તે આ પ્રમાણે –

હિંસાદિ પાપ, શબ્દાદિ વિષયો, ઇન્દ્રિયોની પરવશતા, કષાયોની પરવશતા, મન-વચન-કાયાનો દંડ ઇત્યાદિ છે.

હિંસા-પૃથ્વી આદિ છ માં થાય.

મૃષા-પારમાર્થિક અને સર્વોત્તમ જે પરમાર્થ મોક્ષ, તેની સાથે સંબંધ રાખનાર તાત્વિક ધર્મનો ઉપદેશ છોડીને મૃષાવાદ કરવો.

ચોરી-ઉદ્‌ગમ, ઉત્પાદના, એષણા અને માંડલીના દોષયુક્ત ગૌચરી વાપરે તે ચોરી છે.

તે રીતે ઉપધિ, ઉપકરણાદિ અશુદ્ધ વાપરે તે પણ ચોરી છે. તીર્થંકર આજ્ઞા વિરુદ્ધ વર્તતા તીર્થંકર અદત્ત લાગે. એ રીતે સ્વામી અદત્ત, જીવ અદત્ત, ગુરુ અદત્ત પણ સમજવું.

૦- મૈથુન-માત્ર મનથી પણ દિવ્ય કામ રતિના સુખને કે ઔદારિક રતિ સુખને ચિંતવે તેને અબ્રહ્મચારી માનવો.

કદાચ અબ્રહ્મ ન સેવે તો પણ સ્ત્રી કથા કરે, સ્ત્રીની વસતીમાં રહે. એ રીતે બ્રહ્મચર્યની વાડ વિરાધી. સરાગદૃષ્ટિ કરે તો પણ બ્રહ્મચર્ય ભંજક છે.

૦- પરિગ્રહ-સંખ્યા અને પ્રમાણથી વધારે એવું જે ધર્મોપકરણ તે પરિગ્રહ પાપ છે. આગળ વધીને કહીએ તો મૂર્છા જ પરિગ્રહ છે.

અપ્રશસ્ત યોગોનું આચરણ તે હિંસા, થોડો પણ આરંભ તે હિંસા.

કષાય કે ક્રૂરભાવથી કલુષિત વાણી અને સાવદ્ય વચન - મૃષાવાદ.

એક તણખલું પણ માલિકની રજા વિના લે તે ચોરી.

હસ્તકર્મ, શબ્દાદિ વિષયમાં આસક્તિ હોવી તે મૈથુન.

જ્યાં મૂર્ચ્છા, લોભ, કાંક્ષા, મમત્વ હોય તે પરિગ્રહ.

ઉણોદરી ન રાખે અને આકંઠ વાપરે તે રાત્રિભોજન.

૦– શબ્દાદિ વિષયો – ઈષ્ટ હોય કે અનિષ્ટ, પરંતુ તેના ઉપર ન રાગ કરવો કે ન દ્વેષ કરવો. રાગદ્વેષથી આત્માને કર્મબંધ થાય.

૦– કષાયો – ક્રોધ, માન, માયા, લોભથી કર્મ બંધાય છે.

૦– યોગો – મન, વચન, કાયાનો ખોટો પ્રયોગ, તેથી કર્મ બંધાય.

૦– પ્રતિસેવના – ચારિત્ર પાલનમાં જે–જે વિરુદ્ધ આચરણ થાય તે.

## મુનિ દીપરત્નસાગરે કરેલ પડિલેહણ દ્વાર-૫ નો-સટીક-સંક્ષેપ-પરિચય પૂર્ણ

## દ્વાર–૬ 'આલોચના'

o *[આ દ્વારનો અહીં તો અતિ સંક્ષેપ જ રજૂ કરેલ છે, પણ જિજ્ઞાસુ, ભવભીરુ, આત્માર્થી, મોક્ષાર્થી કે સંયમના ખપી સાધુ–સાધ્વીને નમ્ર પ્રાર્થના કે મૂળ નિર્યુક્તિ પાઠ–ટીકા સહિત ખાસ વાંચવો–સમજવો–ચિંતવવો.]*

o આલોચના બે ભેદે છે – મૂળગુણ સંબંધી, ઉત્તરગુણ સંબંધી. આ બંને આલોચના સાધુ, સાધ્વી વર્ગમાં ચાર કાનવાળી કહી છે. કેવી રીતે ?

સાધુમાં એક આચાર્ય અને બીજા આલોચના કરનાર સાધુ. એ બંનેના થઈને ચાર કાન થશે. એ પ્રમાણે સાધ્વીમાં પણ એક પ્રવર્તિની અને બીજી સાધ્વી એમ બંનેના થઈને ચાર કાનો થશે.

તેઓ આચાર્ય પાસે મૂલગુણ અને ઉત્તરગુણની આલોચના કરે. એ રીતે બંનેની મળીને આઠ કાનવાળા આલોચના થાય છે.

આચાર્ય વૃદ્ધ હોય તો છ કાનવાળી આલોચના પણ થાય.

સાધ્વીજીએ આચાર્ય પાસે આલોચના લેતી વખતે સાથે બીજા સાધ્વી અવશ્ય રાખવા, પણ એકલા સાધ્વીએ કદી આલોચના ન કરવી.

o ઉત્સર્ગ માર્ગે આલોચના આચાર્ય ભગવંત પાસે જ કરવી જોઈએ. જો આચાર્ય ભગવંત ન હોય તો –

બીજા દેશ કે ગામમાં તપાસ કરીને આચાર્ય પાસે આલોચના કરે.

આચાર્ય મહારાજ ન હોય તો ગીતાર્થ પાસે આલોચના કરવી.

ગીતાર્થ પણ ન મળે તો યાવત્ છેલ્લે સિદ્ધ ભગવંતની સાક્ષીએ પણ અવશ્ય આલોચના કરી આત્મશુદ્ધિ કરવી.

આચાર્ય જે રીતે આલોચના આપે તેને તે રીતે પૂર્ણ કરવી જોઈએ.

**o આલોચનાના એકાર્થિક નામો** – આલોચના, વિકટના, શુદ્ધિ, સદ્ભાવદાપના, નિંદા, ગર્હા, વિકુટ્ટણં, સલ્લુદ્ધરણ.

**o શલ્ય** – બે પ્રકારના છે. ૧. સૂક્ષ્મ અને બાદર.

તે બંને પણ ત્રણ ત્રણ પ્રકારે કહેલા છે, તે આ પ્રમાણે – ૧. ઘોર, ૨. ઉગ્રઘોર, ૩. ઉગ્રતરઘોર.

૧. ઘોર – અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની, સંજ્વલન માયા.

૨. ઉગ્રઘોર – અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાની, સંજ્વલની માનયુક્ત માયા.

૩. ઉગ્રતરઘોર – અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની, સંજ્વલની. ચારેથી ક્રોધ–લોભ અને માનયુક્ત એવી માયા.

o સૂક્ષ્મ કે બાદર કોઈ પણ શલ્ય હોય, તો તેનો તત્કાળ અને જલદી ઉદ્ધાર કરવો જોઈએ. તે વિશે શ્રી મહાશિનીથ સૂત્રમાં જોવું.

o ક્ષણવાર પણ શલ્ય સહિત ન રહેવું જોઈએ.

જેમ નાના સાપોલીયાની ઉપેક્ષા પણ ઝેર ફેલાવી શકે છે.

જેમ નાનો અગ્નિનો કણીયો પણ જો બુઝાવવામાં ન આવે તો થોડીવારમાં ભડકો થઈ નગરને પણ બાળી દેવા સમર્થ છે.

–અલ્પ પણ વ્યાધિ સમગ્ર શરીરને રોગાતંકમય કરી શકે છે.

એ પ્રમાણે નાનું પણ શલ્ય જો સેવ્યું હોય અને તેનો તત્કાળ ઉદ્ધાર ન કરેલ હોય તો કરોડો ભવ ભવાંતરમાં

સંતાપનું સ્થાન બને છે.

ગુરુ ગૌતમસ્વામી ભગવંતને પૂછે છે કે –

ભગવન્ ! આ જે પાપશલ્ય છે, તે ઉદ્ધરવા અત્યંત મુશ્કેલ છે, સુદુરુદ્ધર છે.

કેમ કે ઘણા લોકો એવા છે કે – પોતાના ધારેલા ઘોર તપથી પોતે શલ્યને ઉદ્ધર્યું માનતા હોવા છતાં જાણી શકતા નથી કે હજું શલ્ય ઉદ્ધરાયું છે કે નથી.

અર્થાત્ પોતે શલ્ય સેવન કર્યા પછી પોતાની કલ્પના વડે તેનું પ્રાયશ્ચિત્ત કરી લે. અથવા –

તેનું જે પ્રાયશ્ચિત્ત હોય તેનાથી દશગણુ પ્રાયશ્ચિત્ત કરે.

પરંતુ આ પ્રમાણે વાસ્તવિક રીતે શલ્યોદ્ધાર થતો નથી. કેમ કે તેણે વિધિપૂર્વક ગુરુ સમક્ષ પ્રગટ કરેલ નથી. આ કારણે હે ભગવન્! તે શલ્યોદ્ધાર ઘણો દુષ્કર છે, તે કથન યોગ્ય છે?

હે ગૌતમ! જે શલ્ય ભવાંતરમાં સર્વે અંગોપાંગોને ભેદી નાંખે તેવા અત્યંત દુષ્કર પણ શબ્દનો ઉદ્ધાર કરવો હોય તો તેનો પણ માર્ગ કહેલો જ છે. શાસ્ત્રોક્ત માર્ગે તે શલ્યોદ્ધાર થઈ શકે છે – તે કેવી રીતે? કયો માર્ગ છે ?

**૦ શલ્યોદ્ધારનો ઉપાય –**

સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યગ્ચારિત્ર. આ ત્રણેનું એકીકરણ તે શલ્યના ઉદ્ધરણનો ઉપાય છે.

૦ દૃષ્ટાંત દ્વારા આ વાતને સમજાવતા કહે છે – જેમ કોઈ ક્ષત્રિય યોદ્ધો હોય, તે લડાઈમાં જાય, લડાઈ જીતી જાય, પરંતુ લડાઈમાં તીક્ષ્ણ બાણોના ઘા વાગ્યા હોય. તેમાં કોઈ કોઈ બાણ ઝેરી પણ હોય, તેના શલ્યો શરીરમાં ગૂઢ બની ગયા હોય. વળી, કેટલાંક શલ્યો છૂપાઈ ગયા હોય, કેટલાક બહાર દેખાતા હોય, ત્યારે કેટલાક શલ્યો હાડકામાં પ્રવેશી ગયા હોય, કેટલાક શલ્યો શરીરના છેક અંદરના ભાગમાં પ્રવેશી ગયેલા પણ હોય, તેવું બની શકે છે.

તે ક્ષત્રિય છે, જીતેલો પણ છે, પરંતુ અંદરના શલ્યોનું શું ?

તે પ્રમાણે સાધુ સંસાર ઉપર વિજય મેળવી લે. પરંતુ જે શલ્યો અંદર પ્રવેશી ગયા છે, તેનું શું? દૃષ્ટાંતમાંના ક્ષત્રિયને જે શલ્યો બહાર છે, તે શલ્ય તરીકેની ગરજ સારતા નથી. પણ જે અંદર છે, તેનો નિર્મૂળ ઉદ્ધાર કરવો પડે છે. તેવી જ રીતે સાધુને શલ્યોદ્ધાર કરવા માટે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રને એકમેક કરતાં શલ્યોદ્ધાર થાય.

નિષ્કર્ષ – શલ્ય એટલે છૂપાવેલ પાપકર્મ. જેનું પ્રાયશ્ચિત્ત લેવાનું મન થતું નથી અથવા માત્ર બચાવ કરતો સાધુ કહે કે – "આમાં કંઈ વિશેષ પાપ જેવું છે નહીં."

સામાન્યથી કષાયો અને સંજ્ઞાઓ, તેની લાગણીઓ, વિષયોનો પક્ષપાત વગેરે જે હૃદયમાં ઘર કરી ગયા હોય છે, તેનાથી કેટલાકનો મન બગાડવાનો સ્વભાવ હોય છે. કેટલાકની વૃત્તિઓ જ પાપી રહ્યા કરતી હોય છે. જે ત્યાગ અને વૈરાગ્યની વૃત્તિ સાધુમાં રહેવી જોઈએ, તે રહેતી નથી. આ બધા શલ્યો આત્મ સ્વભાવમાં ઘર કરી ગયા છે, તેનો ઉદ્ધાર કરવાનો છે, તે શલ્યોદ્ધારનો ભગવંતે એક. ઉપાય બતાવેલ છે, તે છે – સમ્યગ્ એવા દર્શન, જ્ઞાન, ચારિત્રને એકીભૂત કરી દેવા.

**૦ શલ્ય એટલે શું ?**

પ્રચ્છન્ન પાપોની વિધિપૂર્વક આલોચના, પ્રાયશ્ચિત્ત ન કરવું તે. તેવું જ બીજું મહાશલ્ય આપણી સ્વભાવગત બની ચૂકેલી કેટલીક મોટી ભાવનાઓ, પાપવૃત્તિઓ અને અન્યતમ કષાયો છે. જેમ કે –

પ્રત્યેક વાતમાં કંઈક વાંકુ પડવું. કોઈક પણ સારી વસ્તુ જોઈ કે તેમાં લોભાઈ જવું. જેમાં કંઈ જ લેવા-દેવાનું ન હોય, તો પણ સહેજે આકર્ષાઈ જાય. આવા જે કોઈ પણ શલ્યો છે, તેનો ઉદ્ધાર કરવાનો છે, તેના માટે સમ્યગ્ દર્શન-જ્ઞાન-ચારિત્રનું એકીકરણ જોઈએ.

૦ મદના આઠ સ્થાનો પણ શલ્યને કોઈને કોઈ રીતે આત્મામાં સુરક્ષિત રાખે છે, પણ શલ્યોદ્ધાર થવા દેતા નથી.

**૦ મદના આઠ સ્થાનો કયા છે ? તે કઈ રીતે શલ્યરૂપ બને છે?**

મદના આઠ સ્થાનો તે ૧. કુળ, ૨. જાતિ, ૩. રૂપ, ૪. બળ, ૫. લાભ, ૬. તપ, ૭. ઐશ્વર્ય અને ૮. જ્ઞાન એ સુપ્રસિદ્ધ છે.

અહીં આ આઠ સ્થાનો વડે શલ્ય કઈ રીતે પ્રવેશે તે જણાવે છે –

**૧, ૨. કુળમદ અને જાતિમદ** – આત્મા વિચારે કે લોકો મને ઉચ્ચ જાતિમાં અને ઉચ્ચ કુળમાં જન્મેલા તરીકે જાણે છે, ઓળખાવે છે અને જો હું મારા આ ગુપ્ત પાપકાર્યોને જાહેર કરી દઈશ, તો લોકો મારા વિશે શું ધારશે ? અરેરે ! ઉચ્ચકુળ અને ઉચ્ચ જાતિમાં જન્મેલો અને આવો પાપી ?

**૩. રૂપમદ** – પોતાના રૂપનો મદ હોય, તેથી મનમાં આવું શલ્ય રહે કે – આલોચના કરીશ તો શક્ય છે કે મને પ્રાયશ્ચિત્તમાં ઘણા આયંબિલ, નીપિ વગેરે આપશે. તે આયંબિલાદિ કરવાથી મારું આવુ સુંદર રૂપ છે તે ક્યાંક ખરાબ કે કુરુપપણે પરિણમશે.

**૪. બળમદ** – પોતાના બળનો મદ કરતો સાધુ હોય, તો મનમાં એવું શલ્ય રાખશે કે – "જો તને છ માસી તપ રૂપ પ્રાયશ્ચિત્ત આવશે તો મારું શરીર સૂકાઈ જશે અને આ બધું બળ ખતમ થઈ જશે."

**૫. લાભમદ** – જો કોઈ સાધુને લાભાંતરાયનો ઘણો જ ક્ષયોપશમ થયેલો હોય, જ્યાં જાય ત્યાં જે જોઈએ તે મળી રહેતું હોય ત્યારે તેને એવો મદ થશે કે – જુઓ, મારા લીધે આ સમુદાય સુખેથી નભે છે. હું આવો લબ્ધિવાન્ છું. જો હવે હું આલોચના કરું અને મારા પ્રચ્છન્ન પાપો–દોષોને જાહેર કરીશ તો લોકો મારા વિશે શું ધારશે?

**૬. તપમદ** – તપસ્વી હોય, પોતે તપસ્વી છે તેવા અભિમાનમાં રાચતો હોય, ત્યારે તે એવું વિચારશે કે મારે તો તપથી જ શુદ્ધિ છે. મારે વળી આલોચના કે પ્રાયશ્ચિત્તની શી જરૂર છે?

**૭. ઐશ્વર્યમદ** – મારે આટલા શિષ્યો છે, આવો મારો ભક્તવર્ગ છે, આવી પુન્યાઈ છે, એવા પ્રકારના ઐશ્વર્યના અભિમાનમાં રાચતો સાધુ મનમાં શલ્યવાળો થશે કે હવે મારાથી આલોચના કરાય જ કેમ?

**૮. જ્ઞાનમદ** – જે જ્ઞાની છે, જ્ઞાનનું અભિમાન છે, તે તો એવું જ વિચારવાનો કે, મને તો ખબર જ છે કે કયા દોષનું શું પ્રાયશ્ચિત્ત આવે છે? હું મારી મેળે જ મારું પ્રાયશ્ચિત્ત કરી લઈશ.

આ પ્રમાણે આઠે પ્રકારના મદો અંતરને શુદ્ધ થવા દેતા નથી. વળી આ મદ મોટા સાધુને કે મહા સામર્થ્યવાળાને જ થાય છે તેવું પણ નથી. નાના સાધુને કે અલ્પ ઋદ્ધિવાનને પણ મદ થઈ શકે છે.

ક્યારેક શલ્યવાન આત્મા એવું પણ વિચારે છે કે – જો હું હવે આલોચના કરું અને કદાચ આલોચના દેનારની દૃષ્ટિમાં હું ખરાબ દેખાઈશ તો? પરંતુ આ માન્યતા ખોટી છે. કેમ કે ગીતાર્થ મહાપુરુષો તો સાગરની જેમ ગંભીર હૃદયી અને ખૂબ ઉદાત્ત હોય છે.

વળી સાધુ એવું પણ વિચારે કે – જો હું અંતરની મલીન વૃત્તિઓ, કષાય કે વિષયના આકર્ષણોની આલોચના ન કરું તો બીજાઓ મારા વિશે ધારી લેશે કે –

આ સાધુ નિરતિચાર ચારિત્ર પાળનાર છે. આવા ભ્રમમાં રાચતો તે શલ્યાંકિત થઈ આલોચના કરે. તો આ પણ ખોટી માન્યતા છે. કેમ કે આત્મોન્નતિ કોઈના પ્રમાણપત્રથી નહીં પણ આપણી નિર્મળતા અને શુદ્ધિને આધારે જ થાય છે.

જો શલ્ય રાખીને સાધુ આરાધના કરે તો કરોડો વર્ષોનો કરેલો તપ પણ નકામો થઈ જશે. માટે સંપૂર્ણપણે નિઃશલ્ય થઈ આલોચના કરવી. કશું જ ન છૂપાવી, અતિ લઘુરૂપ થઈ આલોચવું જોઈએ.

**૦ કેવળજ્ઞાન પામેલાની ભાવના ભાવે** – સાધુને ઉપદેશ આપતા અહીં ભગવંત કહે છે –જે ભાવોથી આલોચતા કેવળી થાય તેને સાંભળો.

૧. સંવેગથી આલોચના કરતા કરતા કેવલી થાય.

૨. હમણા જ હું ગુરુ ભગવંત પાસે જઈને મારું જ બધું દુષ્કૃત કહી દઉં. એમ વિચારીને એક ડગલું માંડતા કેવલી થાય.

૩. કોઈ ગુરુ ભગવંત પાસે જઈને મોં ખોલે ત્યાં જ કેવલી થાય.

૪. કોઈ ગુરુ મુખે પ્રાયશ્ચિત્ત સાંભળતા-સાંભળતા જ કેવલી થાય.

૫. કોઈ પ્રાયશ્ચિત્ત ગ્રહણ બાદ મહા વૈરાગ્યોર્મિ જાગતા અથવા
આલોચના પૂર્વેના ઉત્કૃષ્ટ વૈરાગ્યથી કેવલી બને.

૬. કેટલાક આલોચના કરીને પછી કેવલી થાય.

૭. કેટલાક – હું પાપાત્મા છું એટલો વિચાર કરતા કેવલી થાય. જેમ કે – ઝાંઝરીયા મુનિના ઘાતક રાજા કેવલી થયા.

૮. કેટલાકને થાય કે – "અરેરે ! હું જ્ઞાનીની આજ્ઞા વિરુદ્ધ ચાલ્યો." તેના પશ્ચાત્તાપમાં કેવલી થાય.

૯. હું સાવદ્ય યોગ જરા પણ નહીં સેવું, એમ વિચારતા કેવલી થાય.

૧૦. હું મારા તપ-સંયમ-વ્રતની રક્ષા કરું. એવું વિચારતા કેવલી.

૧૧. પોતાનાથી થયેલા પાતોની નિંદા-ગર્હા કરતા કેવલી થાય.

૧૨. કોટીપૂરક તપ વડે લગાતાર પ્રાયશ્ચિત્તને વહન કરું અને મારા શીલને સર્વથા રક્ષું – એમ વિચારી કેવલી થાય.

૧૩. શરીર અને વસ્ત્રાદિનું કંઈ જ પરિકર્મ ન કરું" એવી નિષ્પરિકર્મા બનીને ભાવનામાં આરૂઢ થતા કેવલી થાય.

૧૪. આહટ્ટ-દોહટ્ટથી પાપબંધ થાય, માટે મૌન રહું એવા પ્રકારની ભાવના ભાવતા કેવલી થાય.

૧૫. સંયમને દુરારાધ્ય જાણી, દીર્ઘકાળ પાળવાની તૈયારીના અભાવે અનશન કરી લઉં – એવી ભાવનાથી કેવલી થાય.

૧૬. સ્વ દુષ્કૃત્યો જોઈ – 'મારું શું થશે?' એવી નિત્ય આલોચના કરતા માત્ર નવકાર ગણતા કેવલી થાય છે.

૧૭. શલ્ય રહિત થયા પછી કેવલી બને.

૧૮. શલ્યોદ્ધાર કરતા-કરતા કેવલી બને.

૧૯. આવી શલ્યોદ્ધારની સામગ્રી મળતા પોતાની જાતને ધન્ય માનતો માત્ર અનુમોદનાથી કેવળી થાય.

૨૦. હવે સશલ્ય અવસ્થામાં રહેવું નથી, હું કેમ સંપૂર્ણ જ્ઞાનવાળો, ઉન્નતિવાળો અને દોષરહિત ન બનું? એમ વિચારતા કેવલી થાય.

૨૧. ગુરુ મુખે પ્રાયશ્ચિત્ત કથન સાંભળતો જ કેવલી થાય.

૨૨. અનિત્યભાવના ભાવતો કેવલી થાય.

૨૩. આલોચના, નિંદાદિ કરી, દુષ્કર પ્રાયશ્ચિત્તથી કેવલી થાય.

૨૪. પ્રાયશ્ચિત્ત ગ્રહણ કરી એક હાથ પાછો ફરે ત્યાં કેવલી થાય.

૨૫. પ્રાયશ્ચિત્ત લઈને આસને જાય ત્યાં કેવલી થાય.

૨૬. આઠ કવળનું પ્રાયશ્ચિત્ત કરતો કરતો કેવલી થાય.

૨૭. કેટલાકને દાણાનું પ્રાયશ્ચિત્ત આપે, તે સાંભળતા કેવલી થાય.

૨૮. પ્રાયશ્ચિત્ત વહનનો આરંભ કરે ત્યાં કેવલી થાય.

૨૯. પ્રાયશ્ચિત્ત વહન કરવામાં કાળમાં કેવલી થાય.

૩૦. પ્રાયશ્ચિત્ત સમાપ્તિ કરતા કેવલી થાય.

૩૧. સ્વશુદ્ધિ થતી નથી, કોઈ પ્રાયશ્ચિત્ત દાતા નથી, તેમ ભાવતા કેવલી.

૩૨. એકે પ્રાયશ્ચિત્ત વહ્યુ નથી, બીજો વહે છે ત્યાં કેવળી બને.

૩૩. આત્મા નિઃશલ્ય બને તેવું પ્રાયશ્ચિત્ત વહું તેમ ભાવતા કેવલી.

૩૪. તે-તે શલ્યોને હું રોકું એવી ભાવના કરતા કેવલી.

૩૫. હું કેવું પ્રાયશ્ચિત્ત કરું એવી ઉગ્ર ભાવનાથી કેવલી.

૩૬. જિનાજ્ઞા ભંગ કરતા પ્રાણત્યાગ સારો-વિચારતા કેવલી.

૩૭. શરીર તો બીજું મળશે, પણ બોધિ નહીં મળે - વિચારતા કેવલી.

૩૮. શરીર સમર્થ છે, તો પાપોને બાળી નાંખું - વિચારતા કેવલી.

૩૯. અનાદિ પાપમલને ધોઈ નાંખું - એમ વિચારતા કેવલી.

૪૦. પ્રમાદાચરણ નહીં જ કરું એમ વિચારતા કેવલી.

૪૧. દેહની ક્ષણિકતા વિચારતા કર્મનિર્જરાથી કેવલી થાય.

૪૨. શરીર ધારણ કરવાનો સાર-નિષ્કલંક સમય છે" એવી ભાવના ભાવતો-ભાવતો કેવલી થાય.

૪૩. મનથી પણ શીલને ન ખંડુ, ખંડિત થાય તો પ્રાણને ધારણ કરીશ નહીં - એ પ્રમાણે ભાવના ભાવતો કેવલી થાય.

અનાદિકાળમાં આવી રીતે અનંતા કેવલી થયા છે.

## મુનિ દીપરત્નસાગરે કરેલ પડિલેહણ દ્વાર-૬ નો-સટીક-સંક્ષેપ-પરિચય પૂર્ણ

## દ્વાર–૭ ' વિશુદ્ધિ'

૦ આલોચના દ્વાર કહીને હવે વિશુદ્ધિ દ્વાર કહે છે –

**મૂળ–૧૧૪૬ થી ૧૧૫૩**

ધીર પુરુષોએ, જ્ઞાની ભગવંતોએ શલ્યોદ્ધાર કરવાનું ફરમાવેલ છે, તે જાણીને સુવિહિત લોકો તેનું આચરણ કરીને પોતાના આત્માની શુદ્ધિ કરે છે. આવી શુદ્ધિ બે ભેદે છે – ૧. દ્રવ્યથી, ૨. ભાવથી.

**૧. દ્રવ્યશુદ્ધિ** – વસ્ત્ર આદિને ચોખ્ખા કરવા તે.

**૨. ભાવશુદ્ધિ** – મૂલ ગુણ અને ઉત્તર ગુણોમાં જે દોષો લાગ્યા હોય તેની આલોચના પ્રાયશ્ચિત્ત દ્વારા શુદ્ધિ કરવી.

જાતિ, કુળ, બળ, રૂપાદિ છત્રીશ ગુણોથી યુક્ત એવા આચાર્યને પણ શુદ્ધિ કરવાનો અવસર આવે તો બીજાની સાક્ષીએ કરવી જોઈએ.

જેમ હોશિયાર વૈદ્યને પણ પોતાની જાત માટેની ચિકિત્સા કરવી હોય તો બીજા પાસે લેવી પડે છે. અર્થાત્ બીજો વૈદ્ય તપાસીને તેને રોગ નીવારવા માટેની ચિકિત્સા આરંભે છે.

આ પ્રમાણે પોતે પ્રાયશ્ચિત્તની વિધિ જાણતા હોય તો પણ અવશ્ય બીજાની પાસે આલોચના કરી શુદ્ધિ કરવી જોઈએ.

જો આવા ગુણવાન આચાર્યને પણ બીજા સમક્ષ આલોચના કરવી આવશ્યક છે, તો પછી સામાન્ય સાધુની તો વાત જ શું કરવી ?

તેથી સર્વ કોઈએ ગુરુ સમક્ષ વિનયપૂર્વક અંજલિ જોડીને પોતપોતાના આત્માની શુદ્ધિ કરવી જોઈએ.

શુદ્ધિ માટેનું સારભૂત કથન કરતા કહે છે કે –

જેમણે આત્માનો સર્વ રજ્ઞાલ દૂર કરેલો છે તેવા શ્રી જિનેશ્વર ભગવંતના શાસનમાં ફરમાવેલ છે કે –

જે આત્મા સશલ્ય છે, તેની શુદ્ધિ થતી નથી.

સર્વે શલ્યોનો જે ઉદ્ધાર કરે છે, તે જ આત્મા શુદ્ધ બને છે.

૦ દોષો લાગવાના કારણો બતાવે છે –

આત્માને સહસા, અજ્ઞાનતા આદિ આઠ કારણો અત્રે બતાવેલ છે. જેનાથી દોષો લાગતા હોય છે, તે આ પ્રમાણે–

**૧. સહસા** – પગલું જોઈને ઉપાડ્યું, ત્યાં સુધી નીચે કંઈ ન હતું. પણ પગ મૂકતા જ નીચે કોઈ જીવ આવી જાય ઇત્યાદિ કારણે.

**૨. અજ્ઞાનતાથી** – લાકડા ઉપર નિગોદ આદિ હોય, પણ તેનું જ્ઞાન ન હોવાથી તેને લૂંછી નાંખે.

**૩. ભયથી** – જૂઠું બોલે કે, પ્રશ્નનો જૂઠો ઉત્તર આપે.

**૪. બીજાની પ્રેરણાથી** – બીજાએ કંઈક માયાપૂર્વક જુઠું જ સમજાવેલ હોય અને તે મુજબ માનીને અકાર્ય કરે.

**૫. સંકટમાં** – વિહાર આદિમાં ભૂખ કે તરસ લાગી હોય, ત્યારે આહારાદિની શુદ્ધિ ન તપાસીને વાપરી લે.

**૬. રોગપીડામાં** – આધાકર્મી આદિ વાપરી લે.

**૭. મૂઢતાથી** – મૂઢતાને લીધે ખ્યાલ ન રહેવાથી દોષ સેવે.

**૮. રાગદ્વેષથી** – રાગ કે દ્વેષને કારણે દોષ સેવે કે લાગે.

૦ હવે આલોચના કઈ રીતે કરવી ? તે જણાવે છે –

## મૂળ-૧૧૫૪ થી ૧૧૫૬

સાધુ ગુરુ પાસે જઈને વિનયપૂર્વક બે હાથ જોડીને જે રીતે દોષો થયા હોય, તે બધા દોષો શલ્યરહિત થઈને, જેમ નાનું બાળક પોતાની માતા પાસે જેવું હોય તેવું બધું સરળ રીતે બોલી જાય છે, તે પ્રમાણે ગુરુની સમીપે જઈને માયા અને મદથી રહિત થયેલો સાધુ પોતાના દોષો જણાવી પોતાની આત્મશુદ્ધિ કરે.

હે જીવ ! જો તું સ્પષ્ટપણે તારા પાપ કાર્યો ગુરુ સમીપે જઈને પ્રગટ કરીશ, તો તારો નિશ્ચે ઉદ્ધાર થશે. અરે ! માત્ર 'હું કહેવા જઉં છું' એવી અવસ્થામાં પણ ઘણા પાપ તો ખત્મ થઈ જાય છે. તથા પાપનું પ્રગટીકરણ કરીશ કે, જેથી ગુરુ મહારાજની કૃપા તારી ઉપર ઉતરશે અને તારું નક્કર સ્થાન તે પૂજ્ય ભગવંતના હૃદયમાં નિશ્ચિત થશે તો હે મુમુક્ષુ ! તેના જેવો મોટો લાભ બીજો કયો થશે ?

અવસરે ગુરુજી એવી સારણા-વારણા આદિ કરશે કે જેનાથી હે સાધો! તારું જીવન ધન્ય બની જશે.

પણ આ બધું ક્યારે બની શકે ? જો હૃદય તદ્દન સ્પષ્ટ, શુદ્ધ અને સાફ કરેલું હોય તો, ગુરુની ભવ્ય પ્રેરણાથી બને

શલ્યોદ્ધાર કર્યા પછી માર્ગજ્ઞ આચાર્ય ભગવંત જે પ્રાયશ્ચિત્ત આપે, તે પ્રાયશ્ચિત્તને વિધિપૂર્વક પૂર્ણ કરી આપવું જોઈએ. જેથી અનવસ્થાને પ્રસંગ ન આવે.

અનવસ્થા એટલે અકાર્યની આલોચના ન કરે અથવા આલોચના લઈને તેને પૂર્ણ ન કરે.

આવા અનવસ્થા કરવાથી બીજા સાધુને થશે કે – પ્રાણી હિંસા આદિમાં કંઈ પ્રાયશ્ચિત્ત આવતું નથી, તેથી પ્રાણી હિંસા આદિ કરવામાં કોઈ દોષ લાગતો નથી. પરિણામે બીજા સાધુ પણ પાપકાર્ય કરતા થઈ જશે. તેથી અનવસ્થા ન થાય તે માટે સાધુએ પ્રાયશ્ચિત્ત આચરવું જોઈએ.

૦ હવે આત્મશુદ્ધિ ન કરવાથી થતા નુકસાનને જણાવે છે –

## મૂળ-૧૧૫૭ થી ૧૧૬૧

શસ્ત્ર કે વિષ જે નુકસાન કરતા નથી,
દુષ્ટપ્રયુક્ત વૈતાલ પણ પ્રતિકૂળ થઈને જે દુઃખ આપતો નથી,
ઊલટું ચાલેલું યંત્ર પણ જે નુકસાન કરતું નથી.
ક્રોધાયમાન સર્પ પણ જે કરી શકતો નથી,
તેનાથી અનેકગણું દુઃખ શલ્યનો ઉદ્ધાર ન કરવાથી થાય છે.

શસ્ત્ર આદિના દુઃખથી વધુમાં વધુ એક ભવનું જ મરણ અથવા કષ્ટ આપે છે, પણ શલ્ય ન ઉદ્ધરેલ આત્માને દુર્લભ બોધિત્વ અને અનંત સંસારીપણા રૂપ ભયંકર નુકસાન થાય છે.

તેથી સાધુએ સર્વે અકાર્યોની આલોચના કરી આત્મશુદ્ધિ કરવી.

ગારવરહિતપણે આલોચના કરવાથી મુનિ ભવ-સંસારરૂપ લતાના મૂલને છેદી નાંખે છે. તથા માયાદિ શલ્યોને દૂર કરે છે.

જેમ માથે ભાર ઉપાડેલો મજૂર, ભાર મૂકવાથી હળવો થાય છે, તેમ સાધુ શલ્યરહિત પાપોની આલોચના, નિંદા, ગર્હા ગુરુ સન્મુખ કરવાથી કર્મરૂપી ભારથી હળવો થાય છે.

સર્વશલ્યથી શુદ્ધ બનેલો સાધુ ભક્તપ્રત્યાખ્યાન અનશનમાં અત્યંત ઉપયોગવાળો થઈ મારણાંતિક આરાધનો કરતો રાધાવેધને સાધે છે. અર્થાત્ સમાધિપૂર્વક કાળ કરી ઉત્તમાર્થને સાધે છે.

**૦ ઉપસંહાર** – કરતા હવે જણાવે છે કે,

**મૂળ–૧૧૬૨ થી ૧૧૬૪**

આરાધનામાં તત્પર સાધુ સારી રીતે આરાધના કરી, સમાધિપૂર્વક કાળ કરે તો અવશ્ય ત્રીજા ભવે મોક્ષને પામે છે.

શંકા. સર્વવિરતિ સામાયિક પ્રાપ્ત આત્મા ઉત્કૃષ્ટથી આઠમા ભવે અને જઘન્યથી તે જ ભવે મોક્ષ પામે છે એમ કહેલું છે, તમે ત્રીજા ભવે મોક્ષને પામે તેમ કહો છો ? તો તત્ત્વ શું છે ?

સમાધાન. જઘન્યથી તે જ ભવે અને ઉત્કૃષ્ટથી આઠમા ભવે મોક્ષ પામે.

આ વચન વજ્રઋષભનારાચ સંઘયણને આશ્રીને કહેલું છે. અહીં જે 'ત્રીજે ભવે મોક્ષ પામે' તેમ કહ્યું તે છેલ્લા સંઘયણવાળાને આશ્રીને છે.

છેલ્લા સંઘયણવાળો પણ અતિશય આરાધનાના બળથી ત્રીજે ભવે અવશ્ય મોક્ષ પામનારો થાય છે.

ચરણકરણમાં આયુક્ત સાધુ, આ પ્રમાણે સામાચારીનું પાલન કરતા અનેક ભવમાં સંચિત કરેલા અનંતા કર્મોને ખપાવે છે.

## મુનિ દીપરત્નસાગરે કરેલ પડિલેહણ દ્વાર-૭ નો-સટીક-સંક્ષેપ-પરિચય પૂર્ણ

## મુનિ દીપરત્નસાગરે કરેલ
## ઓઘનિર્યુક્તિ સટીક સંક્ષેપ પરિચય પૂર્ણ

| | | | |
|---|---|---|---|
| મુનિશ્રી દીપરત્નસાગરજીના પ્રકાશનો-4 [603+DVD] 1,36,000<br>આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો- 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070 | | | |
| [१] | **मूल आगम साहित्य**<br>મૂળ આગમ 3 પ્રકાશનોમાં 147 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 07850 પૃષ્ઠોમાં છે | 147 | 07850 |
| 1 | **आगम सुत्ताणि-मूलं** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 49 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 3510 છે | | |
| 2 | **आगम सुत्ताणि-मूलं** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 45 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2810 છે | | |
| 3 | **आगम सुत्ताणि-मंजूषा** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 53 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1530 છે | | |
| [२] | **आगम अनुवाद साहित्य**<br>આગમ ભાવાનુવાદ 5 પ્રકાશનોમાં165 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 20150 પૃષ્ઠોમાં છે | 165 | 20050 |
| 1 | **आगम सूत्र-गुजराती अनुवाद-मूळ** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 47 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 3400 છે | | |
| 2 | **आगम सूत्र-हिन्दी अनुवाद** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 47 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2800 છે | | |
| 3 | **आगम सूत्र-इंग्लिश अनुवाद** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 11 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 400 છે | | |
| 4 | **आगम सूत्र-गुजराती अनुवाद-सटीक** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 48 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 10340 છે | | |
| 5 | **आगम सूत्र-हिन्दी अनुवाद** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 12 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 3110 છે | | |
| [३] | **आगम विवेचन साहित्य**<br>આગમ વિવેચન 7 પ્રકાશનોમાં 171 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 60900 પૃષ્ઠોમાં છે | 171 | 60900 |
| 1 | **आगम सूत्र-सटीकं** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 46 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 13800 છે | | |
| 2 | **आगम मूलं एवं वृत्ति**-1 Net.<br>આ સંપુટમાં અમારા કુલ 51 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 17990 છે | | |
| 3 | **आगम मूलं एवं वृत्ति**-2 Net.<br>આ સંપુટમાં અમારા કુલ 9 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2560 છે | | |

| મુનિશ્રી દીપરત્નસાગરજીના પ્રકાશનો-4 [603+DVD] 1,36,000<br>આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો- 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070 | | | |
|---|---|---|---|
| 4 | **आगम चूर्णि साहित्य** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 9 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2670 છે | | |
| 5 | **सवृत्तिक आगम सूत्राणि**-1 Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 40 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 18460 છે | | |
| 6 | **सवृत्तिक आगम सूत्राणि**-2 Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 8 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2660 છે | | |
| 7 | **सचूर्णिक आगम सूत्राणि** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 8 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2760 છે | | |
| [૪] | **आगम कोष साहित्य**<br>આગમ કોષ સાહિત્ય 5 પ્રકાશનોમાં 16 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 5190 પૃષ્ઠોમાં છે | 16 | 05190 |
| 1 | **आगम सद्दकोसो** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2100 છે | | |
| 2 | **आगम नाम व कहा-कोसो** Printed.<br>આ સંપુટમાં અમારુ 1 પ્રકાશન છે, જેના કુલ પાના આશરે 210 છે | | |
| 3 | **आगम सागर कोष:** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1130 છે | | |
| 4 | **आगम शब्दादि संग्रह [प्रा० सं० गु०]** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1250 છે | | |
| 5 | **आगम बृहत् नाम कोष: [प्रा० सं० गु० नाम परिचय ]** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 500 છે | | |
| [૫] | **आगम अन्य साहित्य**<br>આગમ અન્ય સાહિત્ય 3 પ્રકાશનોમાં 9 પુસ્તકોમાં કુલ 1590 પૃષ્ઠોમાં છે | 10 | 03220 |
| 1 | **आगम कथानुयोग** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 6 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2170 છે | | |
| 2 | **आगम संबंधी साहित्य** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 870 છે | | |
| 3 | **ऋषिभाषित सूत्राणि** Printed.<br>આ સંપુટમાં અમારુ 1 પ્રકાશન છે, જેના કુલ પાના આશરે 80 છે | | |
| 4 | **आगमिय सूक्तावली** Printed.<br>આ સંપુટમાં અમારુ 1 પ્રકાશન છે, જેના કુલ પાના આશરે 100 છે | | |

મુનિશ્રી દીપરત્નસાગરજીના પ્રકાશનો-4 [603+DVD] 1,36,000
આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો- 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070

| | | | |
|---|---|---|---|
| [૬] | **आगम अनुक्रम साहित्य**<br>આગમઅનુક્રમસાહિત્ય 3 પ્રકાશનોમાં 9 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 1590 પૃષ્ઠોમાં છે | 9 | 01590 |
| 1 | **आगम विषयानुक्रम-मूल** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 730 છે | | |
| 2 | **आगम विषयानुक्रम-सटीक** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 430 છે | | |
| 3 | **आगम सूत्र-गाथा अनुक्रम** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 3 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 430 છે | | |
| [૭] | મુનિ દીપરત્નસાગર લિખિત "આગમ સિવાયનું અન્ય સાહિત્ય"<br>આગમેતર સાહિત્ય 12 પ્રકાશનોમાં 84 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 9270 પૃષ્ઠોમાં છે | 85 | 09270 |
| 1 | તત્ત્વાભ્યાસ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 13 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2090 છે | | |
| 2 | સૂત્રાભ્યાસ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 6 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1480 છે | | |
| 3 | વ્યાકરણ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1050 છે | | |
| 4 | વ્યાખ્યાન સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1220 છે | | |
| 5 | જિનભક્તિ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 9 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1190 છે | | |
| 6 | વિધિ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 300 છે | | |
| 7 | આરાધના સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 3 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 430 છે | | |
| 8 | પરિચય સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 220 છે | | |
| 9 | પૂજન સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 100 છે | | |

દીપરત્નસાગરજીના પ્રકાશનો–4 [603+DVD] 1,36,000
આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો– 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070

| | | | |
|---|---|---|---|
| 10 | તીર્થંકર સંક્ષિપ્ત દર્શન<br>આ સંપુટમાં અમારા કુલ 25 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 680 છે | | |
| 11 | પ્રકીર્ણ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 290 છે | | |
| 12 | દીપરત્નસાગરના લઘુશોધ નિબંધ<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 220 છે | | |

મુનિ દીપરત્નસાગરનું સાહિત્ય

| | |
|---|---|
| 1 | મુનિ દીપરત્નસાગરનું આગમ સાહિત્ય [કુલ પુસ્તક 518] તેના કુલ પાના [98,800] |
| 2 | મુનિ દીપરત્નસાગરનું અન્ય સાહિત્ય [કુલ પુસ્તક 85] તેના કુલ પાના [09,270] |
| 3 | મુનિ દીપરત્નસાગર સંકલિત 'તત્ત્વાર્થસૂત્ર'ની વિશિષ્ટ DVD તેના કુલ પાના [27,930] |

અમારા પ્રકાશનો કુલ ૬૦૩ + વિશિષ્ટ DVD કુલ પાના 1,36,000

અમારું બધું જ સાહિત્ય on-line પણ ઉપલબ્ધ છે અને 5 DVD માં પણ મળી શકે છે

વેબ સાઈટ:– 1. www.jainelibrary.org 2. deepratnasagar.in
ઈમેલ એડ્રેસ:– jainmunideepratnasagar@gmail.com મોબાઈલ 09825967397

સંપર્ક:– મુનિશ્રી દીપરત્નસાગરજી મહારાજ સાહેબ
"પાર્શ્વ વિહાર", જૈન દેરાસરજી, ફોરેસ્ટ રેસ્ટ હાઉસ સામે, કાલાવડ હાઈવે–ટચ
Post: - ઠેબા, Dis:–જામનગર, ગુજરાત, India. [Pin- 361120]

नमो नमो निम्मलदंसणस्स

बाल ब्रह्मचारी श्री नेमिनाथाय नम:

पूज्य आनन्द-क्षमा-ललित-सुशील-सुधर्मसागर-गुरूभ्यो नम:

આગમ- ૪૧/૨

# ઓઘનિર્યુક્તિ

## આગમસૂત્ર ગુજરાતી ભાવાનુવાદ

વેબ સાઈટ:- 1) www.jainelibrary.org 2) deepratnasagar.in

ઈમેલ એડ્રેસ:- jainmunideepratnasagar@gmail.com મોબાઇલ 09825967397